ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર

'ગુજરાત ટુડે'

દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY

(Daily)

AHMEDABAD ●●● SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૮૪.૮૮
પાઉન્ડ	૧૦૭.૪૫
યુરો	૮૯.૧૪
સઉદી રિયાલ	૨૨.૫૯
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૭૯,૪૦૫
ચાંદી (૧ કિલો)	૧,૦૦,૦૦૦

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

પાછલી સરકારોની ટીકા કરનારા વડાપ્રધાન, સીતારમણ પર ખડગેના આકરા પ્રહાર

'એક સમયે ત્રિરંગો, અશોક ચક્ર અને બંધારણને નફરત કરનારા હવે તેના પર પાઠ ભણાવે છે' : ખડગે

વડાપ્રધાન હવે સરમુખત્યાર બનવા માટે તૈયાર છે, બંધારણમાં માનનારા લોકો આ સિદ્ધાંતને અપનાવશે નહીં : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે રાજ્યસભામાં નાણામંત્રી નિર્મલા સીતારમણ પર કટાક્ષ કરતાં બંધારણની ચર્ચા દરમિયાન પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પરના તેમના હુમલાની ટીકા કરી હતી. સીતારમણના શૈક્ષણિક પૃષ્ઠભૂમિ પર પ્રકાશ પાડતા ખડગેએ ટિપ્પણી કરી કે તે પોતે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ)માંથી સ્નાતક હતા. ખડગેએ કટાક્ષ કર્યો કે, 'મેં મ્યુનિસિપાલિટી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો જ્યારે તેઓ જેએનયુમાં અભ્યાસ કરતા હતા. તેમનું અંગ્રેજી અને હિન્દી ઉત્તમ હોઈ શકે છે પરંતુ તેમના કાર્યો સારા નથી.' નાણામંત્રીએ ૧૯૫૧માં બંધારણીય સુધારા દ્વારા વાણી સ્વાતંત્ર્ય પર અંકુશ લગાવવા માટે નહેરૂ પર આરોપ મૂક્યા બાદ ખડગેનો સીતારમણ પ્રત્યેનો જવાબ આવ્યો હતો. ખડગેએ ભાજપ પર ગાંધી પરિવારનો અનાદર કરવાનો પણ આરોપ લગાવ્યો અને બંધારણીય મૂલ્યો પ્રત્યે પાર્ટીની પ્રતિબદ્ધતા પર સવાલ ઊઠાવ્યા. તેમણે કહ્યું કે, 'જેઓ એક સમયે ત્રિરંગો, અશોક ચક્ર અને બંધારણને નફરત કરતા હતા તેઓ હવે તેના

પર પાઠ આપી રહ્યા છે.'

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સોમવારે રાજ્યસભામાં પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની ટીકા કરી હતી અને તેમના પર વાણી સ્વાતંત્ર્ય દબાવવાનો આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન સીતારમણે કવિ અને ગીતકાર મજરૂહ સુલતાનપુરી અને અભિનેતા બલરાજ સાહનીની ધરપકડ, પુસ્તકો પર પ્રતિબંધ, કોંગ્રેસ અને તેના વારસાને નિશાન બનાવવા પર પ્રકાશ પાડ્યો હતો. સીતારમણે આરોપ લગાવ્યો હતો કે, ૧૯૫૧માં નહેરૂના નેતૃત્વ હેઠળ રજૂ કરાયેલ પ્રથમ બંધારણીય સુધારો વાણી સ્વાતંત્ર્યને દબાવવાનો હતો. તેમણે જણાવ્યું કે, 'મજરૂહ સુલતાનપુરી અને બલરાજ સાહનીને

દેશમાં બંધારણ અપનાવાયું ત્યારે તેને નફરત કરનારા લોકોએ બાબાસાહેબ આંબેડકર, જવાહરલાલ નહેરૂ, મહાત્મા ગાંધીના પૂતળા બાળ્યા હતા : કોંગ્રેસ નેતા

૧૯૪૯માં જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. સુલતાનપુરીએ મિલ કામદારોની સભામાં નહેરૂની ટીકા કરતી કવિતા વાંચી હતી અને માફી માંગવાનો ઇન્કાર કર્યા પછી તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.' ગાંધી પરિવાર પર પોતાના પ્રહાર ચાલુ રાખતા ભાજપ નેતાએ કોંગ્રેસ પર 'એક પરિવાર'ના હિતોને પૂર્ણ કરવા માટે બંધારણમાં સુધારો કરવાનો આરોપ લગાવ્યો હતો. ગયા અઠવાડિયે લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોંગ્રેસની તીખી ટીકા બાદ તેમની ટિપ્પણીઓ આવી હતી.

ખડગેએ ભાજપ પર પ્રહારો કર્યા :

'જે લોકો રાષ્ટ્રધ્વજને નફરત કરે છે, જે આપણા 'અશોક ચક્ર'ને નફરત કરે છે, જે લોકો બંધારણને નફરત કરે છે. આવા લોકો આપણને શીખવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે બંધારણ બનાવવામાં આવ્યું હતું ત્યારે આ લોકોએ તેને બાળી નાંખ્યું હતું. તેમણે રામલીલા મેદાન (દિલ્હીમાં) ખાતે બંધારણ અપનાવવામાં આવ્યું હતું તે દિવસે બાબાસાહેબ આંબેડકર, જવાહરલાલ નહેરૂ, મહાત્મા ગાંધીના પૂતળા બાળ્યા હતા.' ખડગેએ ઉમેર્યું કે, ભાજપ અને RSSએ ભારતના બંધારણનો વિરોધ કર્યો હતો કારણ કે, તે 'મનુસ્મૃતિ પર આધારિત ન હતું.' ખડગેએ દાવો કર્યો કે, 'RSSએ બંધારણનો વિરોધ કર્યો કારણ કે, તે મનુસ્મૃતિ પર આધારિત ન હતું. તેમણે ન તો બંધારણ સ્વીકાર્યું કે ન તો ત્રિરંગાને અપનાવ્યો. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ જ આરએસએસ મુખ્યાલય પર પહેલીવાર ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને તે પણ મજબૂરીમાં કરાયું.'

'પીએમ મોદી નંબર વન જૂઠા' :

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'નંબર વન જૂઠા' ગણાવતા કોંગ્રેસ પ્રમુખ ખડગેએ તેમના પર અધૂરા વચનો આપીને દેશને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. રાજ્યસભામાં બોલતા ખડગેએ કહ્યું, 'એવું કહેવામાં આવ્યું હતું કે, ૧૫ લાખ રૂપિયા આવશે, પરંતુ કંઈ આવ્યું નહીં. આ લોકો ખોટું બોલીને લોકોને છેતરી રહ્યા છે. વડાપ્રધાને બંધારણને મજબૂત બનાવવા માટે છેલ્લા ૧૧ વર્ષમાં તેમણે શું કર્યું છે તે સમજાવવું જોઈતું હતું.' ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીત અને બાંગ્લાદેશની મુક્તિની યાદમાં વિજય દિવસના પ્રસંગે ખડગેએ ભાજપને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી પાસેથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો. પાડોશી દેશમાં અશાંતિ વચ્ચે હિન્દુઓની દુર્દશાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, 'આજે બાંગ્લાદેશ મુક્તિ દિવસ છે. લોખંડી મહિલા ઇન્દિરા ગાંધીએ આપણા રાષ્ટ્રને બચાવ્યું હતું. કદાચ ભાજપના નેતાઓ બાંગ્લાદેશમાં લઘુમતીઓને મદદ કરવા માટે તેમની પાસેથી પ્રેરણા લઈ શકે છે.'

મસ્જિદમાં 'જય શ્રી રામ'ના નારા : કોઈ ચોક્કસ ધાર્મિક શબ્દ બોલવો કેટલો ગુનો છે ? સુપ્રીમ કોર્ટનો સવાલ

ન્યુઝ ગુ પોઈન્ટ

મંદિર હિન્દુ માટે ધાર્મિક સ્થળ છે અને ત્યાં કોઈ મુસ્લિમ દાખલ થઈ 'અલ્લાહુ અકબર' જોરથી બોલે એનો અર્થ એ મુસ્લિમ મંદિરના હિન્દુ શ્રદ્ધાળુઓને ઉશ્કેરવા પ્રયત્ન કરે છે એ જ દલીલ મસ્જિદમાં સ્લોગન અંગે લાગુ તો પડે કે નહીં ? વળી સી.સી.ટી.વી.માં રેકોર્ડ થયેલ હોય તો તપાસના તબક્કે ફરિયાદ રદ થાય ? ૨૦૦૨ ગુજરાતના કોમી રમખાણોમાં આશરે ૧૪૨ આરોપીઓને સજા થઈ કારણ કે સ્થાનિક આરોપીઓને સાહેદોએ ઓળખી બતાવેલ પરંતુ જો અન્ય જિલ્લાના આરોપીઓ ટ્રકમાં આવી ગુનો કરે તો સ્થાનિક લોકો ન ઓળખી શકે અને માટે જ સી.સી.ટી.વી.ના ફૂટેજની તપાસ થવી જરૂરી છે. શું આ 'ટ્રાયલનો વિષય' નથી ?

બેંચે વધુમાં પૂછ્યું કે, 'અંદર આવેલા લોકોને કોણે ઓળખ્યા ?'

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટે સોમવારે પૂછ્યું કે, 'જય શ્રી રામ'ના નારા લગાવવા એ કેવી રીતે ફોજદારી ગુનો છે. જસ્ટિસ પંકજ મિથલ અને સંદીપ મહેતાની બેન્ચે કર્ણાટક હાઈકોર્ટના મસ્જિદની અંદર 'જય શ્રી રામ'ના નારા લગાવવા બદલ બે વ્યક્તિઓ સામેની કાર્યવાહી રદ કરવાના આદેશને પડકારતી અરજીની સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું હતું. ફરિયાદી હૈધર અલી સીએમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બેન્ચે પૂછ્યું કે, 'તેઓ કોઈ ચોક્કસ ધાર્મિક શબ્દ બોલતા હતા કે નામ બોલતા હતા. તે કેવી રીતે ગુનો છે ?' સુપ્રીમ કોર્ટે ફરિયાદીને એ પણ પ્રશ્ન કર્યો કે જે લોકો કથિત રીતે મસ્જિદની અંદર આવ્યા હતા અને નારા લગાવ્યા હતા તેમને કેવી રીતે ઓળખ્યા ? આ અરજીમાં ૧૩ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટના આદેશને પડકારવામાં આવ્યો હતો જે કેસમાં બે વ્યક્તિઓ સામે ફોજદારી કાર્યવાહી રદ કરી હતી. બેંચે અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતને પૂછ્યું કે, 'તમે આ પ્રતિવાદીઓને કેવી રીતે ઓળખો છો ? તમે કહો છો કે તેઓ બધા સીસીટીવી હેઠળ છે.' બેંચે વધુમાં પૂછ્યું કે, 'અંદર આવેલા વ્યક્તિઓને કોણે ઓળખ્યા ?'

કામતે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે આ કેસમાં તપાસ અધૂરી હોવા છતાં કાર્યવાહી રદ કરી હતી. બેન્ચે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે, આરોપો આઈપીસીની કલમ ૫૦૩ અથવા કલમ ૪૪૭ના ઘટકોને સ્પર્શતા નથી. જ્યારે આઈપીસીની કલમ ૫૦૩ ગુનાહિત ધાકધમકી સાથે સંબંધિત છે ત્યારે કલમ ૪૪૭ ગુનાહિત અતિક્રમણ માટે સજા સાથે સંબંધિત છે. ફરિયાદનો ઉલ્લેખ કરતા કામતે કહ્યું કે, એફઆઈઆર ગુનાઓનો જ્ઞાનકોશ નથી. જ્યારે બેન્ચે પૂછ્યું, 'શું તમે મસ્જિદમાં પ્રવેશ કરનારા વાસ્તવિક વ્યક્તિઓને ઓળખી શક્યા છો ?' કામતે કહ્યું કે, રાજ્ય પોલીસે તેનો ખુલાસો કરવો જોઈએ. બેન્ચે અરજદારને અરજીની નકલ રાજ્યને આપવા કહ્યું અને જાન્યુઆરી ૨૦૨૫માં આ મામલો મોકૂફ રાખ્યો હતો. હાઈકોર્ટે તેના આદેશમાં કહ્યું, 'તે સમજી શકાય તેવું નથી કે જો કોઈ 'જય શ્રી રામ'ના નારા લગાવે છે તો તે કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીને કેવી રીતે ઠેસ પહોંચાડશે.' આ ઘટનામાં જાહેરમાં ગેરરીતિ કે કોઈપણ પ્રકારની હિંસા થઈ હોવાનો કોઈ આરોપ ન હોવાનું નોંધતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, 'ફરિયાદમાં જ જણાવાયું છે કે, ફરિયાદીએ એ પણ જોયું નથી કે ગુનાહિત ધાકધમકીનો ગુનો કોણે કર્યો છે જેમાં IPCની કલમ ૫૦૬નો સમાવેશ થાય છે.' મસ્જિદમાં ઘૂસીને ધાર્મિક સૂત્રોચ્ચાર કરનારા બે વ્યક્તિઓ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર હાઈકોર્ટનો આદેશ આપવામાં આવ્યો હતો જેમાં એફઆઈઆર રદ કરવા અને કેસમાં તેમની સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આ ઘટના ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બની હતી અને પુટ્ટુર સર્કલમાં કડબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે, કેટલાક અજાણ્યા વ્યક્તિઓ મસ્જિદમાં ઘૂસી ગયા હતા અને 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા અને ત્યારબાદ ધમકીઓ પણ આપવામાં આવી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, 'આ પ્રકારના ગુનામાં કોઈ તથ્યો ન મળવાથી આ અરજદારો સામે આગળની કાર્યવાહીને મંજૂરી આપવી એ કાયદાની પ્રક્રિયાનો દુરૂપયોગ બનશે અને ન્યાયનું ઉલ્લંઘન થશે.'

કેયા બાત હૈ ?!

ના ના અમે આવા બનાવોનું કવરેજ નહીં કરવા દઈએ ! અમારા ગામની બદનામી થાય !

- જામી

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો; સજ્જનકુમાર સામેના હત્યાના કેસમાં આઠમી જાન્યુઆરીના રોજ ચુકાદો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

૧૯૮૪માં શીખ વિરોધી રમખાણો દરમિયાન દિલ્હીના સરસ્વતી વિહાર વિસ્તારમાં બે વ્યક્તિઓની હત્યાના આરોપસર કોંગ્રેસના પૂર્વ નેતા અને પૂર્વ સાંસદ સજ્જનકુમાર સામે થયેલા કેસનો ચુકાદો દિલ્હીની અદાલત આઠમી જાન્યુઆરીના રોજ જાહેર કરશે. સોમવારે સ્પેશિયલ જજ કાવેરી બાવેજા ચુકાદો જાહેર કરવાના હતા પરંતુ એમણે આવતા વર્ષની આઠમી જાન્યુઆરી પર ચુકાદો આપવાનું મુલતવી રાખ્યું હતું. કોંગ્રેસ નેતા સજ્જનકુમાર અત્યારે રમખાણોના એક બીજા કેસમાં તિહાર જેલમાં છે. આજે વિડીયો કોન્ફરન્સથી એમને ખાસ જેલ સમક્ષ હાજર રાખવામાં આવ્યા હતા. પહેલી નવેમ્બર ૧૯૮૪ના રોજ જશવંતસિંઘ અને તેમના પુત્ર તરુણદીપસિંહની હત્યાના કેસમાં સજ્જનકુમાર આરોપી છે અને આજે ચુકાદો આવવાનો હતો પરંતુ ખાસ જજ બાવેજાએ આજે મુલતવી રાખ્યો હતો. આ કેસમાં ૨૦૨૧માં કોંગ્રેસ નેતા સામે ચાર્જશીટ મૂકવામાં આવ્યું હતું અને નેતા સામે પ્રથમદર્શિય કેસ હોવાનું અદાલતે માન્યું હતું. ફરિયાદ પક્ષની વિગતો મુજબ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા થઈ તેનો બદલો લેવા માટે શીખો વિરોધી રમખાણો શરૂ થઈ ગયા હતા અને મોટાભાગે લૂંટફાટ થઈ હતી. આગજની થઈ હતી અને માલમિલકતોને નુકસાન કરવામાં આવ્યું હતું અને અનેક હત્યાઓ પણ થઈ હતી. હાથમાં હથિયારો લઈને ટોળાં નીકળી પડ્યા હતા. એ સમયે એક ટોળાએ જેની આગેવાની સજ્જનકુમારે લીધી હતી. એ ટોળાએ જશવંતસિંહ અને એમના પુત્રની હત્યા કરી નાખી હતી અને એમના મકાનને આગ લગાડી દીધી હતી અને ચીજવસ્તુઓ લૂંટી લીધી હતી. આ કેસમાં જશવંતસિંગની પત્નીએ જુબાની આપી હતી. ૭૮ વર્ષના સજ્જનકુમાર ૩૧ ડિસેમ્બર ૨૦૧૮થી જેલમાં છે. એમને બીજા એક કેસમાં દિલ્હીની હાઈકોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. દિલ્હીની પાલમ કોલોની વિસ્તારમાં પાંચ શીખોની હત્યાના કેસમાં એમને આજીવન સજા થઈ છે. સુપ્રીમ કોર્ટે પણ એમને જામીન આપ્યા નથી.

નહેરૂ અંગે PM જૂઠ્ઠું બોલ્યા, મોદી માફી માંગે : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર જૂઠ્ઠું બોલવાનો આરોપ લગાવતાં દાવો કર્યો કે, પીએમ મોદીએ નહેરૂ પર તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા અને ખોટા દાવા કર્યા છે. તેમણે કહ્યું કે, નહેરૂએ રાજ્યોને લખેલા પત્રોને ખોટી રીતે રજૂ કરીને ગેરમાર્ગે દોરવા માટે પીએમ મોદીએ લોકો પાસે માફી માંગવી જોઈએ. સોમવારે રાજ્યસભામાં ખડગેએ વડાપ્રધાન મોદી પર જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવીને તેમની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન ભૂતકાળમાં જીવી રહ્યા છે અને સલાહ આપી કે મોદી માટે વર્તમાન સિદ્ધિઓ વિશે વાત કરવી વધુ ફાયદાકારક હોત. ખડગેએ નાગરિકો સાથે છેતરપિંડી કરવા માટે ખોટા નિવેદન આપવા બદલ ભાજપની ટીકા કરી હતી.

શનિવારે લોકસભામાં ચર્ચામાં વડાપ્રધાને પોતાની સરકારના બંધારણીય સુધારાઓનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, તેમનો ઉદ્દેશ્ય કોંગ્રેસ પાર્ટી દ્વારા કરાયેલા સંશોધનોથી વિપરિત સત્તાને મજબૂત કરવું નથી. તેમના નિવેદનથી વિપક્ષે હંગામો કર્યો હતો. તેમણે ઈન્દિરા ગાંધી શાસનમાં ઈમરજન્સીના કાળા અધ્યાયને ટાંકયા ત્યારે વિપક્ષે હોબાળો કર્યો હતો. નહેરૂના કાર્યકાળમાં કરાયેલા પ્રથમ સંશોધનને લઈને પણ સવાલ ઊભા કર્યા હતા અને આરોપ લગાવ્યો કે, તેમણે સત્તાને મજબૂત કરવા આમ કર્યું હતું. મલ્લિકાર્જુન ખડગેએ તેમના દાવાઓને તબક્કાવાર ફગાવ્યા હતા.

નરેન્દ્ર મોદીનું પ્રથમ જૂઠ : વર્ષ ૧૯૪૭થી ૧૯૫૨ વચ્ચે કોઈ ચૂંટાયેલી સરકાર ન હતી અને અને ગેરકાયદે સંશોધન લવાતા હતા.

સત્ય : પીએમ મોદી નહેરૂજી વિરૂદ્ધ નફરતમાં એટલા ડૂબી ગયા છે કે, તેમણે બંધારણ સભા, વચગાળાની સરકાર અને વચગાળાની સંસદ પર સવાલ ઊભા કર્યા જ્યારે આ તમામમાં શ્યામા પ્રસાદ મુખરજી પણ સામેલ હતા.

નરેન્દ્ર મોદીનું બીજું જૂઠ : ૧૯૫૧માં જ્યારે ચૂંટાયેલી સરકાર ન હતી ત્યારે નહેરૂજીએ વટહુકમ લાવીને સંવિધાન બદલ્યું.

સત્ય : બંધારણનું પ્રથમ સંશોધન પ્રોવિઝનલ પાર્લામેન્ટે કહ્યું હતું. પ્રોવિઝનલ પાર્લામેન્ટના સભ્ય બંધારણ સભાના સભ્ય હતા જેમાં શ્યામા પ્રસાદ મુખરજી સામેલ હતા.

નરેન્દ્ર મોદીનું ત્રીજું જૂઠ : સરદાર વલ્લભભાઈ પટેલના સ્થાને પંડિત જવાહરલાલ નહેરૂ પોતે વડાપ્રધાન બની ગયા.

સત્ય : ૧૯૪૬ની કેબિનેટ મિશન પ્લાન અંતર્ગત કોંગ્રેસે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નહેરૂજીને વાઈસ પ્રેસિડેન્ટ બનાવ્યા હતા. તેથી ૧૯૪૭માં વચગાળાની સરકારનું નેતૃત્વ કર્યું હતું. દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી ૧૯૫૧-૫૨ થઈ હતી. જે બાદ નહેરૂજી વડાપ્રધાન બન્યા ત્યારે સરકાર પટેલે આ દુનિયાથી વિદાય લઈ લીધી હતી.

રાજસ્થાન : અંગ પ્રત્યારોપણ માટે હેલિકોપ્ટરનો પ્રથમ ઉપયોગ, યુવકે ત્રણ જીવ બચાવવા આઠ અંગોનું દાન કર્યું

(એજન્સી) જયપુર, તા.૧૬

રાજસ્થાનમાં અંગ પ્રત્યારોપણ માટે સૌપ્રથમ હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને બ્રેઈન-ડેડ યુવકના આઠ અંગોએ ત્રણ જીવ બચાવ્યા હતા. ત્રણ કલાકમાં હેલિકોપ્ટર હૃદય, કિડની અને લિવરને ઝાલાવાડથી જયપુર અને જોધપુર પહોંચાડ્યું. શરીરના અંગો સુરક્ષિત રહે તેની ખાતરી કરવા માટે, હેલિકોપ્ટરને જયપુરની એસએમએસ હોસ્પિટલ અને જોધપુર એઈમ્સની એક કિલોમીટરની ત્રિજ્યામાં લેન્ડ કરવામાં આવ્યું હતું. ૧૦ ડિસેમ્બરના અહેવાલો મુજબ, ઝાલાવાડના યુવક વિષ્ણુ (૩૩)ને ઝાલાવાડની એસઆરજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. વિષ્ણુને ઝઘડો થયો અને માથામાં ઈજા થઈ. ઓપરેશન પછી પણ ૧૩ ડિસેમ્બરે તે બ્રેઈન-ડેડ થઈ ગયો હતો. તેની હાલત જોઈને પરિવારના સભ્યોએ અંગ ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી આપી હતી. ઝાલાવાડ મેડિકલ કોલેજમાં ૧૩ અને ૧૪ ડિસેમ્બરના રોજ ઓપરેશન કરીને વિષ્ણુની કિડની, હૃદય, લીવર અને ફેફસાં કાઢી નાખવામાં આવ્યા હતા.૧૫ ડિસેમ્બર, રવિવારની સવારે ૧૦:૩૦ કલાકે હેલિકોપ્ટર દ્વારા ઝાલાવાડથી મૃતદેહોને જયપુર લઈ જવામાં આવ્યા હતા. બંને અંગોને એક જ હેલિકોપ્ટર દ્વારા બપોરે ૧:૩૦ વાગ્યે જોધપુર એઈમ્સમાં એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. જયપુરમાં બે દર્દી અને જોધપુરમાં એક દર્દીના અંગ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા. યુવાનના અંગ દાનમાં લીવર, હૃદય અને કિડની, ફેફસાં અને કોર્નિયાનો સમાવેશ થાય છે. અંગદાન પ્રક્રિયા સાથે સંકળાયેલા યુરોલોજિસ્ટ ડૉ. વિશાલ નૈનવાલે જણાવ્યું હતું કે આંખોના કોર્નિયાને શાઈન ઈન્ડિયા કોટા મોકલવામાં આવ્યા હતા અને એક કિડની અને લીવર જોધપુર મોકલવામાં આવ્યા હતા જ્યારે ફેફસાં, એક કિડની અને હૃદયને જયપુર મોકલવામાં આવ્યા હતા. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ઝાલાવાડના ધારાસભ્ય વસુંધરા રાજેએ પરિવારના સભ્યોની સંમતિ અને તેમના પ્રયાસ બદલ વહીવટીતંત્ર અને ડૉક્ટરોને ભિરદાવ્યા હતા. રાજેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક છે અને ભવિષ્યમાં અંગ પ્રત્યારોપણને વધુ ઝડપી બનાવશે. હું પરિવારના સભ્યોની સંમતિ બદલ પ્રશંસા કરૂં છું અને તેમના પ્રયત્નો માટે વહીવટીતંત્ર અને ડૉક્ટરોનો આભાર માનું છું.

ઋષિકેશમાં કપાળ પરથી તિલક હટાવ્યા વિના વિદ્યાર્થીને વર્ગખંડમાં પ્રવેશવાની મંજૂરી નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઋષિકેશની એક શાળામાં એક છોકરીને તેના કપાળ પરથી તિલક હટાવ્યા વિના તેના વર્ગખંડમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી, આ ઘટનાએ માતાપિતા અને હિન્દુ સંગઠનોને વિરોધ કરવા માટે પ્રેરિત કર્યા હતા, જેના પગલે પ્રિન્સિપાલે માફી માંગવી પડી હતી. શાળા શિક્ષણના મહાનિર્દેશક ઝરના કામથાને ઉત્તરાખંડના ટિહરી ગઢવાલ જિલ્લાના મુખ્ય શિક્ષણ અધિકારીને પણ આ મામલાની તપાસ કરવા જણાવ્યું છે. ધોરણ ૮ની વિદ્યાર્થીનીને બુધવારના રોજ તેના શિક્ષકે તેના કપાળ પરથી તિલક કાઢવા માટે કહ્યું હતું કે, તેને શાળામાં મંજૂરી નથી. છોકરીએ તેના શિક્ષકની વાત માની અને ક્લાસમાં હાજરી આપી પરંતુ તેના માતા-પિતાને તેના વિશે પછીથી જણાવ્યું.તેના માતા-પિતા, હિંદુ સંગઠનો સાથે ગુરૂવારના રોજ શાળામાં વિરોધ કરવા પહોંચ્યા હતા. વિરોધનો ભાગ બનેલા એક હિંદુ જૂથના પ્રમુખ રાજીવ ભટનાગરે કહ્યું, શિક્ષકે છોકરીને તિલક હટાવવા દબાણ ન કરવું જોઈએ. તિલક કરવું એ હિંદુ પરંપરા છે. કોઈ હિંદુને તેને કેવી રીતે રોકી શકે. શાળાના પ્રિન્સિપાલે છોકરીના માતા-પિતા અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP), બજરંગ દળ અને રાષ્ટ્રીય હિન્દુ શક્તિ સંગઠન સહિત વિરોધ કરી રહેલા હિન્દુ જૂથોની માફી માંગ્યા બાદ મામલો ઉકેલાયો હતો.

આઝમખાન અને એમના પુત્રની જામીન અરજી પર યુપી સરકારને સુપ્રીમ કોર્ટની નોટિસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઉત્તર પ્રદેશના પૂર્વ મંત્રી અને સમાજવાદી પાર્ટીના નેતા આઝમખાન તથા એમના પુત્ર અબ્દુલ્લા આઝમખાને મશીન ચોરીના કેસમાં એમને જામીન આપવાનો ઇન્કાર કરતા અલ્હાબાદ હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારથી અરજી કરી છે. એ અરજી પર સોમવારે સુપ્રીમ કોર્ટે યુપી સરકારને નોટિસ કાઢી છે અને રાજ્ય સરકારનો જવાબ માગ્યો છે. જસ્ટિસ એમ એમ સુંદ રેસ તથા અરવિંદ કુમારની બેંચ દ્વારા રાજ્ય સરકારને નોટિસ આપીને જવાબ માગવામાં આવ્યો છે. આઝમખાન અને એમના દીકરાને ગત ૨૧મી સપ્ટેમ્બરે હાઇકોર્ટના આદેશની વિરુદ્ધમાં સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી.

આરજી કર હોસ્પિટલ કેસ; બે ચાવીરૂપ શકમંદોને જામીન મળી જતાં ડોક્ટરોના એક જૂથ દ્વારા દસ દિવસના વિરોધ - દેખાવો કરવાનું આયોજન

પશ્ચિમ બંગાળ જોઈન્ટ પ્લેટફોર્મ ઓફ ડોક્ટર જે પાંચ એસોસિએશનની છાત્ર સંગઠન સંસ્થા છે એ સંગઠનને ૨૬ ડિસેમ્બર સુધી દોરીના ક્રોસિંગ પર વિરોધ દેખાવો કરવાનું આયોજન કર્યું છે

(એજન્સી) કોલકાતા, તા.૧૬

વેસ્ટ બંગાળ જોઈન્ટ પ્લેટફોર્મ ઓફ ડોક્ટર્સ દ્વારા મહાનગરના હૃદયસમાન વિસ્તારમાં દસ દિવસ સુધી વિરોધ દેખાવો કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આરજી કર મેડિકલ હોસ્પિટલમાં જુનિયર તબીબના રેપ અને હત્યાના કેસમાં અત્યારે તપાસ ચાલી રહી છે. મુકેશના બે ચાવીરૂપ શકમંદોને જામીન મળી જતા તેના વિરોધમાં ધરણા અને દેખાવનું આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પાંચ એસોસિએશનના છાત્ર સંગઠન દ્વારા ૨૬ ડિસેમ્બર સુધી દોરીના ક્રોસિંગ ખાતે વિરોધ દેખાવો અને ધરણા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે જોઈન્ટ પ્લેટફોર્મ ઓફ ડોક્ટર સંગઠન દ્વારા કોલકાતાના પોલીસ કમિશનર મનોજ વર્માને પણ અરજી કરવામાં આવી છે અને દસ દિવસના ધરણા તથા દેખાવો માટે મંજૂરી માંગવામાં આવી છે તેમ સંગઠનના એક હોદેદાર પુણ્યવ્રત ગુને જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે સીબીઆઈ દ્વારા તાત્કાલિક ધોરણે પૂરક ચાર્જશીટ મૂકવામાં આવે એવી અમારી માગણી છે. તેમણે કહ્યું હતું કે ટ્રાફિકને નડતરરૂપ ન બને એ રીતે અમે કામચલાઉ ૧૦ દિવસ ધરણા અને દેખાવો કરવા માંગીએ છીએ અને એ માટે અમે પોલીસની મંજૂરી માંગી છે અને અમે ખાતરી આપી છે કે ખૂબ શાંતિપૂર્ણ રીતે અને તમામ કાનૂની અને સુરક્ષાના નીતિ નિયમોને અનુસરીને અને ટ્રાફિકમાં કોઈ અડચણ ન થાય એ રીતે દસ દિવસ આંદોલન કરવામાં આવશે. અમે પોલીસ રક્ષણની પણ માગણી કરી છે. શુક્રવારે સિલ્હાદની અદાલતે મેડિકલ કોલેજ હોસ્પિટલના પૂર્વ આચાર્ય સંદીપ ઘોષ અને તાલા પોલીસ સ્ટેશનના પૂર્વ અધિકારી અભિજીત મંડલને જામીન આપ્યા હતા તેની સામે શનિવારે જુનિયર ડોક્ટરોના સંગઠન દ્વારા એક કુચ પણ યોજવામાં આવી હતી.

ગાઝિયાબાદ 'ધર્મ સંસદ' : પૂર્વ સનદી અધિકારીઓએ સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી

(એજન્સી) તા.૧૬

૧૭ ડિસેમ્બરથી ગાઝિયાબાદમાં હિન્દુ કટ્ટરપંથી નેતા યતિ નરસિમ્હાનંદ દ્વારા આયોજિત ધર્મ સંસદ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં એક નિવૃત્ત સરકારી કર્મચારી પણ અરજીકર્તા છે. આ પૂર્વ અમલદારોનું કહેવું છે કે, યતિ નરસિમ્હાનંદે આ પહેલા પણ ઘણી વખત મુસ્લિમો વિરુદ્ધ હિંસાનું આહ્વાન કર્યું હતું.

રિપોર્ટ અનુસાર ગાઝિયાબાદ ધર્મ સંસદ ૧૭ ડિસેમ્બરથી શરૂ થશે અને ૨૧ ડિસેમ્બર સુધી ચાલશે. સોમવારે (૧૬ ડિસેમ્બર) વકીલ પ્રશાંત ભૂષણે ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા સંજીવ ખન્ના સમક્ષ તાત્કાલિક સૂચિબદ્ધ કરવા માટે આ બાબતનો મૌખિક રીતે ઉલ્લેખ કર્યો. CJIએ ભૂષણને તાત્કાલિક અરજી દાખલ કરવા કહ્યું, ત્યારબાદ ભૂષણે અરજી દાખલ કરી. વરિષ્ઠ અમલદારો અને કાર્યકરો કે જેમણે કોર્ટમાં અરજી કરી છે તેમાં નિવૃત્ત IAS અધિકારી અરૂણા રોય, નિવૃત્ત IFS અધિકારી અશોકકુમાર શર્મા, દેબ મુખર્જી અને નવરેખા શર્મા, પૂર્વ આયોજન પંચના સભ્ય સૈયદા હમીદ અને સામાજિક સંશોધક વિજયન એમ.જે.નો સમાવેશ થાય છે. અરજદારોએ કહ્યું છે કે, ગાઝિયાબાદ જિલ્લા વહીવટીતંત્ર અને ઉત્તરપ્રદેશ પોલીસ જાણીજોઈને સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરી રહી છે, જેણે તમામ સક્ષમ અધિકારીઓને સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ અને નફરતી ભાષણો સાથે સંકળાયેલા વ્યક્તિઓ અથવા જૂથો સામે સ્વ-મોટો પગલાં લેવાનો આદેશ આપ્યો છે. અરજદારોનું કહેવું છે કે, આ ધર્મ સંસદની વેબસાઈટ અને જાહેરાતોમાં ઈસ્લામના અનુયાયીઓ વિરુદ્ધ ઘણા સાંપ્રદાયિક નિવેદનો છે, જે મુસ્લિમો વિરુદ્ધ હિંસા ભડકાવે છે. નોંધનીય છે કે, ઘણી ધાર્મિક હસ્તીઓએ પણ ધૃણાસ્પદ ભાષણને ટાંકીને 'ધર્મ સંસદ'નો વિરોધ કર્યો છે. સત્ય ધર્મ સંવાદે નફરતી ભાષણો વિરુદ્ધ નિવેદન બહાર પાડ્યું છે, જે અહીં વાંચી શકાય છે.

૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું તાપમાન, મુંબઈમાં અચાનક આટલી ઠંડી કેમ પડી ?

(એજન્સી) તા.૧૬

છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં તાપમાનમાં તીવ્ર વધઘટ જોવા મળી રહી છે. શહેરમાં સોમવારે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. ભારતીય હવામાન વિભાગ (IMD)ના મુંબઈ હવામાન અપડેટ અનુસાર સોમવારે ૧૬ ડિસેમ્બરે મુંબઈ વાદળછાયું રહેવાની સંભાવના છે, જેમાં સવારે તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસથી દિવસ દરમિયાન ૩૩ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના મુંબઈ હવામાન અપડેટ અનુસાર મુંબઈના ઉપનગરીય વિસ્તારમાં આવેલી સાંતાક્રુઝ વેધશાળામાં મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કોલાબામાં શહેરની વેધશાળામાં મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ ૧૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, હવામાન વિભાગના ડેટા દર્શાવે છે. IMD દ્વારા મુંબઈના નવીનતમ હવામાન અપડેટ અનુસાર મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. સાપેક્ષ ભેજ ૮૧ ટકા છે. સૂર્ય સવારે ૦૭:૦૫ વાગ્યે ઉગશે અને સાંજે ૦૬:૦૪ વાગ્યે આથમશે.

IMD તરફથી મુંબઈના નવીનતમ હવામાન અપડેટમાં આગામી ૨૪ કલાકમાં શહેર અને તેના ઉપનગરો માટે 'મુખ્યત્વે સ્વચ્છ આકાશ' રહેવાની આગાહી કરવામાં આવી છે. ૧૬ ડિસેમ્બરના રોજ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની SAMEER એપ્લિકેશને તેના નવીનતમ મુંબઈ હવામાન અપડેટમાં અહેવાલ આપ્યો હતો કે, શહેરની હવાની ગુણવત્તા 'મધ્યમ' શ્રેણીમાં રહી હતી, જેમાં સવારે ૯:૦૫ વાગ્યે ૧૩૧ વાગ્યે હવાની ગુણવત્તા સૂચકાંક (AQI) હતો. SAMEER એપ ડેશબોર્ડ અનુસાર મુંબઈના ઘણા વિસ્તારોમાં 'મધ્યમ' AQI દર્શાવવામાં આવ્યું છે. બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં AQI ૧૭૧ સાથે 'મધ્યમ' હવાની ગુણવત્તા નોંધવામાં આવી છે. કાંદિવલી, મલાડ અને સેવરીએ અનુક્રમે ૧૧૭, ૧૮૯ અને ૧૩૦ના AQI સાથે 'મધ્યમ' હવાની ગુણવત્તા નોંધી છે.

પુણેના પોલીસ અધિકારીએ સ્થાનિક બેકરીમાં પેમેન્ટ કરવા QR કોડ સ્કેન કરતાં રૂા.૨.૩ લાખ ગુમાવ્યા

(એજન્સી) તા.૧૬

દેશમાં સાયબર ક્રાઈમના કેસ સતત વધી રહ્યા છે. દરરોજ સાયબર ક્રાઈમ કરીને ગુનેગારો કરોડો રૂપિયાની છેતરપિંડી કરી રહ્યા છે. સામાન્ય લોકોથી લઈને પોલીસ અધિકારીઓ સુધી કોઈ આનાથી સુરક્ષિત નથી. આવો જ એક કિસ્સો પુણેથી સામે આવ્યો છે, જ્યાં એક પોલીસ કોન્સ્ટેબલ સાયબર ફ્રોડનો શિકાર બન્યો છે. તેણે QR કોડ સ્કેન કર્યો અને થોડી જ વારમાં તેણે ૨ લાખ રૂપિયાથી વધુનું નુકસાન કર્યું. પોલીસ હવે આ મામલે તપાસમાં વ્યસ્ત છે. પુણે નજીકના સાસવડના એક પોલીસ કર્મચારીએ બેકરીમાં QR કોડ સ્કેન કરીને બિલ ચૂકવ્યું હતું. થોડા સમય બાદ તેને મેસેજ મળ્યો કે તેના સેવિંગ એકાઉન્ટમાંથી ૧૮,૭૫૫ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. આ પછી જ્યારે તેણે તેનું બીજું એકાઉન્ટ જોયું તો તેને જાણવા મળ્યું કે તેના સેલેરી એકાઉન્ટમાંથી પણ ૧૨,૨૫૦ રૂપિયાનું ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન થયું હતું. મામલો ત્યારે વધુ ખરાબ બન્યો જ્યારે તે પછી ગોલ્ડ લોન એકાઉન્ટમાંથી રૂા.૧.૯ લાખના ટ્રાન્ઝેક્શન માટે OTP આવ્યો. તેણે આ OTP કોઈની સાથે શેર કર્યો ન હતો, તેમ છતાં ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયું હતું. આ રીતે તેની સાથે ૨.૨ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. છેતરપિંડી કરનારા અહીંથી ન અટક્યા અને તેના ક્રેડિટ કાર્ડ દ્વારા પણ ટ્રાન્ઝેક્શન કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસકર્મીએ તરત જ તેનું એકાઉન્ટ બ્લોક કરી દીધું. આ રીતે તે વધુ છેતરપિંડીથી બચી ગયો. તપાસમાં સામેલ પોલીસે જણાવ્યું કે છેતરપિંડી કરનારે માલવેર ધરાવતી એપીકે ફાઈલ દ્વારા પીડિતાને પીડિતા બનાવી હતી. તેના કારણે જ તે પીડિતાના અલગ-અલગ એકાઉન્ટ એક્સેસ કરી શક્યો હતો. કોઈપણ QR કોડ સ્કેન કરતા પહેલા રીસીવરનું નામ અને અન્ય માહિતી ચકાસો. શંકાસ્પદ લોકો અને સ્થળોએ QR કોડ સ્કેન કરશો નહીં. ટેક્સ્ટ મેસેજ, વોટ્સએપ અથવા સોશિયલ મીડિયામાંથી કોઈપણ શંકાસ્પદ લિંક પર ક્લિક કરશો નહીં. જેના કારણે તમારે ભારે નુકસાન સહન કરવું પડી શકે છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે હંમેશા અધિકૃત એપ્સનો ઉપયોગ કરો અને તેને ફક્ત Google Play Store અને Apple App Stores જેવા વિશ્વસનીય સ્ટોર્સ પરથી જ ડાઉનલોડ કરો.

મુંબઈના લોકો સાંભળો! મુંબઈ જતો ન્યૂ વાશીના બ્રિજનો ભાગ લગભગ તૈયાર, ફેબ્રુઆરી ૨૦૨૫થી વાહનોની અવરજવર શરૂ થઈ જશે

(એજન્સી) તા.૧૬

અહેવાલો અનુસાર થાણે ક્રીક બ્રિજ (જેને વાશી બ્રિજ તરીકે ઓળખાય છે)નો મુંબઈ તરફનો ભાગ પૂર્ણતાના આરે છે અને ફેબ્રુઆરીના અંત સુધીમાં તેને વાહનવ્યહાર માટે ખોલવાની અપેક્ષા છે. ૧૩ ઓકટોબરના રોજ પ્રોજેક્ટના નવી મુંબઈ-બાઉન્ડ સેક્શનને વાહનચાલકો માટે ખોલવામાં આવ્યાના માત્ર બે મહિના પછી આ ડેવલપમેન્ટ સામે આવ્યું છે. તેની મદદથી મહત્ત્વપૂર્ણ વાશી બ્રિજ કોરિડોર પરના ટ્રાફિકને નોંધપાત્ર રીતે સરળ બનશે તેવી અપેક્ષા છે, જે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની અંદર દરરોજ લગભગ ૬૪,૩૦૦ વાહનો પસાર થાય છે. હાલમાં બે પુલ આ પટ પર વાહનોની અવરજવરને સરળ બનાવે છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MSRDC)એ નવા બ્રિજનું નિર્માણ કર્યું હતું, જે તેને ખાડી પર વિસ્તરેલું ચોથું માળખું બનાવે છે. આ વધુ ટ્રાફિકવાળા માર્ગ પર ભીડ ઘટાડવા માટે રાજ્યની લાંબા ગાળાની યોજનાનો આ એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. અહીં પ્રથમ પુલ ૧૯૭૩માં બાંધવામાં આવ્યો હતો જે બે લેનનું માળખું ધરાવતું હતું. જે સલામતીની ચિંતાઓને કારણે લગભગ બે દાયકાથી નિયમિત ટ્રાફિક માટે બંધ કરી દેવાયું હતું. જો કે તે ક્યારેક બોલિવૂડ ફિલ્મોમાં બેકગ્રાઉન્ડમાં બતાવવામાં આવે છે. બીજો પુલ, જે ૧૯૯૭થી કાર્યરત છે, તે છ લેન વાળુ છે. સતત પડકારોનો સામનો કરવા માટે MSRDCએ લાર્સન એન્ડ ટુબ્રોને રૂા.૫૫૯ કરોડનો પ્રોજેક્ટ પુરસ્કાર આપતા ૨૦૨૦માં ટ્વીન ક્રીક બ્રિજ પર કામ શરૂ કર્યું હતું. એકસાથે બે પુલ કુલ ૩.૧૪ કિલોમીટરમાં ફેલાયેલા છે અને ૧૯૯૭ના જૂના માળખાની બાજુમાં છે.

વીડિયો દર્શાવે છે કે વિજયેન્દ્ર લઘુમતી પંચના પૂર્વ વડાને લાંચની ઓફર કરતા દેખાય છે : સિદ્ધારમૈયા

તેઓ (અનવર મનિપડી)એ લઘુમતી નેતા છે જેમનો દાવો છે કે એમને રૂપિયા ૧૫૦ કરોડની લાંચ સુધી ઓફર થઈ હતી એવું કર્ણાટકના સીએમ દ્વારા નિવેદન કરવામાં આવ્યું છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૬

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે એક વીડિયો ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કર્ણાટક લઘુમતી પંચના પૂર્વ અધ્યક્ષ અનવર મનિપડીને ૧૫૦ કરોડ જેટલી લાંચ આપવાનો પ્રદેશ ભાજપ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્ર પ્રયાસ કરી રહ્યા છે. વક્ફની મિલકતો પર દબાણ અંગેના અહેવાલને દબાવી દેવા માટે લઘુમતી પંચના પૂર્વ વડાને લાંચની ઓફર થઈ હોવાનો દાવો મુખ્યમંત્રીએ કર્યો હતો. અગાઉ અનવર મનિપડીએ પોતાને ભાજપના પ્રમુખ વિજયેન્દ્ર દ્વારા કોઈપણ પ્રકારની લાંચ આપવાની ઓફર થઈ હોવાનું નકારી કાઢ્યું હતું અને ઉલટાનો એવો આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતાઓએ મને લાંચ આપવાની તૈયારી બતાવી હતી. નિવેદનના બીજા દિવસે મુખ્યમંત્રીનું નિવેદન આવ્યું છે. અનવરે કર્ણાટક લઘુમતી પંચના વડા તરીકે વક્ફ મિલકતો પરના દબાણ અંગેનો રિપોર્ટ તૈયાર કર્યો હતો અને માર્ચ ૨૦૧૨માં એ સમયની ભાજપ સરકારને સુપરત કર્યો હતો અને ૨૦૨૦માં રિપોર્ટ વિધાનસભામાં મુકાયો હતો. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં અનવરે જ આવી વાત કરી છે. તેમનું હવે કયું નિવેદન ખોટું અને કયું સાચું છે એ જોવું પડે. અનવર મનિપડીએ જ સૌપ્રથમ પોતાને લાંચની ઓફર થયાની વાત કરી હતી. હવે એ ઈન્કાર કરતા હોય તો શું થઈ શકે એ મને કહો. તેમણે પોતે કહ્યું હતું કે મને રૂા.૧૫૦ કરોડની લાંચની ઓફર થઈ હતી અને તેનો વીડિયો રેકોર્ડિંગ પણ છે અને હવે ઘણા વર્ષો પછી એ પોતે ઈન્કાર કરે છે. શું મુખ્યમંત્રી આ અંગે સીબીઆઈ તપાસનો આદેશ આપશે એવો પ્રશ્ન થતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે અનવર હવે હા-ના કરે છે એટલે જોઈએ આ મુદ્દાની ચર્ચા જરૂર થશે. સીબીઆઈ તપાસની માંગણી કરતા મુખ્યમં

PM મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરીએ રાહુલને લેડી માઉન્ટબેટનને લખેલા પત્રો સહિત નહેરૂના દસ્તાવેજો પરત કરવા અનુરોધ કર્યો

(એજન્સી) અમદાવાદ, તા.૧૬

પીએમએમએલ સોસાયટીના સભ્ય રિઝવાન કાદરીએ લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને વિનંતી કરી છે કે, તે દસ્તાવેજો પાછા આપવામાં આવે જેને તેમણે 'તેના ઈતિહાસનું મહત્ત્વપૂર્ણ પાસું' ગણાવ્યું હતું અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના આદેશ પર સંગ્રહાલયમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. સમાચાર એજન્સી સાથે વાત કરતાં કાદરીએ કહ્યું કે, તેમણે સપ્ટેમ્બરમાં સોનિયા ગાંધીને પત્ર લખીને સંસ્થાને દસ્તાવેજો પાછા આપવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, 'સપ્ટેમ્બર ૨૦૨૪માં મેં સોનિયા ગાંધીને પત્ર લખીને વિનંતી કરી હતી કે, વડાપ્રધાન મ્યુઝિયમ (અગાઉ નહેરૂ મેમોરિયલ) ખાતેના નહેરૂ સંગ્રહનો ભાગ રહેલા લગભગ આઠ અલગ-અલગ વિભાગોમાંથી ૫૧ કાર્ટન્સ સંસ્થાને પરત કરવામાં આવે અથવા અમને તેમને સ્કેન કરવાની પરવાનગી આપવામાં આવે અથવા તેમની સ્કેન કરેલી નકલો પૂરી પાડવામાં આવે. આનાથી અમને તેમનો અભ્યાસ કરવાની અને વિવિધ વિદ્વાનો દ્વારા સંશોધનને સરળ બનાવવાની મંજૂરી મળશે.' રિઝવાન કાદરીએ ઉમેર્યું કે, 'આમાં પંડિત જવાહરલાલ નહેરૂ અને લેડી માઉન્ટબેટન તેમજ પંડિત ગોવિંદ વલ્લભ પંત, જયપ્રકાશ નારાયણ અને અન્ય

લોકો સાથેના પત્રો વચ્ચેના મહત્ત્વપૂર્ણ પત્રવ્યવહારનો સમાવેશ થાય છે. આ પત્રો ભારતીય ઈતિહાસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને રેકોર્ડ દ્વારા સાબિત થયું છે કે, ૨૦૦૮માં સોનિયા ગાંધીના નિર્દેશ પર સંગ્રહાલયમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા.' તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો કે, સોનિયા ગાંધી તરફથી કોઈ જવાબ ન મળતાં તેમણે લોકસભાના સાંસદ રાહુલ ગાંધીને આ અંગે બીજો પત્ર લખ્યો હતો. કાદરીએ કહ્યું કે, 'તેમના તરફથી કોઈ જવાબ ન મળતાં મેં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને આ સામગ્રી પુનઃ સ્થાપિત કરવામાં મદદ કરવા વિનંતી કરી છે. મેં તેમને એ પણ વિચારવા વિનંતી કરી છે કે, આ દસ્તાવેજો રાષ્ટ્રના વારસાનો ભાગ છે અને તેના ઈતિહાસનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે. જ્યાં સુધી આપણે આ સામગ્રી જોઈ શકતા નથી ત્યાં સુધી આપણે તેમને પાછા ખેંચવાના કારણો નક્કી કરી શકતા નથી. તેમને દૂર કરવા માટે કોઈ વાંધાજનક સામગ્રી હોવી જોઈએ.' ભાજપના સાંસદ સંબિત પાત્રાએ પણ આનો જવાબ આપ્યો અને કહ્યું કે, તે 'રસપ્રદ' છે. પાત્રાએ એક્સ પર કહ્યું કે, 'આજે જે વડાપ્રધાન સંગ્રહાલય અને પુસ્તકાલય અને અગાઉ નહેરૂ સંગ્રહાલય અને પુસ્તકાલય છે તેમાંથી તત્કાલીન યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીએ 'એડવિના માઉન્ટબેટન' સહિત વિવિધ હસ્તીઓને નહેરૂ દ્વારા લખાયેલા પત્રોના ૫૧ કાર્ટૂન લઈ ગયા હતા ! પીએમએમએલના તાજેતરમાં પૂર્ણ થયેલા એજીએમમાં સભ્યમાંથી એક રિઝવાન કાદરીએ વિપક્ષ નેતા રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે અને તેમની માતા સોનિયા ગાંધીના પત્રો પાછા મેળવવામાં તેમની મદદ માંગી છે !' ભાજપ સાંસદે ઉમેર્યું કે, 'મને રસપ્રદ વાત એ લાગે છે કે, નહેરૂજીએ એડવિના માઉન્ટબેટનને શું લખ્યું હોત જેના પર સેન્સરિંગની જરૂરી હતી અને શું વિપક્ષ નેતા રાહુલ નહેરૂ અને એડવિના વચ્ચેના પત્રો પાછા મેળવવામાં મદદ કરશે !' નવી દિલ્હીના તીન મૂર્તિ સંકુલમાં નહેરૂ મ્યુઝિયમ સ્મારક અને પુસ્તકાલય પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનું સત્તાવાર નિવાસસ્થાન હતું અને તે કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય હેઠળ એક સ્વાયત્ત સંસ્થા તરીકે તેમની યાદમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું.

સંભલ : અધિકારીઓએ મુસ્લિમ વિસ્તારમાં બંધ પડેલા મંદિરને શોધીને ખોલી નાંખ્યું, દબાણ થયાની થિયરી ફગાવી દેતાં સ્થાનિક હિંદુઓ

(એજન્સી) સંભલ, તા.૧૬

શુક્રવારે મીડિયામાં એક સમાચારોને આગની જેમ ફેલાવી દેવામાં આવ્યા હતા જેમાં સંભલ શહેરના વહીવટી તંત્ર એટલે કે સ્થાનિક પ્રશાસન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે શહેરમાં કોમી રમખાણો બાદ ૧૯૭૮થી બંધ કરવામાં આવેલા મંદિરને શુક્રવારે ફરીથી ખોલવામાં આવ્યું છે. અધિકારીઓએ એવો દાવો પણ કર્યો હતો કે શાહી જામા મસ્જિદથી થોડા જ અંતર પર આવેલ આ મસ્જિદ પર દબાણ વિરોધી અભિયાન દરમિયાન અધિકારીઓની નજર પડી જતા તેને ખોલવામાં આવ્યું છે. એમનો દાવો હતો કે ભસ્મશંકર મંદિરમાં હનુમાનની મૂર્તિ અને એક શિવલિંગ પણ છે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વંદના મિશ્રાએ દાવો કર્યો હતો કે આ વિસ્તારના નિરીક્ષણ દરમિયાન મારી નજર આ મંદિર પર પડી હતી અને મેં તરત જ જિલ્લા અધિકારીઓને તેની જાણ કરી હતી કે પછી અમે બધા સાથે અહીં આવ્યા હતા અને મંદિર ફરીથી ખોલવાનો નિર્ણય લીધો હતો. અધિકારીના આ નિવેદનને કેટલીક ટીવી ચેનલો તેમજ એએનઆઈ ન્યુઝ એજન્સી અને હિન્દી મીડિયાએ તો હિન્દુ અને મુસલમાનો વચ્ચેના વિવાદ અને વિખવાદના રૂપમાં વળાંક આપી દીધો હતો.

પરંતુ એબીપી ચેનલના એક રિપોર્ટરે સ્થળ પર જઈને જાત ચકાસણી કરી તો આંખો મામલો સામે આવ્યો હતો અને જે ખોટી કહાની ફેલાવવામાં આવી હતી તે પણ ઉઘાડી પડી ગઈ હતી. Abp રિપોર્ટરે એક ખૂબ સરસ કામ એ કર્યું કે આ મંદિરનું નિર્માણ કરાવવાવાળા રસ્તોગી પરિવારના દરેક વય જૂથના સભ્યો સાથે રિપોર્ટરે વાતચીત કરી અને બધાએ એક જ પ્રકારની સત્ય હકીકતો રજૂ કરી હતી. કેટલીક ચેનલો અને ન્યુઝ એજન્સીએ યોગી સરકારના વહીવટી તંત્રની સાથે મેળાપીપણું કરીને જે ખોટી વાતો અને અહેવાલો અને હકીકત વગરના મુદ્દાઓને ચગાવવામાં આવ્યા હતા એ ચેનલો અને એજન્સી હવે ક્યારે માફી માંગશે તેવી ચર્ચા ચાલે છે. આખી ઘટના શું છે તે જાણીએ.

ચેનલોના તમામ ખોટા દાવાઓને નકારી કાઢી રસ્તોગી પરિવારના ધર્મેન્દ્ર રસ્તોગીએ કહ્યું હતું કે મંદિર ૨૦૦૬ સુધી ખુલ્લું જ હતું. ત્યાં મુસ્લિમો તરફથી કોઈ ડર નહોતો કે કોઈ ભય નહોતો અને

મંદિરની ચાવી પરિવાર પાસે જ હતી અને મંદિરની આસપાસ પણ કોઈ પ્રકારનું દબાણ થયું નહોતું. ધર્મેન્દ્ર અને તેમના દીકરાએ abpના રિપોર્ટરને કહ્યું કે સ્થાનિક મુસ્લિમો તરફથી ક્યારેય કોઈ ભય ઊભો થયો નથી અને દબાણ થયાની વાત પણ ખોટી છે. તેમણે બીજા એક ખોટા સમાચારને નકારીને કહ્યું કે મંદિર જેવું હતું એવું જ છે કોઈ દબાણ થયું નથી અને બાજુનો જે કમરો છે તેનું બાંધકામ અમે જ કરાવ્યું હતું.

૧૯૯૩ સુધી મંદિરની ગલીમાં જ રહી ચૂકેલા સ્થાનિક નાગરિક પ્રદીપ વર્માએ પણ કહ્યું હતું કે હું ક્યારેક ક્યારેક અહીં આવતો અને નિયમિત મંદિરમાં જઈને પૂજા કરતો હતો. જેની ચાવીઓ રસ્તોગી પરિવાર પાસે રહેતી હતી. મોહમ્મદ સલમાન પણ એ ગલીમાં જ રહેતા હતા. એમનું કહેવું છે કે મંદિરની ચાવીઓ તેમના પડોશી મોહન રસ્તોગી પાસે હતી અને મુસ્લિમો જ મંદિરની બહારની દીવાલો પર ચિત્રકામ કરીને અને રંગરોગાન કરાવીને મંદિરની સાર સંભાળ કરતા હતા અને બાજુનું જે ગોડાઉન છે એ પણ રસ્તોગી પરિવારે જ બનાવ્યું હતું.

હકીકતે ચેનલવાળાએ તો સાવ ખોટી હકીકતોના સમાચારોનો મારો ચલાવી દીધો હતો અને મંદિર પર દબાણ થયેલું અને હિન્દુઓ અહીંથી હિજરત કરી રહ્યાની ખોટી વાતો ચેનલ પર પ્રસારિત કરવાનું શરૂ કર્યું હતું. જેનું સ્થાનિક લોકો અને હિન્દુ મુસ્લિમ બંને સાફ સાફ ઈન્કાર કર્યો છે.

નાગરિક મોહમ્મદ સોએબ કહે છે કે ન્યુઝ ચેનલવાળા સાવ ખોટી હકીકતો નકારાત્મક રૂપે રજૂ કરી રહ્યા છે. હકીકત એ છે કે ૧૯૯૮થી ૨૦૦૬ની વચ્ચે વ્યક્તિગત કારણોસર કેટલાક પરિવારો આ વિસ્તાર છોડી ગયા હતા. જેવો દાવો કરવામાં આવ્યો છે એ રીતે ૧૯૭૬ના રમખાણો પછી કોઈ પરિવારોએ અહીંથી હિજરત કરી નહોતી. અમે રસ્તોગી પરિવારના સંતાનો સાથે હળીમળીને રહેતા અને રહીએ છીએ અને અમે સાથે જ રમતા હતા અને ધીંગામસ્તી કરતા હતા. જે ઓરડો બનાવવામાં આવ્યો છે એ પૂજા માટે જ બનાવવામાં આવ્યો હતો અને રસ્તોગી પરિવારે જ બનાવ્યો હતો અને એમનો જ પરિવાર બાજુના રૂમના ગોડાઉનનો ઉપયોગ કરે છે. ધર્મેન્દ્ર રાસ્તોગીએ સ્પષ્ટ કહ્યું કે મંદિર પર કોઈ ગેરકાયદે દબાણ થયું નથી. એક ફેક્ટ ચેકર ઝુબેર અહેમદ કહે છે કે ખોટી વાર્તાને ફેલાવી દેવામાં સૌથી મોટી ભૂમિકા એએનઆઈ ન્યુઝ એજન્સીએ ભજવી છે. એમણે તો એક મંદિરની શોધ થઈ અને તેના પર દબાણ થયું હતું અને ચાર દાયકાથી બંધ મંદિરના દરવાજા ખોલવામાં આવ્યા છે એવી એવી ખોટી વાતો અને ખોટા શિક્ષકો સાથેના બનાવટી ફેક સમાચારોનું પ્રસારણ શરૂ કર્યું હતું પણ હકીકતે આવા તમામ અહેવાલોને રસ્તોગી પરિવારે જ ફગાવી દીધા છે. એએનઆઈ ન્યુઝ એજન્સી સામે આવો આક્ષેપ પહેલી વાર થયો નથી અગાઉ પણ એ સરકારની જ તરફેણ કરવા માટે બદનામ થઈ ગયેલી ન્યુ એજન્સી છે અને પૂર્વગ્રહ સાથે જ સમાચારનું પ્રસારણ કરવા માટે કુખ્યાત છે. કોઈ કિસ્સામાં લઘુમતી આરોપી હોય તો ગમે તેમ કરીને તેનું નામ શોધીને આ આયોજન એજન્સી પ્રસારિત કરે છે પરંતુ કોઈ ગુનાનો આરોપી બહુમતી સમાજનો અથવા તો ઉચ્ચ વર્ણનો હોય તો તેનું નામ એજન્સી છુપાવી દેતી હોય છે.

'જો હિંદુઓ મુસ્લિમોને અલ્લાહુ અકબર બોલવાનું બંધ કરવાનું કહેશે તો તમને ગમશે ?' : સંભલ વિવાદની ચર્ચા વચ્ચે વિપક્ષને યોગીનો પ્રશ્ન

ન્યુઝ પોઈન્ટ

ફરી ગેરમાર્ગે દોરવાના પ્રયત્ન ! કોઈ મુસ્લિમે હિન્દુ કે ક્રિશ્ચયન કે કોઈ અન્ય ધર્મના લોકોને અલ્લાહુ અકબર કહેવા ફરજ પાડી છે ?

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આજે રાજ્ય વિધાનસભામાં ''જય શ્રી રામ''ના નારાનો બચાવ કર્યો અને ધાર્મિક અભિવ્યક્તિ પર વિપક્ષના વલણ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમના આક્રમક ભાષણમાં તેમણે વિપક્ષી નેતાઓને પડકાર ફેંક્યો અને પૂછ્યું કે

પણ સૂર્ય, ચંદ્ર અને સત્યને લાંબા સમય સુધી છૂપાવી શકતું નથી. યોગીએ ૨૦૧૭થી ઉત્તરપ્રદેશમાં કોમી રમખાણોમાં ઘટાડો દર્શાવતા આંકડા રજૂ કર્યા અને વધતી હિંસા અંગે વિપક્ષી નેતાઓ દ્વારા કરવામાં આવેલા દાવાઓને પણ નકારી કાઢેવા હતા અને કહ્યું કે, તમે જેને રમખાણો કહો છો તે ઉત્તરપ્રદેશમાં ૨૦૧૭થી

યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે વિધાનસભાના તેમના ભાષણમાં ''જય શ્રી રામ''ના નારાનો બચાવ કર્યો અને કહ્યું કે તે આસ્થાનું પ્રતીક છે, ઉશ્કેરણીનું નહીં

જો હિન્દુઓ મુસ્લિમોને ''અલ્લાહુ અકબર'' બોલવાનું બંધ કરવા કહે તો તેઓને કેવું લાગશે. તેમણે કહ્યું કે, એવું કહેવું આ ઉશ્કેરણીજનક નારા લગાવવામાં આવી રહ્યા છે એ ખોટું છે. આ ઉત્તેજક નારા નથી. જય શ્રી રામ અમારી સભાનો નારો છે. તે અમારી આસ્થાનું પ્રતિક છે. જો કાલે ઊઠીને તમને એવું કહું કે 'અલ્લાહુ અકબર'ના નારા ન લગાવવા જોઈએ તો શું તે તમને યોગ્ય લાગશે. ?

'અલ્લાહુ અકબર'ના નારાઓને લઈને વિપક્ષના વિક્ષેપો વચ્ચે, યોગીએ વળતો જવાબ આપ્યો કે, મને 'અલ્લાહુ અકબર' કહેવાની જરૂર નથી. હું મારા જીવનમાં જય શ્રી રામ, હર હર મહાદેવ અને રાધે-રાધે બોલું છું. મારો વારસો અત્યંત પ્રાચીન છે. હું રાધે-રાધે સંબોધન સાથે જ મારૂ સમગ્ર જીવન પસાર કરી શકું છું મને અન્ય કોઈ સૂત્રનું જરૂર નથી અને કાલે તમને કોઈ કહે કે અમને 'અલ્લાહુ અકબર' બોલવાથી મુશ્કેલી છે તો શું તે તમને ગમશે ?

આદિત્યનાથની આ ટિપ્પણી સંભલમાં હિંસા અંગેની ઉગ્ર ચર્ચાના સંદર્ભમાં કરવામાં આવી હતી અને તેમણે વિપક્ષ પર હિંદુઓ પરના હુમલાઓ પ્રત્યે આંખ આડા કાન કરવાનો આરોપ પણ લગાવ્યો હતો તેમણે કહ્યું કે, કોઈ થયા નથી. ૨૦૧૭ પહેલા, ૮૧૫ કોમી રમખાણો થયા હતા અને ૨૦૦૭ અને ૨૦૧૧ની વચ્ચે ૧૯૨ લોકો મૃત્યુ પામ્યા હતા હિંસાની ૬૧૬ ઘટનાઓ બની અને ૧૨૦ લોકો માર્યા ગયા હતા. ''જય શ્રી રામ''ના નારા સાંપ્રદાયિક ન હોવાનું કહેતા આદિત્યનાથે કહ્યું કે, જો તમે પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં જાઓ છો, તો તમે સામાન્ય સંબોધનમાં 'રામ-રામ' કહો છો. તો પછી જય શ્રી રામ સાંપ્રદાયિક કેવી રીતે બની ગયું ? અહીં, જ્યારે અમે જાગીએ છીએ, ત્યારે આપણે 'રામ-રામ' કહીએ છીએ, તો તમે તેનો અર્થ સમજી શકો છો.

'દ્રોણાચાર્યે એકલવ્ય સાથે કર્યું તેમ તમે ભારતને અપંગ બનાવી રહ્યા છો' : રાહુલના સરકાર પર આકરા પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે લોકસભામાં ભારતીય બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર ચર્ચા દરમિયાન શાસક ભાજપ પર નિશાન સાધ્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. તેમણે સંભલ ઘટના વિશે પણ વાત કરી અને કહ્યું કે, ત્યાં નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી હતી. તેમણે ભારતીય બંધારણ પ્રત્યે ખોખલો આદર દર્શાવવા બદલ સરકારની આકરી ટીકા કરી અને આરોપ લગાવ્યો કે, સરકારે ભારત સાથે પણ દ્રોણાચાર્યે એકલવ્ય સાથે જે કર્યું હતું તેવું જ વર્તન કર્યું છે. રાહુલ ગાંધીએ મહાભારતની દ્રોણાચાર્ય-એકલવ્યની વાત અને નોકરી ઈચ્છુક અને ખેડૂતો પ્રત્યે શાસક ભાજપની નીતિઓ વચ્ચે સમાનતા દર્શાવી હતી. તેમણે 'ઉચ્ચ જાતિ' દ્રોણાચાર્યની વાર્તા વર્ણવી જેણે આદિવાસી એકલવ્યને ગુરૂ-દક્ષિણા તરીકે પોતાનો અંગૂઠો કાપવા કહ્યું હતું. રાહુલે આરોપ લગાવ્યો કે, સરકાર એકલવ્ય સાથે જે રીતે કરવામાં આવ્યું હતું તે જ રીતે સમગ્ર દેશનો અંગૂઠો કાપી રહી છે.

રાહુલે આરોપ લગાવ્યો કે, ભાજપની આગેવાની હેઠળની સરકાર સેનામાં ભરતી માટે અગ્નિપથ યોજના લાવીને વિરોધ કરી રહેલા ખેડૂતો પર ટીયર ગેસનો મારો ચલાવી લેટરલ એન્ટ્રી લાગુ કરીને અને પેપર લીક થવા દઈને વિવિધ ક્ષેત્રોમાં અદાણી જૂથ માટે એકાધિકાર બનાવી રહી છે. તેમણે સરકાર દ્રોણાચાર્ય-એકલવ્ય કૃત્ય કેવી રીતે કરી રહી છે તેના કેટલાક ઉદાહરણો આપ્યા. તેમણે કહ્યું, 'જ્યારે તમે ધારાવી (મુંબઈમાં) અદાણીને સોંપો છો ત્યારે તમે ઉદ્યોગસાહસિકો અને નાના અને મધ્યમ વ્યવસાયોના અંગૂઠા કાપી નાખો છો. જ્યારે તમારી પાસે ભારતના બંદરો, એરપોર્ટ અને સંરક્ષણ ઉદ્યોગ અદાણીને સોંપી દો છો ત્યારે તમે પ્રામાણિકપણે કામ કરતા ભારતના અંગૂઠા કાપી નાખો છો.' ભારતીય બંધારણને આધુનિક ભારતનો દસ્તાવેજ ગણાવતા તેમણે વી.ડી. સાવરકરને અનુસરવા બદલ

શાસક પક્ષની ભારે ટીકા કરી હતી. તેમણે આરએસએસના વિચારોના આધુનિક અર્થઘટનના સર્વોચ્ચ નેતા (સાવરકર) ભારતીય બંધારણ વિશે શું કહે છે તે સમજાવ્યું હતું. રાહુલે કટાક્ષ કર્યો કે, 'જ્યારે તમે (ભાજપ) બંધારણનું રક્ષણ કરવાની વાત કરો છો ત્યારે તમે સાવરકરની મજાક ઉડાવી રહ્યા છો, તમે સાવરકરને ગાળો આપી રહ્યા છો, તમે સાવરકરને બદનામ કરી રહ્યા છો.' તેમણે ઉત્તરપ્રદેશના હાથરસની તેમની મુલાકાતનો ઉલ્લેખ કર્યો જ્યાં તેઓ સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી એક મહિલાના પરિવારના સભ્યોને મળ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, સામૂહિક બળાત્કારમાં સામેલ લોકો મુક્તપણે ફરી રહ્યા હતા અને પીડિતાનો પરિવાર તેમના ઘરમાં બંધ છે. તેમણે કહ્યું, 'ગુનેગારો તેમને દરરોજ ધમકી આપે છે. નોંધનીય છે કે, અગાઉ આ જ ચર્ચામાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પણ સંભલમાં પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા નિર્દોષ મુસ્લિમોનો મુદ્દો ઊઠાવ્યો હતો.'

'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો વિરોધ કરવો જોઈએ : તે 'સર્વાધિકારીવાદ' તરફ દોરી જશે : એમ.કે. સ્ટાલિન

વન નેશન વન ઈલેક્શન બિલ સોમવાર ૧૬ ડિસેમ્બરે લોકસભામાં રજૂ થવાનું હતું પરંતુ હવે મંગળવારે રજૂ કરવામાં આવશે, આ દરખાસ્તમાં સમર્થકો અને વિરોધીઓ પણ છે, તમિલનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલિન આ બિલના વિરોધી છે

(એજન્સી) તા.૧૬

તમિલનાડુના મુખ્યપ્રધાન એમકે સ્ટાલિને સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર દ્વારા સમર્થિત 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પ્રસ્તાવનો વિરોધ કરવા માટે દરેકને અપીલ કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ (ટ્વિટર) પર એક પોસ્ટમાં, સ્ટાલિને કહ્યું કે 'વન નેશન, વન ઈલેક્શન' સરકારના 'એકાત્મક' સ્વરૂપ તરફ દોરી જશે અને દેશમાં 'સર્વાધિકારીવાદ' તરફ દોરી જશે. તેમણે ભાજપની પોતાની નિષ્ફળતાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવા બદલ તેમણે ભાજપની ટીકા કરી હતી. તેમણે લોકતાંત્રિક દળોને વન નેશન વન ઈલેક્શન

વિરૂદ્ધ લડત આપવાની અપીલ કરી છે. શાસક ભાજપ 'વન નેશન વન ઈલેક્શન'ની જોગવાઈ દ્વારા એકસાથે રાષ્ટ્રીય અને રાજ્યની ચૂંટણીઓ કરવા માટે બિલ રજૂ કરવા આતુર છે. આ બિલ સોમવારે (૧૬ ડિસેમ્બર) લોકસભામાં રજૂ થવાનું હતું પરંતુ શાસક વિભાગે તેને મંગળવારે રજૂ કરવાનો નિર્ણય લીધો છે. વન નેશન વન ઈલેક્શનના સમર્થકો એ હકીકત તરફ ઈશારો કરે છે કે ભારતના કોઈપણ ભાગમાં ચૂંટણીઓ લગભગ કોઈપણ સમયે થાય છે. તેઓ કહે છે કે આનાથી વધુ ખર્ચા થાય છે જે ટાળી શકાય છે. વન નેશન વન ઈલેક્શનના વિરોધીઓનું કહેવું છે કે આ પ્રસ્તાવ દેશના સંઘીય માળખા અને સત્તાના વિકેન્દ્રીકરણની વિભાવનાની વિરૂદ્ધ છે. કોંગ્રેસ અને વિપક્ષમાં રહેલા અનેક પક્ષોએ ભૂતકાળમાં અનેક પ્રસંગોએ વન નેશન વન ઈલેક્શન અંગે પોતાની નારાજગી સ્પષ્ટ કરી છે.

ધોરણ-૧૦ અને ૧૨ની ટોપર મહિલાએ ૨૨ વર્ષની વયે UPSC પરીક્ષા પાસ કરી, હાલ પશ્ચિમ બંગાળમાં પોસ્ટેડ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

□□□ અધિકારી બનવાના સ્વપ્ન સાથે દર વર્ષે લાખો ઉમેદવારો UPSC પરીક્ષા આપવાનો પ્રયાસ કરે છે, પરંતુ માત્ર થોડા જ લોકો પરીક્ષા પાસ કરવામાં સફળ થાય છે. જ્યારે મોટાભાગના ઉમેદવારો બહુવિધ પ્રયાસો પછી પરીક્ષા પાસ કરે છે, ત્યાં થોડા અસાધારણ લોકો છે જેઓ તેમના પ્રથમ પ્રયાસમાં જ તેને પાર કરી લે છે, આવી જ એક સિદ્ધિ મેળવનાર IAS અનન્યા સિંહ છે. ૨૨ વર્ષની ઉંમરે, અનન્યા સિંઘે ૫૧માં અખિલ ભારતીય ક્રમાંક સાથે UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષા પાસ કરી, ભારતીય વહીવટી સેવામાં પ્રવેશવાનું એક સ્વપ્ન સાકાર કર્યું. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં જન્મેલી અનન્યા સિંહ શરૂઆતથી જ એક શૈક્ષણિક સ્ટાર હતી. તેણીએ તેનું શાળાકીય શિક્ષણ સેન્ટ મેરી કોન્વેન્ટ શાળામાંથી કર્યું

હતું અને સીઆઈએસસીઈ બોર્ડ હેઠળ ધોરણ ૧૦ અને ૧૨ બંનેમાં જિલ્લા ટોપર હતી. અર્થશાસ્ત્ર પ્રત્યેના તેના જુસ્સાને અનુસરીને, તેણીએ શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ (SRCC), દિલ્હીમાંથી અર્થશાસ્ત્રમાં સન્માન સાથે સ્નાતક પૂર્ણ કર્યુ. UPSCની તૈયારી માટેની પ્રક્રિયા ખૂબ જ કડક હોવા છતાં, અનન્યાએ નોંધપાત્ર ધ્યાન અને સમર્પણનું પ્રદર્શન કર્યું છે. દિલ્હી નોલેજ ટ્રેક સાથેના એક ઈન્ટરવ્યુમાં, તેણી કહે છે કે, તેણીએ મેઈન્સ આપી ત્યારથી ફરીથી જવાબ લખવાની પ્રેક્ટિસ શરૂ કરી. જોકે, તે પહેલા જ પ્રયાસમાં પરીક્ષા પાસ કરવામાં સફળ રહી હતી. શૈક્ષણિક રીતે અનન્યા ઘણી પ્રતિભાશાળી છે અને તેના ફાજલ સમયમાં પુસ્તકો પણ વાંચે છે. હાલમાં પશ્ચિમ બંગાળમાં પોસ્ટ કરવામાં આવી છે, તે ઈન્સ્ટાગ્રામ પર ૩૯,૦૦૦થી વધુ ફોલોવર્સ સાથે સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે જ્યાં તેણી તેની મુસાફરીના સ્નેપશોટ પોસ્ટ કરે છે અને લોકોને પ્રેરણા આપે છે. IAS અનન્યા સિંહની સિદ્ધિ અને પ્રતિબદ્ધતા સમગ્ર દેશમાં હજારો UPSC ઉમેદવારોને પ્રેરણા આપી રહી છે.

આ વ્યક્તિએ ૯ વર્ષ પછી CEO તરીકેની ફાલ્ગુની નાયરની ૪૭,૮૭૯ કરોડ રૂપિયાની કંપનીને છોડી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ગુરૂવારના રોજ એક નિયમનકારી ફાઈલિંગમાં જણાવાયું હતુ, નિહિર પરીખે નાયકા ફેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે તાત્કાલિક અસરથી રાજીનામું આપ્યું છે. તેઓ મે ૨૦૧૫થી કંપની સાથે સંકળાયેલા હતા. પરીખને તાત્કાલિક અસરથી રાહત આપવામાં આવી છે. નાયકા ફેશન એ ૪૭,૮૭૯ કરોડ રૂપિયાના માર્કેટ કેપ સાથે સૌંદર્ય ઉત્પાદનોના રિટેલર છે. કંપનીની સ્થાપના પૂર્વ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર ફાલ્ગુની નાયર દ્વારા ૨૦૧૨માં કરવામાં આવી હતી. કંપનીની આવકમાં ફેશન વર્ટિકલનો હિસ્સો ૧૦ ટકાથી ઓછો છે. એફએસએન ઈ-કોમર્સ વેન્ચર્સે ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, નિહિર પરીખે અંગત

પ્રતિબદ્ધતાઓને કારણે ૫ ડિસેમ્બર, ૨૦૨૪થી અમલી રાજીનામું આપ્યું છે. તેમને ૫ ડિસેમ્બર,૨૦૨૪ના કામકાજના સમયની સમાપ્તિની સેવાઓથી મુક્ત કરવામાં આવ્યા છે. પરીખ ટેક્નોલોજી અને ઈ-કોમર્સ ક્ષેત્રોમાં ૧૭ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. અગાઉ, તે જેનેનટેક ઈન્ક યુએસએ અને GE હેલ્થકેર.પ્રા.લિ. સાથે સંકળાયેલા હતા. પરીખે મુંબઈ યુનિવર્સિટીમાંથી કેમિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને INSEADમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA)માં માસ્ટર ડિગ્રી મેળવી છે. તેમણે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમએસની ડિગ્રી પણ મેળવી છે. કંપનીનો બ્યુટી સેગમેન્ટ મોટાભાગની આવકનો હિસ્સો ધરાવે છે. કંપનીએ સપ્ટેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરમાં ૧૨.૯૭ કરોડ રૂપિયાનો એકીકૃત ચોખ્ખો નફો અને ૧,૮૭૪ કરોડ રૂપિયાની આવક નોંધાવી છે.

ખેડા જિલ્લામાં ચાર-પાંચ દિવસથી પ્રજાને ધ્રૂજાવતી કાતિલ શીતલહેર

હિમ લાગવાથી ચામડીનું સૂઝવું (Frostbite) અને હાયપોથર્મિયા રોગ થઈ શકે

નડિયાદ, તા.૧૬

નડિયાદ સહિત જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનો ચમકારો પ્રજાને ધ્રૂજાવી રહ્યો છે વહેલી સવારે અને સાંજે આ ચમકારો વધુ હોય બહાર નીકળવું મુશ્કેલ બને છે બજારો પણ વહેલા બંધ થઈ જાય છે વૃદ્ધો બાળકો અને મહિલાઓ શીતલેહરમાં આવી જતા બીમાર પડતી હોય છે તબીબો કહે છે કે હિમ લાગવાથી ચામડીનું સૂઝવું (Frostbite) અને હાયપોથર્મિયા રોગ હોઈ શકે છે, આવા વખતે તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક સાધવો જોઈએ. ખેડા જિલ્લાની પ્રજા છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીમાં ધ્રૂજી રહે છે ખાસ કરીને શ્રમજીવોની હાલત ખૂબ જ કફોડી બને છે ઠંડીના કારણે ઘણી વખત વિવિધ પ્રકારના રોગોની શક્યતાઓ વધી જાય છે જેવા કે, ફ્લૂ, ઉધરસ અને શરદી વગેરેના લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. ઠંડીથી બચવા માટે પૂરતા ગરમ કપડાં જેવા કે મોજા, ટોપી, મફલર અને બુટ વગેરે પહેરવા જોઈએ. શીત લહેર દરમ્યાન ચુસ્ત કપડાં ન પહેરો, તે રક્ત પરિભ્રમણને ઘટાડે છે. તેથી લૂઝ-ફિટિંગ અને સુતરાઉ કપડાં બહારની તરફ અને ઊની કપડાં અંદરની તરફ પહેરવા જોઈએ. નિયમિત ગરમ પાણી પીતા રહો હાયપોથર્મિયાના લક્ષણો જેવા કે શરીરનું તાપમાન સામાન્ય કરતા ઓછું થવું, ધ્રૂજારી કે કંપારી જે બંધ ન થવી, યાદદાસ્ત ગુમાવવી, મૂર્છા અથવા બેભાન થવું, અસ્પષ્ટ વાણી થવી વગેરે લક્ષણો જોવા મળે તેવા કિસ્સામાં યોગ્ય સારવાર માટે નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. અતિશય ઠંડી (શીત લહેર) દરમ્યાન ડાયાબિટીસ, હાઈ-બ્લડપ્રેશર, શ્વસન સંબંધી રોગો જેવા ક્રોનિક રોગોવાળા દર્દીઓએ, વૃદ્ધ પુરૂષો/મહિલાઓ જેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ વગેરેની આવી પ્રાથમિકતામાં કાળજી લેવી જોઈએ.

● અતિશય ઠંડીમાં પર્યાપ્ત વેન્ટિલેશન હોય ત્યારે જ રૂમ હીટરનો ઉપયોગ કાળજીપૂર્વક અને સાવચેતીથી કરો અને બંધ રૂમને ગરમ કરવા માટે કોલસાનો ઉપયોગ ન કરો કારણ કે કોલસા સળગવાથી કાર્બન મોનોક્સાઇડ ઉત્પન્ન થાય છે, જે આપણા સ્વાસ્થ્ય માટે જોખમી છે જેનાથી કોઈનું મૃત્યુ પણ થઈ શકે છે.

● અતિશય ઠંડીથી પ્રભાવિત શરીરના ભાગને મસાજ ન કરો તેનાથી વધારે નુકસાન થઈ શકે છે.

● શીત લહેરમાં ભારે ઠંડીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ત્વચા સખત અને સુન્ન થઈ શકે છે. હાથ/પંજા, નાક અને આંગળીઓ જેવા શરીરના ભાગો પર લાલ ફોલ્લા થઈ શકે છે. શરીરનો ભાગ મરી જવાથી ત્વચાની લાલાશ કાળી થઈ શકે છે, તે ખૂબ જ જોખમી અને ખતરનાક છે જેને ગેંગરીન રોગ કહેવાય છે. આ માટે તાત્કાલિક ડૉક્ટરની સલાહ લો.

● શીતલહેર સંપર્કને કારણે હિમ લાગવાથી ચામડીનું સૂજવું (Frostbite) અને હાયપોથર્મિયા રોગ હોઈ શકે છે, હિમ લાગવાથી ચામડીનું સૂજવું (Frostbite)નાં કારણે શરીરના અંગો, આંગળીઓ અને અંગૂઠા સુન્ન થઈ જાય છે, નાક અને કાનની ચામડીનો રંગ સફેદ કે પીળો થઈ જાય છે, જો આવા લક્ષણો જોવા મળે, તો તરત જ ડૉક્ટરની સલાહ લો.

● શીતલહેર (હાયપોથર્મિયા)ના સંપર્કમાં આવવાથી શરીરનું તાપમાન ઘટી શકે છે, જેના કારણે બોલવામાં તકલીફ, ઊંઘ ન આવવી, સ્નાયુઓની તકલીફ, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જેવા લક્ષણો જોવા મળે છે, તાત્કાલિક ડૉક્ટરની સલાહ લો. એવું તેવું જાણકારો કહે છે.

પાલેજમાં લેહરી કોટન જીન ખાતે સી.સી.આઈ. દ્વારા કપાસ ખરીદીનો પ્રારંભ

પાલેજ, તા.૧૬

ભરૂચ જિલ્લામાં કપાસનાં ગઢ સમાન ગણાતા પાલેજ પંથકમાં ચાલું વર્ષે અતિ વરસાદનાં પગલે ખેડૂતોને કપાસનાં પાકોમાં ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. તેવા સંજોગોમાં સી સી આઈ દ્વારા ખેડૂતોનાં કપાસના ન્યૂનતમ ભાવો ૭૪૦૦ રૂપિયામાં પ્રતિ ક્વિન્ટલ ખરીદી કરવાની શરૂઆત સીમલીયા રોડ ઉપર લેહરી કોટન જીનીગ ખાતે કરવામાં આવી છે. અહી થોડાં જ સમયમાં અંદાજે ચાર હજાર ક્વિન્ટલ કપાસની ખરીદી કરાયાનો અંદાજ છે. ભારતીય કપાસ નિગમ લિમિટેડ(cci)એ ન્યૂનતમ ટેકાનાં ભાવ (msp)હેઠળ કપાસ ની ખરીદી હાથ ધરવા માટે ભારત સરકારની કેન્દ્રીય નોડલ એજન્સી છે. આ ન્યુનત્તમ ટેકાનાં ભાવની (msp) યોજના કપાસનાં ખેડૂતોને વ્યાજબી સરેરાશ ગુણવત્તા(faq) ગ્રેડનાં કપાસને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ ન્યૂનતમ ટેકાનાં ભાવ (msp) દરો પર વેચાણ માટે વૈકલ્પિક માર્કેટિંગ પ્રલાણી પૂરી પાડે છે. એમ પાલેજ સી સી આઈનાં એજન્ટ દીપક ભાઈ એ ખેડૂતો સમક્ષ જણાવ્યું હતું.

સુરત : ઈચ્છાપોરમાં ટેન્કરની કેબિનમાંથી ડ્રાયવરનો મૃતદેહ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

ઈચ્છાપોર રિલાયન્સ કંપનીના ગેટ નંબર ૧ પાસે ટેન્કરમાંથી ડ્રાઈવરનો મૃતદેહ મળી આવ્યો હતો. ડ્રાઈવરનો સંપર્ક નહી થતા તપાસ કરવામાં આવી હતી. અને ટેન્કરના બંધ દરવાજા-બારી પૈકી બારી તોડવામાં આવતા તે અંદર મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજસ્થાનના ઝૂનઝૂનનો વતની અને હાલમાં ઈચ્છાપોર ખાતે આવેલા રિલાયન્સ કંપનીના ગેટ -૧ સામે ટીકે પટેલ સર્વીસ સ્ટેશનના પાર્કિંગમાં ટેન્કરના કેબિનમાં રહેતો ૫૦ વર્ષીય બનવારી ભગવાન રામનો ગઈ કાલે ટેન્કરના કેબિનમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે બનવારી ટેન્કરનો ડ્રાઈવર હતો. ૧૨ મીએ તે ટેન્કર લઈને સુરત આવ્યો હતો.અને પાર્કિંગમાં ટેન્કર પાર્ક કરી કેબિનના દરવાજા અને બારીઓ અંદરથી બંધ કરી સુઈ ગયો હતો. ગઈ કાલે તેનો સુપરવાઈઝર તેને કોલ કરી રહ્યો હતો. જોકે તે કોલ રિસીવ નહી કરતો હતો જેથી જીપીઆરએસથી લોકેશન ટ્રેસ કરતા ટેન્કર પાર્કિંગમાં હોવાનું જાણવા મળ્યું હતું.જેથી સુપરવાઈઝર ત્યાં પહોચ્યો હતો. ટ્રકના દરવાજા તથા બારીઓ ખખડવા છતાં નહીં ખોલ્યા હતા. જેથી તેમણે કઈક અજુગતું થયું હોવાનું શંકા ગઈ હતી. જેથી પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી.ઈચ્છાપોર પોલીસ તથા ૧૦૮ની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. અને કેબિનની બારી તોડતા ડ્રાઈવર બનવારી અંદરથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ સિવિલમા મોકલી આપી હતી. પ્રાથમિક તબક્કે હાર્ટ એટેક હોવાનું જાણવા મળ્યું છે.

ડભોઈ શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ જવાના રસ્તે

સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાના રસ્તા પર જાહેરમાં બાયોમેડિકલ વેસ્ટ નંખાતા ચકચાર

ડભોઈ, તા.૧૬

ડભોઇ શિનોર ચોકડીથી નાંનોદી સહિતનો ભાગોળ જવાના રસ્તા પર સ્ટેચ્યુ ઓફ યુનિટીના મેન રસ્તા પર કોઈ હોસ્પિટલ વેસ્ટ કચરો ઈંજેક્શન-દવાઓ બાટલા સહિતનો કચરો નાખ્યો છે શું ડભોઇ નગરપાલિકા અને આરોગ્યતંત્ર હોસ્પિટલ દ્વારા કોઈ પગલા લેશે. સામે આજુબાજુની સોસાયટીઓના રહીશોના આરોગ્યને હાનિ પહોંચે તેમ લાગી રહ્યું છે. જાણવા મળતી માહિતી મુજબ ડભોઇ શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ જવાના રસ્તે વન વિભાગની કચેરી પાસે ખુલ્લામાં કોઈ હોસ્પિટલના સંચાલકો દ્વારા બાયોમેડિકલ વેસ્ટ જેમાં સોય સાથેની સિરીંજો ગાદલા તકિયા વગેરે હોસ્પિટલમાં ઉપયોગમાં લેવાતો વેસ્ટ ખુલ્લામાં રખડતો જોવા મળી રહ્યો છે. આ રોડ પરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ જઈ શકાય છે. આ બાયોમેડિકલ વેસ્ટ ક્યાંથી આવ્યો અને કોણ નાખી ગયો તેની તપાસ હાથ ધરવામાં આવશે ખરા ? દવાખાનાનો બાયોમેડિકલ વેસ્ટ ખુલ્લામાં પડેલો એ ગંભીર બાબત છે.

ખેડા જિલ્લામાં યોજાયેલ

લોક અદાલતોમાં ૨૮ કરોડથી વધુ વળતરના કુલ ૯,૨૮૧ કેસોનો નિકાલ

નડિયાદ, તા.૧૬

નડિયાદમાં આવેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઉપરાંત ખેડા જિલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત કોર્ટો ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન આજે કરવામાં આવ્યું હતું જેમાં રૂા.૨૮ કરોડથી વધુ સમાધાન-વળતરનાં કુલ-૯૨૮૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગેજિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડિયાદના ફૂલ ટાઈમ સેક્રેટરી ડી.બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપી હતી.

આ નેશનલ લોક અદાલતમાં કોર્ટોમાં ચાલી રહેલાં પેન્ડીંગ કેસોનાં નિકાલમાં જવલંત પરિણામ મળેલ છે. જેમાં મોટર વાહન અકસ્માત વળતરના ૨૦૫ કેસોમાં રૂા.૭,૯૭,૧૯,૯૭૫/-નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮નાં ચેક રિટર્નના ૬૭૬ કેસોમાં રૂા. ૧૦,૮૦,૨૮,૯૫૩/-, એનસર પ્રકારનાં ૬૯૨ કેસો, સ્પેશીયલ સીટિંગ ઓફ મેજિસ્ટ્રેટ કોર્ટમાં લાગુ પડતાં ૨૦૮૩ કેસો, બેંક/મની રિકવરીના ૩૪ કેસોમાં રૂા.૧,૬૧,૧૩,૩૮૩/-, લગ્નવિષયક દાવાઓના ૫૨ કેસોમાં રૂા.૧૪,૮૭,૫૫૦/-, વીજળી-પાણી બિલ લેણાંનાં ૪૧૨ કેસોમાં રૂા.૫૨,૫૮,૦૫૭/-, અન્ય સિવિલ દાવાઓનાં ૧૧૧ કેસોમાં રૂા.૩,૧૧,૬૦,૧૯૭/-, સમાધાન લાયક તથા અન્ય ક્રિમીનલ કેસોના ૮૮ કેસોમાં રૂા.૧,૬૮,૧૨,૭૫૦/- તથા ફેમિલી કોર્ટના ૩૫૧ મળીને ૪૭૦૪ કેસોમાંથી ૧૦ વર્ષ જુના કુલ-૧૨ કેસો જેટલાં પેન્ડિંગ કેસોની સાથે રાષ્ટ્રીયકૃત બેંકો, મધ્ય ગુજરાત વીજ કંપની, અન્ય નાણાકીય સંસ્થાઓનાં લેણી રકમના કોર્ટમાં દાખલ નહીં કરાયેલ તેવા પ્રિલિટિગેશન પ્રકારનાં ૧૪૮૩ કેસોમાં રૂા.૨,૭૩,૧૬,૦૪૩/- સહિત કુલ રૂા.૨૮,૫૮,૯૬,૯૦૮/-ની રકમનાં સમાધાન વળતરનાં કેસોનો નિકાલ થયો હતો તથા ટ્રાફીક નિયમ ભંગને લગતાં ટ્રાફીક ચલણનાં ૩૦૯૪ કેસોમાં રૂા.૨૮,૬૦,૮૫૦/-ની રકમ દંડ પેટે સરકાર ખાતે વસુલાત લઈને ૨૮ કરોડથી વધુ સમાધાન-વળતરનાં કુલ-૯૨૮૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ લોક અદાલતમાં વિશેષ મોટર વાહન અકસ્માત વળતરના ફકત બે (૦૨)જ કેસોમાં મોટર વાહન અકસ્માતમાં ગુજરનારનાં વરસદારો પરિવારજનોને કુલ રૂા.૬૫,૭૦,૦૦૦/- ચૂકવવામાં આવ્યા હતા

ખેડામાં પાંચ પાલિકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ રાજકીય હલચલ શરૂ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૬

ખેડા જિલ્લામાં જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીમાં સંભવિત જિલ્લા પંચાયત અને ૫ પાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવાની છે. જેને લઈને જિલ્લાના રાજકીય પક્ષોએ પૂર્વ તૈયારીઓ આરંભી દીધી છે. બે મહત્વના પક્ષ ભાજપ અને કોંગ્રેસે તમામ તૈયારીઓ શરૂ કરી છે. જેથી જિલ્લામાં કડકડતી ઠંડીના ચમકારા વચ્ચે રાજકીય ગરમાવો આવી ગયો છે. ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ આગામી દિવસોમાં જામશે. જેમાં ખેડા જિલ્લા પંચાયત અને ૫ નગરપાલિકા ખેડા, ડાકોર, મહેમદાવાદ, મહુધા, ચકલાસી તેમજ કઠલાલ અને કપડવંજ એમ બે તાલુકા પંચાયતમાં ચૂંટણી યોજાવાની છે. સંભવિત જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીમાં આ ચૂંટણી યોજાઈ શકે છે. આ ચૂંટણી પહેલા જ જિલ્લાના બે મહત્વના પક્ષોએ સંગઠનને મજબુત કરી ચૂંટણીની પૂર્વ તૈયારીઓ આરંભી છે. ભાજપ શાસિત જિલ્લામાં જિલ્લા પંચાયત છેલ્લા કેટલાક ટર્મથી ભાજપના કબજામાં છે. જયારે ૫ પાલિકાની વાત કરીએ તો, આ પાંચેય નગરપાલિકાની મુદ્દત ૨ માર્ચ ૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. જયારે આ પાંચેય પાલિકાના પ્રથમ ટર્મમાં ભાજપનું શાસન હતું. જયારે બીજા ટર્મમાં પાંચ પૈકી ત્રણ પાલિકામાં ભાજપની સત્તા રહી હતી. જેમાં મહેમદાવાદ, ડાકોર અને ચકલાસી નગરપાલિકાનો સમાવેશ થાય છે. જયારે ખેડા નગરપાલિકામાં બીજા ટર્મમાં ભાજપ પાસેથી સત્તા આંચકીને અપક્ષે સત્તા સંભાળી હતી. અને મહુધામાં ભાજપ પાસેથી સત્તા આંચકીને કોંગ્રેસે સત્તાનું સુકાન સંભાળ્યું હતું. હાલ આ પાંચેય પાલિકાની બીજી ટમ પૂર્ણ થતા વહીવટી શાસન છે.

જેલમાં પરત જવું ન પડે તે માટે જામીન ઉપર આવેલા શખ્સે આપઘાત કર્યો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

બીલખાના બાદલપુર ગામે રહેતો યુવાન બળાત્કારના ગુન્હામાં એક વર્ષથી જેલમાં હોય અને સાત દિવસના વચગાળાના જામીન ઉપર આવેલ હોય અને તેની રજા પૂરી થતાં જેલમાં પરત જવાનું હોવાથી યુવકે સેલફોસનો પાઉડર પી જતાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું બીલખા પોલીસ મથકે નોંધાયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બીલખા પોલીસ મથકે બાલાચનાભાઇ બારૈયાએ જાહેર કરેલ કે તેમનો પુત્ર મિતુલ (ઉ.વ.૨૭) બળાત્કારના ગુનામાં એક વર્ષથી જૂનાગઢ જેલમાં હોય અને સાત દિવસના વચગાળાના જામીન ઉપર પોતાના ઘરે આવેલા હોય અને તેની રજા પૂરી થતાં જેલ જવાનું હોય જેથી પોતાને જેલમાં જવું ન પડે તે માટે તે પોતાની મેળે સેલફોસનો પાઉડર પી જતાં સારવાર દરમ્યાન મોત નિપજયું છે. આ મામલે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

અંકલેશ્વરના રવીદ્રા ગામ નજીક

સુરતથી ઘન કચરો લાવી ગેરકાયદેસર રીતે ઠાલવવાનું કૌભાંડ ઝડપાયું

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર તા.૧૬

અંકલેશ્વરના રવીદ્રા ગામ તરફના માર્ગ ઉપરથી કોઈપણ જાતની મંજુરી વિના ઘન કચરો ખાલી કરવા સુરતથી આવેલ ત્રણ હાઈવા ટ્રક ડીટેઈન કરી ૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરાઈ છે. અંકલેશ્વરની પાનોલી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન પાનોલીથી રવીદ્રા ગામ તરફના માર્ગ ઉપર ત્રણ હાઈવા ટ્રકમાં ઘન કચરો ભરેલ હતો જે ટ્રકને અટકાવી ટ્રક ચાલક સુરેશ બચું નીનામા, રણજીત પન્સિંગ વાસકેલા અને સંજીત ગૌરી યાદવની કચરા બાબતે પુછપરછ કરતા આ કચરો સુરતની સચિન જી.આઈ.ડી.સી.પાસે ખજોડ ડમ્પિંગ સાઈટ ખાતેથી ઘન કચરો ભરી રવીદ્રા ગામના જાબીર પટેલના ખેતરમાં ખાલી કરવા માટે જતા હોવાનું જણાવ્યું હતું પોલીસે ત્રણેય ટ્રક ચાલકો પાસે ગ્રામ પંચાયત, આરોગ્ય વિભાગ, જી.પી.સી.બી તેમજ ફાયર વિભાગ સહીત સંબંધિત વિભાગોની મંજુરી બાબતે પૂછતા તેઓએ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન થાય તેવા કૃત્ય બદલ ગુનો નોંધી ૭૧ હજારથી વધુ કિલો ગ્રામ ઘન કચરો અને ત્રણ વાહનો મળી કુલ ૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

પ્રસૂતાને અચાનક પ્રસવ પીડા ઉપડતા

ધ્રાંગધ્રાના દુદાપુર ગામની પ્રસૂતાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાઈ

સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા તાલુકાના દુદાપુર ગામના વાડી વિસ્તારમાં રહેતાં મનીષાબેનને અચાનક પ્રસવ પીડા ઉપડતા તેમના પરિજનોએ તેમને હોસ્પિટલ પહોંચાડવા માટે ૧૦૮ને જાણ કરી હતી. ગણતરીની મિનિટોમાં જ ૧૦૮ની માલવણ ટીમના ઈએમટી પંકજ પરમાર પાયલોટ ઘનશ્યામભાઈ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રસૂતાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં પ્રસુતાને વધારે દુઃખાવો ઉપાડતા ૧૦૮ સાઈડમાં જ ઊભી રાખી એમ્બ્યુલન્સમાં રહેલા સ્ટાફ દ્વારા એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પ્રસૂતિ કરવામાં આવી હતી. વધુ સારવાર અર્થે આ મહિલાને ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં હાજર તબીબોએ મહિલાને બાકીની સારવાર આપી હતી. હાલ નવજાત શિશુ તથા માતા બંને સંપૂર્ણપણે સ્વસ્થ છે.

ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૮ દ્વારા અનેકવાર પ્રસુતાને સેવા પૂરી પાડવામાં આવી છે. ૧૦૮ની સેવા થકી જિલ્લાના અંતરિયાળ અને છેવાડાની પ્રસૂતા માતાના ઘરના ઉમરા સુધી પહોંચીને યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે મહત્ત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે.

બોડેલીના ડભોઇ રોડ પર

બાઈક-એક્ટિવા વચ્ચે અકસ્માત બાદ લોકોએ જમીન પર પડેલ દારૂની લૂંટ ચલાવી

(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી, તા.૧૬

બોડેલીના ડભોઇ રોડ પર ઈંગ્લીશ દારૂના ખેપીયાએ એક્ટિવા અડફેટમાં લેતા દારૂનો બેગ નીચે પડતા લોકોએ દારૂ ની. લૂંટ ચલાવી હતી બોડેલી પોલીસ સ્થળ પર આવી બચેલો દારૂ જપ્ત કરી ખેપીયારી અટક કરી હતી. મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા આજ રોજ સવારે ૯ વાગ્યાના સુમારે બોડેલીના ડભોઇ રોડ પર પાણી ટાંકી પાસે છોટાઉદેપુર તરફથી પુરઝડપે આવતી એક બાઈકે સામેથી આવતી એક્ટિવાને અડફેટમાં લીધી હતી અને બન્ને વાહન ચાલકો નીચે પટકાતા ઈજા થઈ હતી અકસ્માતને લઈ લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા પરંતુ બાઈક ચાલકની પાસેનો થેલો જમીન પર પડતા અંદર ઈંગ્લીશ દારૂનો જથ્થો હતો જેને જોઈ દારૂ સેવન કરતા લોકોના મોઢામાં પાણી આવતા દારૂની પ્લાસ્ટિકની બોટલો ટપોટપ ઉપાડવાનું ચાલુ કરતા લૂંટ મચી હતી બોડેલી પોલીસ ઘટના સ્થળે દોડી આવતા વધેલ મુદ્દામાલ જપ્ત કરી ઈજાગ્રસ્ત ખેપીયાને સારવાર અર્થે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો અને હજુ મોટરસાયકલની અંદરના ભાગે પણ ઈંગ્લીશ દારૂની બોટલ હોવાનું દેખાતું હતું. જયારે એક્ટિવા ચાલકને પણ ઈજા થતાં સારવાર અર્થે દવાખાને લઈ જવાયો હતો.

જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાનું સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૧૬

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાનું સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે. ગુજરાત સરકારના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં વસતા અને પોતાની અલગ ઓળખ ધરાવતા વિશેષ પ્રતિભાશાળી સિદ્દી બહેનો-ભાઈઓને એક વિશેષ તક આપવા ગુજરાત કટીબંધ છે. ત્યારે આગામી દિવસોમાં વર્ષ ૨૦૩૬ના ઓલમ્પીકને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા આ કેમ્પ યોજવામાં આવેલ છે. તે અંતર્ગત તા.૧૫/૧૨/૨૦૨૪થી ૨૭/૧૨/૨૦૨૪ દરમિયાન બહેનો અને ભાઈઓ એમ બે વિભાગમાં સાત દિવસીય તાલીમ શિબિર અને પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેના ભાગરૂપે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપી સિદ્દી બહેનો-ભાઈઓના રમત કૌશલ્યની ઓળખ કરવામાં આવશે. આ તાલીમ કેમ્પમાં ગુજરાતના દરેક જિલ્લાની જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ડોર ટુ ડોર નોધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી અને સમગ્ર ગુજરાતમાં ૮થી ૧૪ વર્ષના બાળકોની જિલ્લાકક્ષાએ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી, જેઓના હવે રાજ્યકક્ષાએ સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ તા.૧૫થી ૨૭ ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જૂનાગઢ ખાતે યોજવામાં આવી રહ્યો છે. આ કેમ્પમાં તેઓને તાલીમ ભોજન, નિવાસ, ટી-શર્ટ અને આવવા-જવાનું પ્રવાસ ભથ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવનાર છે.

પાટણ જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૬

પાટણ જિલ્લા અદાલત સહિત જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી. આ લોક અદાલતમાં ૨૩૫૮૯ કેસોમાંથી ૪૬૦૯ કેસોનો નિકાલ કરી રૂા. ૧૦.૨૬ કરોડના એવોર્ડની રકમોના સેટલમેન્ટ થયું હતું.

આ લોક અદાલતમાં ફોજદારી, દિવાની કેસો ઉપરાંત ટ્રાફીક ભંગનાં ઈ-મેમો-ચલણ, ઉત્તર ગુજરાત વીજ કંપની, સાબરમતી ગેસ કંપની, બેંકો, વીમા કંપનીઓ વગેરેએ પોતાનાં વિવિધ પ્રકારનાં વસુલાતનાં કેસોને સુનાવણી માટે મુક્યા હતા. જેમાં મોટી સંખ્યામાં કેસોનો નિકાલ કરાયો હતો. પાટણ ખાતેની લોક અદાલતમાં પાટણની સાબરમતી ગેસ કંપનીએ તેનાં ગેસનાં બાકી બીલોની વસૂલાત માટેનાં ૩૨૮ જેટલા કેસો મુકીને રૂા. ૧૭.૫૦ લાખની વસૂલાત મૂકી હતી. આ એ બિલો બાકી હતા જેઓને તેઓએ નોટિસો આપી હતી તથા જે લોકોએ પીએનજી ગેસના લાઈનનાં જોડાણો કઢાવી નાંખ્યા છે પરંતુ મિટરો હજુ કાઢવાના બાકી હોય તેવાઓના બિલોનો સમાવેશ થતો હતો. લોક અદાલતમાં કુલ પ્રિ-લીટીગેશન કેસો ૧૯૨૧૩ મૂકવામાં આવેલ હતા. જેમાંથી કુલ ૧૪૬૭ જેટલા કેસોનો સુખદ નિકાલ થયો હતો અને તેમાં સેટલમેન્ટ એવોર્ડની રકમ રૂા. ૮૮,૧૫,૦૨૧ જેટલું થયેલ અને રેગ્યુલર લોક અદાલતમાં કુલ ૧૬૧૦ જેટલા કેસો પૈકી ૭૧૦ જેટલા કેસોમાં સુખદ સમાધાન થતાં સેટલમેન્ટ રકમ રૂા.૯,૩૮,૨૮,૬૦૪ના એવોર્ડ કરાયા હતા ૨૭૬૬ પૈકી ૨૪૩૨ જેટલા ક્રિમીનલ કેસો ફેસલ કરવામાં આવેલ છે. કુલ ૨૩૫૮૯ કેસો મૂકાયા હતા તેમાંથી ૪૬૦૯ કેસોનો સુખદ નિકાલ કરાયો હતો.

ઈઝરાયેલ દ્વારા વેસ્ટ બેંકમાં ૭, ઓકટોબર ૨૦૨૩થી ૧૨,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓની અટકાયત કરવામાં આવી

(એજન્સી) તા.૧૬

ઓકટોબર ૭, ૨૦૨૩ ઈઝરાયેલ-હમાસ યુદ્ધની શરૂઆતથી ઈઝરાયેલના કબજાવાળા વેસ્ટ બેંકમાં ૭૯૫ બાળકો અને ૪૪૦ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧૨,૧૦૦ પેલેસ્ટીનીઓની અટકાયત કરવામાં આવી છે. એક નિવેદનમાં, પેલેસ્ટીની પ્રિઝનર્સ ક્લબે જણાવ્યું કે મોટાભાગની ધરપકડો કબજાવાળા અલ-ખલીલ અને અલ-કુદ્સ રાજ્યોમાં થઈ હતી. ઈઝરાયેલી દળોએ ૧૪૧ પત્રકારોની પણ અટકાયત કરી હતી, જેમાંથી ૫૯ જેલમાં છે, જેમાં પાંચ મહિલાઓ અને ગાઝાના ૩૩ પત્રકારોનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન ૧૦,૦૦૦થી વધુ વહીવટી અટકાયતના આદેશો જારી કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલ વહીવટી અટકાયતનો ઉપયોગ પેલેસ્ટીનીઓને છ મહિના સુધી અજમાયશ અથવા આરોપ વિના અટકાયતમાં કરવા માટે કરે છે, જે અનિશ્ચિત સમય સુધી લંબાવી શકાય છે. ઈઝરાયેલી દળો વારંવાર વેસ્ટ બેંક અને જેરૂસલેમમાં વ્યાપક ધરપકડ ઝુંબેશ ચલાવે છે, અને દાવો કરે છે કે તેઓ 'વોન્ટેડ' પેલેસ્ટીનીઓને શોધી રહ્યા છે. ઈઝરાયેલી ધરપકડ ઝુંબેશ દરમિયાન, સેના નિર્દયતાથી ઘણા પેલેસ્ટીનીઓ પર હુમલો કરે છે અને પૂછપરછ કરે છે, જેના કારણે તેમના ઘરો અને મિલકતોને નોંધપાત્ર નુકસાન થાય છે. ધરપકડની કાર્યવાહી ઉપરાંત સુરક્ષા દળોએ કેદીઓના પરિવારના સભ્યોને પણ ફાંસી આપી હતી. ઓકટોબર ૭થી વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી હુમલાઓ તીવ્ર બન્યા છે, પરિણામે ઓછામાં ઓછા

૮૦૯ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૬,૪૫૦થી વધુ ઘાયલ થયા છે. દાયકાઓથી પેલેસ્ટીનીઓ પર જુલમ ગુજારતા ઈઝરાયેલી શાસન સામે હમાસના ઓપરેશન અલ-અક્સા પૂર બાદ ઈઝરાયેલે ૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ ગાઝા પર યુદ્ધ શરૂ કર્યું હતું. ત્યારથી, ગાઝા પર ઈઝરાયેલના હુમલાના પરિણામે ૪૪,૯૩૦ પેલેસ્ટીનીઓના મૃત્યુ થયા છે, જેમાં મુખ્યત્વે મહિલાઓ અને બાળકો, અને ૧૦૬,૬૨૪ ઘાયલ થયા છે, અને હજારો વધુ ગુમ થયા છે અને મૃત માનવામાં આવ્યા છે.

ઈઝરાયેલી સેનાએ મહિનાઓ સુધી સીરિયા તરફના કબજાવાળા બફર ઝોનમાં રહેવાનો નિર્ણય લીધો

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે શુક્રવારે ઈઝરાયેલની સેનાને શિયાળાના મહિનાઓ દરમિયાન માઉન્ટ હરમોન પર્વતની સીરિયન બાજુના બફર ઝોનમાં તૈનાત રહેવાની સૂચના આપી હતી. ૮ ડિસેમ્બરે, આ વિસ્તાર ઈઝરાયેલી દળો દ્વારા કબજે કરવામાં આવ્યો હતો. તે જ દિવસે, શાસન વિરોધી દળો દમાસ્કસમાં પ્રવેશ્યા, બશર અલ-અસદને રશિયા ભાગી જવાની ફરજ પડી. કાત્ઝે એક નિવેદનમાં જણાવ્યું કે, 'સીરિયામાં જે થઈ રહ્યું છે તેના કારણે સુરક્ષાના દૃષ્ટિકોણથી પીક હર્મોનનું અમારું કબ્જર ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.' તેમણે જણાવ્યું કે આ વિસ્તારમાં ઈઝરાયેલી સૈન્યની સજ્જતાને સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પ્રયાસો કરવા જોઈએ, જેથી સૈનિકોને કઠોર હવામાનમાં પણ ટકી રહેવાની તક મળે સીરિયાની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કાત્ઝ, ચીફ ઓફ સ્ટાફ હરઝી હલેવી અને અન્ય સૈન્ય અધિકારીઓ વચ્ચે ગુરૂવારે મોડી રાત્રે થયેલી બેઠક બાદ કબજાવાળા પ્રદેશમાં સૈનિકોની તૈનાતી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક ઈઝરાયેલી સ્ત્રોત, જેમણે

અનામી રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, તેણે જણાવ્યું કે ઈઝરાયેલી સૈન્ય દળો સીરિયન સરહદ પરના ડિમિલેટરાઈઝ્ડ બફર ઝોનમાં ૨-૧૦ કિલોમીટર ઊંડે ઘૂસી ગયા હતા. જો કે, તેમણે બફર ઝોનમાં આવેલા સીરિયન ગામોની સંખ્યાનો ઉલ્લેખ કરવાનો ઈન્કાર કર્યો હતો જ્યાં 'સુરક્ષા કારણોસર' ઈઝરાયેલી દળો તૈનાત છે. ૧૩ વર્ષના ગૃહયુદ્ધ અને ૫૩ વર્ષનો દેશનિકાલ બાદ ૨૫ વર્ષ સુધી સીરિયાના નેતા બશર અલ-અસદને ૮ ડિસેમ્બરે સત્તા વિરોધી દળોએ કબજે કર્યા બાદ ઈઝરાયેલે બફર ઝોન પર કબજો જમાવ્યો હતો. યુનાઈટેડ નેશન્સ ડિસએંગેજમેન્ટ ઓબ્ઝર્વર ફોર્સ (UNDOF) અનુસાર, બફર ઝોન 'લંબાઈમાં ૭૫ કિલોમીટર વિસ્તરે છે'.

સીરિયામાં ઈઝરાયેલની એરસ્ટ્રાઈક યથાવત્, સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા

(એજન્સી) તા.૧૬

ઈઝરાયલ અને સીરિયામાં ચાલી રહેલા યુદ્ધ મોનિટરિંગ સૂત્રોએ જણાવ્યું હતું કે ઈઝરાયલના યુદ્ધ વિમાનોએ સીરિયાના વિવિધ ભાગોમાં જૂના લશ્કરી શસ્ત્રાગારો પર અનેક હવાઈ હુમલા કર્યા હતા. બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે રવિવારે જણાવ્યું હતું કે તાજેતરના હુમલામાં ઝમા નજીક બટાલિયન ૧૦૭ના મિસાઈલ બેઝ અને ગ્રામીણ ટાર્ટસમાં હથિયારોના વેરહાઉસને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ પહેલા રવિવારે સાંજે ઈઝરાયલી જેટે પૂર્વી સીરિયામાં દેઈર અલ-ઝોર લશ્કરી એરબેઝ પર રડાર ઈન્સ્ટોલેશન પર હુમલો કર્યો હતો. આ પહેલા રવિવારના રોજ, ઈઝરાયેલી વિમાનોએ ગ્રામીણ દમાસ્કસના પહાડોમાં જૂના હથિયારોના ડેપોને નિશાન બનાવ્યું હતું, જેના કારણે ઘણા મોટા વિસ્ફોટ થયા હતા. કોઈના ઘાયલ કે માર્યા ગયાના સમાચાર નથી. આ હુમલા ઈઝરાયેલના ચાલુ સૈન્ય અભિયાનનો એક ભાગ છે, જે ૮ ડિસેમ્બરથી શરૂ થઈ હતી. ઓપરેશનનો હેતુ સીરિયાના પૂર્વ નેતૃત્વ સાથે જોડાયેલી બાકીની લશ્કરી ક્ષમતાઓને લક્ષ્ય બનાવવાનો છે, કારણ કે નવા સત્તાવાળાઓ દેશની સુરક્ષા પરિસ્થિતિને સ્થિર કરવા માગે છે. ઈઝરાયેલી સૈનિકો યુએન દ્વારા દેખરેખ હેઠળના બફર ઝોનમાં પ્રવેશ્યા હતા જે ગયા સપ્તાહના અંતે ગોલાન હાઈટ્સ પર ઈઝરાયેલી અને સીરિયન દળોને અલગ પાડે છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે આ ૧૯૭૪ના યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન છે. યુનાઈટેડ કિંગડમ સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે જણાવ્યું હતું કે ઈઝરાયેલે પાંચ કલાકથી પણ ઓછા સમયમાં રાતોરાત સીરિયન સૈન્ય લક્ષ્યો પર ૬૧ મિસાઈલો છોડી હતી. આ

હુમલાઓએ હોમ્સ, ડેરા, સુવેદા અને દમાસ્કસ નજીકના કલામૌન પર્વતોમાં લશ્કરી વેરહાઉસીસ તેમજ હમા એરપોર્ટ પર સુરક્ષા સંબંધિત હુમલાઓને નિશાન બનાવ્યા હતા. હયાત તહરિર અલ-શામના નેતા અને સીરિયાના નવા વહીવટના વડા અહેમદ અલ-શારાએ કહ્યું કે ઈઝરાયેલ હવે સીરિયામાં તેના તાજેતરના હુમલાઓને યોગ્ય ઠેરવી શકશે નહીં. જો કે, તેમણે એમ પણ કહ્યું કે તેમનો દેશ અત્યારે કોઈ નવા સંઘર્ષમાં ફસવા માંગતો નથી. અલ-શારાએ કહ્યું, 'ઈઝરાયલીઓએ સીરિયામાં સ્પષ્ટપણે એક રેખા પાર કરી છે, જે આ ક્ષેત્રમાં નવી અને ખતરનાક પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.' તેમણે કહ્યું કે આ ઉલ્લંઘન હોવા છતાં, 'વર્ષોના યુદ્ધ અને સંઘર્ષ પછી સીરિયાનો થાક અમને નવા સંઘર્ષોમાં દોરવા દેતો નથી.' 'આ સમયે અમારી પ્રાથમિકતા પુનર્નિર્માણ અને સ્થિરતા છે,' તેમણે કહ્યું. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે તેમના દેશને 'સીરિયા સાથે સંઘર્ષમાં કોઈ રસ નથી.'

સીરિયાએ બંધારણ સ્થગિત કર્યું, અસદના પતનની ઉજવણી કરી, ઈઝરાયેલે હુમલા જારી રાખ્યા

(એજન્સી) તા.૧૬

સીરિયાની નવી સરકારે ગુરૂવારે જાહેરાત કરી કે તે દેશના બંધારણ અને સંસદને સ્થગિત કરશે. ૧૩ વર્ષ પહેલા શરૂ થયેલા સીરિયન બળવામાં વિજયની ઉજવણી અને દમાસ્કસ નજીક વધુ ઈઝરાયેલી હુમલાની માંગ વચ્ચે આ જાહેરાત આવી છે. બંધારણને ત્રણ મહિનાના 'વચગાળાના સમયગાળા' માટે સસ્પેન્ડ કરવામાં આવશે, જે દરમિયાન તેને સુધારવા માટે એક નવી 'કાનૂની અને માનવ અધિકાર સમિતિ'ની રચના કરવામાં આવશે. વર્તમાન સીરિયન બંધારણ, ૨૦૧૨માં અપનાવવામાં આવ્યું હતું, રાષ્ટ્રપતિને વ્યાપક સત્તાઓ આપે છે અને તેમના શાસન પર કોઈ ચેક અને બેલેન્સ મૂકતું નથી. સીરિયન સરકારના પ્રવક્તા ઓબેદાહ અર્નોતે જણાવ્યું કે આ દરમિયાન સીરિયામાં 'કાયદાનું શાસન' સ્થાપિત થશે. તેમણે જણાવ્યું કે સીરિયાની 'સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતા' નું સન્માન કરવામાં આવશે. શાસનના પતન પછી હજારો લોકોએ પ્રથમ શુક્રવારની ઉજવણી કરી હતી સીરિયનોએ પણ અસદ શાસનના પતન પછી પ્રથમ વખત

શુક્રવારની નમાજની ઉજવણી કરી અને તેનું આયોજન કર્યું. ૨૦૧૧માં સીરિયન બળવો દરમિયાન, શાસન વિરૂદ્ધ સામૂહિક વિરોધ સામાન્ય રીતે શુક્રવારે બપોરે પ્રાર્થના પછી થતો હતો. આ વિરોધોને દબાવવા માટે શાસને ઘાતક બળનો ઉપયોગ કર્યો, સેંકડો લોકો મૃત્યુ પામ્યા અને દેશને ૧૩ વર્ષ સુધી ચાલેલા જીવલેણ સંઘર્ષમાં ડૂબી ગયો, જેના પરિણામે અડધા મિલિયન લોકોના મોત થયા અને લાખો લોકોનું વિસ્થાપન થયું. પરંતુ આ શુક્રવારે, હજારો લોકો મધ્ય દમાસ્કસની ઐતિહાસિક ઉમૈયા મસ્જિદમાં આનંદપૂર્વક એકઠા થયા હતા. તેમાંથી કેટલાક ઉત્તર સીરિયાના અલેપ્પોથી પણ આવ્યા હતા. અલ-જઝીરાએ અહેવાલ આપ્યો છે કે ભેગા થયેલા લોકોમાં કેટલાક પૂર્વ કેદીઓ હતા જેમને અસદ શાસન દ્વારા ત્રાસ આપવામાં આવ્યો હતો, તેમજ અસદ શાસનના રાસાયણિક હથિયારોના હુમલામાં બચી ગયેલા લોકો પણ હતા.

ગાઝામાં મૃત્યુઆંક ૪૪,૯૦૦ને પાર, ઈઝરાયેલે વધુ ૫૫ પેલેસ્ટીનીઓની હત્યા કરી

(એજન્સી) તા.૧૬

ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૫૫ વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, જે ગયા વર્ષથી અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૪૪,૯૩૦ પર લાવે છે. મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ચાલુ હુમલામાં લગભગ ૧૦૬,૬૨૪ અન્ય લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું કે, 'ઈઝરાયેલી દળોએ પાછલા ૨૪ કલાકમાં ચાર પરિવારોના નરસંહારમાં ૫૫ લોકો મૃત્યુ પામ્યા અને ૧૭૦ અન્ય ઘાયલ થયા.' તેણે જણાવ્યું કે, 'ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે અને રસ્તાઓ પર ફસાયેલા છે કારણ કે બચાવ ટીમો તેમના સુધી પહોંચી શકી નથી. ગયા વર્ષે ઓક્ટોબરમાં પેલેસ્ટીની સમુહ હમાસ દ્વારા સીમાપારથી થયેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું છે. ગાઝામાં નરસંહારના બીજા વર્ષે વધતી જતી આંતરરાષ્ટ્રીય ટીકાને દોરવામાં આવી છે, અધિકારીઓ અને સંગઠનોએ હમલાને અને સહાય પુરવઠાને અવરોધિત કરવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે

ગયા મહિને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ વિરૂદ્ધ ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના અપરાધો માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ગાઝા પરના યુદ્ધને કારણે ઈઝરાયેલ પણ ઈન્ટરનેશનલ કોર્ટમાં નરસંહારના કેસનો સામનો કરી રહ્યું છે.

સીરિયાના હામા શહેરમાં ખાણ વિસ્ફોટમાં ૩ બાળકો સહિત ૬ નાં મોત

(એજન્સી) તા.૧૬

સીરિયન શહેર હામામાં ખાણ વિસ્ફોટમાં ૩ બાળકો સહિત ૬ લોકોના મોત થયા છે. સીરિયન નાગરિક સંરક્ષણ સમૂહ વ્હાઈટ હેલ્મેટના નિવેદન અનુસાર, શનિવારે હમા રાજ્યમાં સ્થિત રૂહૈયા ગામમાં લેન્ડમાઈન વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટના પરિણામે ત્રણ બાળકો સહિત એક જ પરિવારના છ લોકોના મોત થયા છે. એવું જોવામાં આવ્યું છે કે બશર અલ-અસદના શાસનના પતન પછી, નાગરિક સુરક્ષા દળોએ મુક્ત કરાયેલા વિસ્તારોમાં લેન્ડમાઈન સાફ કરવાનું ચાલુ રાખ્યું છે.

સીરિયાની મહિલા સંબંધીઓના ભાવિના પુરાવા માટે અસદની કુખ્યાત જેલમાં ભટકી રહી છે

(એજન્સી) તા.૧૬

જ્યારે હયાત અલ-તુર્કીને આઘાતજનક સમાચાર મળ્યા કે બળવાખોરોએ સીરિયાના દાયકાઓ જૂના શાસનને ઉથલાવી દીધું છે, ત્યારે તેણી કતલ ખાના તરીકે ઓળખાતી જેલમાં ગઈ. તે દુવા કરી રહી હતી કે તેનો ભાઈ અને ત્યાં જેલમાં બંધ અન્ય પાંચ સંબંધીઓ હજુ પણ જીવિત છે. પરંતુ કુખ્યાત સેડનાયા કમ્પાઉન્ડમાં ચાર દિવસ ભટક્યા પછી પણ તે જેલમાં તેના ભાવિ વિશેની કડીઓ માટે ભયાવહ છે, જે માનવ અધિકાર સમૂહો કહે છે કે તે વ્યાપક ત્રાસ અને ફાંસીની સજા માટે જાણીતો છે. તેણીએ જણાવ્યું કે 'હું અહીં સૂઉં છું, અલબત્ત હું ક્યારેય ઘરે જતી નથી, તેણીને તેના ભાઈ, કાકા અથવા પિતરાઈને શોધવાની આશા છે, પરંતુ તેઓ, જેલમાં શોધનારા અન્ય ડઝનેક સીરિયનોના સંબંધીઓની જેમ, ગાયબ થઈ ગયા. ૨૭ વર્ષીય યુવકને ૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ એક દસ્તાવેજ મળ્યો, જેમાં વિવિધ કેટેગરીના ૭,૦૦૦થી વધુ કેદીઓની સૂચિ હતી. તેણે જણાવ્યું કે, 'તેઓ ક્યાં છે? શું તેઓ આ જેલમાં ન હોવા જોઈએ?' અને તેમણે એમ પણ જણાવ્યું કે બહુ ઓછી સંખ્યામાં લોકોને મુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ બશર અલ-અસદની ક્રૂર અટકાયત પ્રણાલીમાંથી હજારો કેદીઓ ફાટી નીકળ્યા હતા કારણ કે બળવાખોરોએ રવિવારે તેમને સત્તા પરથી હાંકી કાઢ્યા હતા, તેમના પરિવારના પાંચ દાયકાના શાસનને ઉથલાવી દીધા હતા. ઘણા અટકાયતીઓને આંસુભર્યા સંબંધીઓ દ્વારા મળ્યા હતા જેઓ માનતા હતા કે તેઓ વર્ષો પહેલા મૃત્યુ પામ્યા છે. સેડનાયા ખાતેની ફાંસી મુલાકાતીઓને તેમના

સંબંધીઓએ ત્યાં વિતાવેલા કાળા દિવસોની યાદ અપાવે છે. ૦ 'હું આખી જેલની શોધ કરૂં છું હું પાંચ મિનિટથી ઓછા સમય માટે એક કોષમાં જાઉં છું, અને મને ગૂંગળામણ થવા લાગે છે,' તેના સામાનને શોધવા માટે બીજા સેલમાં જતા પહેલા. 'શું આ મારા ભાઈ માટે છે, ઉદાહરણ તરીકે? શું મને આમાં તેની ગંધ આવે છે? અથવા આ? અથવા તે તેનો ધાબળો છે?' તેણે તેના ભાઈનો ફોટો બતાવતા કહ્યું-જે ૧૪ વર્ષથી ગુમ છે. માનવ અધિકાર સમૂહોએ સીરિયન જેલોમાં સામૂહિક ફાંસીની ઘટનાઓની જાણ કરી છે, અને યુનાઈટેડ સ્ટેટ્સે ૨૦૧૭માં જણાવ્યું કે તેણે ફાંસીની સજા પામેલા કેદીઓ માટે સેડનાયામાં એક નવા સ્મશાનની ઓળખ કરી છે. યાતનાઓ વ્યાપકપણે દસ્તાવેજીકૃત કરવામાં આવી હતી.

ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ૩૪ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૧૬

ગાઝા પટ્ટીમાં વિસ્થાપિત પરિવારોના ઘરો અને તંબુઓને નિશાન બનાવતા ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૩૪ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા અને ડઝનેક ઘાયલ થયા. એક તબીબી સ્ત્રોતે જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ ઉત્તરીય શહેર બીટ હનુનમાં ઈઝબત અબ્દ રબ્બોમાં વિસ્થાપિત પરિવારો પર હુમલો કર્યો ત્યારે પંદર લોકો મૃત્યુ પામ્યા છે. પ્રત્યક્ષદર્શીઓએ અહેવાલ આપ્યો છે કે ભારે ગોળીબાર અને તોપમારા વચ્ચે ઈઝરાયેલી દળોએ ખલીલ ઓવૈદા સ્કૂલ પર કેટલાક કલાકો સુધી ઘેરાબંધી કર્યા બાદ હુમલો કર્યો હતો. ઈઝરાયેલના યુદ્ધ વિમાનોએ ઉત્તરી ગાઝાના અલ-નફાક વિસ્તારમાં એક ઘર પર હુમલો કર્યો, જેમાં પાંચ લોકો મૃત્યુ પામ્યા અને ઘણા લોકો ઘાયલ થયા. તેમણે જણાવ્યું કે ગાઝા સિટીના ઝેઈટૌન વિસ્તારમાં પેલેસ્ટીની ઘર પર થયેલા અન્ય હુમલામાં ત્રણ વધુ લોકો મૃત્યુ પામ્યા અને ઘણા ઘાયલ થયા. અન્ય એક સ્ત્રોતે જણાવ્યું કે ગાઝા સિટીના શેખ રદવાન પડોશમાં અન્ય એક ઘર પર ઈઝરાયેલી હુમલા બાદ ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા હતા, જેનાથી હુમલામાં મૃત્યુઆંક સાત થઈ ગયો છે.

તેમણે જણાવ્યું કે ઉત્તરી ગાઝાના બીતહનુન શહેરમાં ઈઝરાયેલના ગોળીબારમાં પતિ, પત્ની અને બે પુત્રીઓના મોત થયા છે. મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહમાં વિસ્થાપિત નાગરિકોને આશ્રય આપતા તંબુ પર ઈઝરાયેલી હુમલામાં આઠ લોકો ઘાયલ પણ થયા છે. ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ હમાસના હુમલાથી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ ચલાવ્યું છે, જેમાં ૪૪,૯૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા. ગાઝામાં નરસંહારના બીજા વર્ષે વધતી જતી આંતરરાષ્ટ્રીય ટીકાને દોરવામાં આવી છે, અધિકારીઓ અને સંગઠનોએ હમલાને અને સહાય પુરવઠાને અવરોધિત કરવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ગયા મહિને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ વિરૂદ્ધ ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના અપરાધો માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

ધર્મસ્થાનો અંગેના કેસો બાબતે નીચલી અદાલતો પર 'સુપ્રીમ' રોક

છેલ્લા કેટલાયે સમયથી જે રીતે મસ્જિદની નીચે મંદિર શોધવાનો જુવાળ દેશમાં શરૂ થયો છે અને આ બાબતના કેસો જુદી જુદી નીચલી અદાલતોમાં દાખલ કરાયા છે તેના લીધે એક અસમંજસ અને તણાવ સર્જાઈ રહ્યો છે. કેમ કે આપણા દેશમાં સંસદે પસાર કરેલા પ્લેસીસ ઓફ વર્સીસ એકટ ૧૯૯૧ના નામે જે કાયદો અમલી છે તે મુજબ ૧૯૪૭ સમયે જે ધર્મસ્થાન જે ધર્મ સાથે જોડાયેલું છે તે યથાવત રહેશે અને એમાં કોઈ ફેરફાર થશે નહીં પરંતુ તાજેતરમાં કેટલીક નીચલી અદાલતોએ આ કાયદાને સુસંગત ન હોય એવા નિર્દેશો જારી કરતાં મામલો સુપ્રીમકોર્ટમાં પહોંચ્યો જ્યાં દેશની સર્વોચ્ચ અદાલતે જે આદેશ આપ્યો છે તે હાલ તુરત રાહત આપનારો છે. સુપ્રીમકોર્ટના ત્રણ જજોની બનેલી બેંચે દેશની તમામ અદાલતોને સૂચના આપી છે કે તે કોઈપણ ધર્મસ્થાનો સંબંધિત સર્વે કે અન્ય કોઈપણ પ્રકારની રાહત માગતી અરજીઓ પર વિચાર ન કરે અને કોઈ વચગાળાનો કે આખરી ચુકાદો ન આપે. ઉલ્લેખનીય છે કે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ સંકુલ બાબતે એવો દાવો કરાયો હતો કે ત્યાં પહેલા હિન્દુ મંદિર હતું પરંતુ આ મામલે વિવાદ એટલે વધી ગયો કે સ્થાનિક અદાલતે આ જ્ઞાનવાપી મસ્જિદનો સર્વે કરાવવાનો આદેશ આપ્યો અને પછી આ સર્વેના આધારે મસ્જિદ સંકુલના એક હિસ્સામાં હિન્દુઓને પૂજા કરવાની છૂટ આપતો આદેશ કરી દીધો.

વારાણસી કોર્ટનો આ ચુકાદો જાણે કે ઘણા લોકો માટે એક દાખલો બની ગયો અને પછી તો દેશના જુદા જુદા વિસ્તારોમાં મસ્જિદો નીચે કોઈને કોઈ હિન્દુ મંદિરના અવશેષ હોવાના દાવા થવા લાગ્યા અને અદાલતોમાં કેસો પણ ચાલવા લાગ્યા. જેના ભાગરૂપે ઉત્તરપ્રદેશના સંભલમાં એક પૌરાણિક મસ્જિદ બાબતે તાજેતરમાં આ પ્રકારનો કેસ કરાયો જેની સુનાવણીમાં નીચલી અદાલતે મસ્જિદમાં સર્વેનો આદેશ આપી દીધો... જેના પગલે વાતાવરણ ડહોળાયું અને હિંસા ફાટી નીકળી જેમાં પાંચ યુવાનો માર્યા ગયા... હજી આ કરૂણ ઘટનાની શાહી પણ સુકાઈ ન હતી ત્યાં અજમેરની સુપ્રસિદ્ધ ખ્વાજા સાહેબની દરગાહ હિન્દુમંદિર પર બનાવાઈ હોવાનો કેસ કરી દેવાયો... તો ત્યાંની અદાલતે પણ સર્વેનો આદેશ આપી દીધો જેના કારણે દેશભરમાં ભારે ચકચાર મચી ગઈ અને વાતાવરણ ડહોળાવા લાગ્યું. ખાસ કરીને કરોડો ભારતીય મુસ્લિમોમાં તણાવ અને ચિંતાનું મોજું વ્યાપી ગયું હતું.... પરંતુ એ દરમ્યાન જ આ બાબતે મુસ્લિમ પક્ષે સુપ્રીમકોર્ટમાં દાદ માગતા હાલ તુરત સુપ્રીમકોર્ટે ઉપરોકત આદેશ કરીને રાહત આપી છે જો કે. આ અગાઉ પણ જ્યારે આ પ્રકારના દાવાઓ થવા લાગ્યા હતા. અયોધ્યા સ્થિત બાબરી મસ્જિદ તેમજ દેશમાં વિવિધ સ્થળે આવેલી મસ્જિદો કે દરગાહોને ગેરકાયદેસર જાહેર કરવાની અદાલતમાં અરજીઓ કરવામાં આવી હતી... એટલે તે વખતની સંસદે આવા તમામ વિવાદોને ધ્યાનમાં રાખીને ધર્મસ્થાન (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ (પ્લેસીસ ઓફ વર્સીસ એકટ-૧૯૯૧) બનાવવામાં આવ્યો હતો. આ કાયદો સ્પષ્ટપણે જણાવે છે કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં રહેલો ધર્મસ્થાનોની પ્રકૃતિ તે દિવસે જે હતી આ જ પર્યંત એવી જ રહેશે અને એમાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં જો કે એમાં અયોધ્યાના વિવાદિત માળખાને અલગ તારવવામાં આવ્યો હતો કારણ કે એ બાબતે પહેલાથી જ કેસો ચાલી રહ્યા હતા....ત્યાર બાદ આ પ્રકારની પ્રવૃત્તિઓ પર બ્રેક લાગી ગઈ હતી પરંતુ થોડા મહિનાઓ પહેલા જ્ઞાનવાપી મસ્જિદના સર્વેનો આદેશ અપાયા પછી આવા દાવાઓ ફરી શરૂ થયા અને ધર્મસ્થાનો અંગેના ૧૯૯૧ના કાયદાની ધરાર અવગણના થવા લાગી. હવે સુપ્રીમકોર્ટમાં પ્લેસીસ ઓફ વર્શીપ એકટની કલમ બે, ત્રણ અને ચારને રદ કરવાનો આદેશ આપવા માટે અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમકોર્ટ આ અંગે વિચારણા કરશે. તેથી જ નીચલી અદાલતોને ધર્મસ્થાનો વગેરેના સ્વરૂપ બદલવા માટે દાખલ કરવામાં આવેલી અરજીઓ પરની સુનાવણી આપમેળે મોકૂફ રાખવાની ફરજ પડે છે. જ્યારે પણ સુપ્રીમકોર્ટ સમાન પ્રકારના કેસની સુનાવણી કરે છે, ત્યારે નીચલી અદાલતોએ તેની સુનાવણી અટકાવવી પડે છે. આ જ નિયમ ધર્મ સ્થળ અધિનિયમ સાથે સંબંધિત બાબતોને લાગુ પડે છે. સુપ્રીમકોર્ટ આ મામલે શું નિર્ણય કરે છે તે જોવાનું રહ્યું, પરંતુ આપણે આપણા બંધારણની મૂળ ભાવના પર પણ ધ્યાન આપવાની જરૂર છે. આપણું બંધારણ બિનસાંપ્રદાયિકતા અને અન્ય ધર્મોના સન્માનની હિમાયત કરે છે. ઉપરોકત પ્રકારની પ્રત્યાઘાતી ક્રિયાઓ આપણી સામાજિક સમરસતાને ખોરવી નાખશે. સારી વાત એ છે કે, સુપ્રીમકોર્ટે આવા દાવાવાળી અરજીઓની સુનાવણી પર પ્રતિબંધ મૂકયો છે. પરંતુ આ અંગે અંતિમ અને કાયમી વ્યવસ્થા કરવાની જરૂર છે કે જેથી ભવિષ્યમાં કોઈ અશાંતિ, તણાવ કે અસ્થિરતા સર્જાય નહીં.

'કઠમુલ્લા' જેવા અપમાનજનક શબ્દો, 'બહુમતીની ઈચ્છા'નું વર્ચસ્વ : હાઈકોર્ટના વર્તમાન ન્યાયાધીશ શેખરકુમાર યાદવનું VHPના કાર્યક્રમમાં નફરતને પ્રોત્સાહન આપતું અતાર્કિક પ્રવચન

૮ ડિસેમ્બર, રવિવારના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના લાઈબ્રેરી હોલમાં તેમના દ્વારા આપવામાં આવેલા વિવાદાસ્પદ ૩૪ મિનિટના લાંબા ભાષણમાં જસ્ટિસ યાદવે મુસ્લિમ સમાજમાં દૂષણોના ઘણા સંદર્ભો આપ્યા હતા

હિંદુત્વ ઉગ્રવાદી જૂથ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં અલ્હાબાદ હાઈકોર્ટના સીટીંગ જજ શેખરકુમાર યાદવે ભારતના હિન્દુ સમુદાયનો ઉલ્લેખ કરીને કહ્યું કે દેશ "બહુમતીની ઈચ્છા" મુજબ જ કાર્ય કરશે અને તેમણે હિંદુ એકતા માટે આહ્વાન કરતા ભારતીય જનતા પાર્ટીના ઉશ્કેરણીજનક સૂત્રને સમર્થન આપ્યું કે 'એક રહેંગે તો સલામત રહેંગે.." તેમણે મુસ્લિમોના એક વર્ગનો ઉલ્લેખ કરવા માટે વિવાદાસ્પદ શબ્દ "કઠમુલ્લા" શબ્દનો પણ ઉપયોગ કર્યો હતો અને કહ્યું કે, મુસ્લિમો ચાર પત્નીઓ અને ટ્રિપલ તલાક જેવી પ્રથાઓનું પાલન કરે છે અને તેઓએ મુસ્લિમોને રાષ્ટ્ર માટે "ઘાતક" ગણાવ્યા હતા.

૮ ડિસેમ્બર, રવિવારના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના લાઈબ્રેરી હોલમાં તેમના દ્વારા આપવામાં આવેલા ૩૪ મિનિટના વિવાદાસ્પદ ભાષણમાં, જસ્ટિસ યાદવે મુસ્લિમ સમાજમાં રહેલ દૂષણોના ઘણા સંદર્ભો આપ્યા હતા, અને ટિપ્પણી કરી હતી કે મુસ્લિમ બાળકો પાસેથી "સહિષ્ણુ" અને "ઉદાર" બનવાની અપેક્ષા રાખી શકાય નહીં. કારણ કે તેઓ પ્રારંભિક તબક્કાથી હિંસા અને પ્રાણીઓની કતલના સંપર્કમાં આવે છે. તેની સરખામણીમાં, હિંદુઓને નાનપણથી જ દયા વિશે શીખવવામાં આવે અને તેથી તેમના બાળકોમાં અહિંસા અને સહિષ્ણુતા હોય છે.

'પૂર્વજોએ રામ મંદિર માટે બલિદાન આપ્યું'; હવે 'યુસીસીનો અમલ બહુ દૂર નથી'

યાદવે તેમના ભાષણની શરૂઆતમાં કહ્યું કે, ગાય, ગંગા અને ગીતા ભારતીય સંસ્કૃતિના પ્રતીક છે. તેઓએ પ્રેક્ષકોને કહ્યું કે તેમની હિંદુ ઓળખ એ તેમની પ્રાથમિક ઓળખ છે, જસ્ટિસ યાદવે VHPની સભાને ખાતરી આપી હતી કે જેમ અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ અમારા પૂર્વજોના બલિદાન પછી કરવામાં આવ્યું હતું, તેવી જ રીતે સમાન નાગરિક સંહિતા પણ ટૂંક સમયમાં વાસ્તવિકતા બની જશે.

તેમણે કહ્યું કે, શું તમે તમારી પોતાની આંખોથી રામ મંદિર જોવાની કલ્પના કરી હતી? પરંતુ તમે તે જોયું છે. આપણા ઘણા પૂર્વજોએ તેના માટે બલિદાન આપ્યા હતા, રામલલ્લાને મુક્ત થયેલા જોવાની અને ભવ્ય મંદિરના નિર્માણના સાક્ષી બનવાની આશામાં તેઓ તે જોઈ શક્યા નહીં પરંતુ તેઓએ તેમનો ભાગ ભજવ્યો અને હવે અમે તેના સાક્ષી છીએ અને તેમણે કહ્યું કે, દેશમાં ટૂંક સમયમાં જ યુસીસી અમલમાં આવી જશે અને તે દિવસ બહુ દૂર નથી.

'બહુમતીની ઈચ્છા'

જસ્ટિસ યાદવ, જેઓ ૨૦૨૬માં નિવૃત્ત થાય છે, તેઓ VHPના કાનૂની સેલ દ્વારા આયોજિત "યુનિફોર્મ સિવિલ કોડ-એક બંધારણીય આવશ્યકતા" શીર્ષક હેઠળ સમાન નાગરિક સંહિતા પર વ્યાખ્યાન આપી રહ્યા હતા. VHPએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કટ્ટર હિંદુત્વ શાખા છે જે સતત મુસ્લિમો અને ખ્રિસ્તીઓને નિશાન બનાવવા માટે કુખ્યાત છે. તેમના સમગ્ર ભાષણ દરમિયાન, યાદવે યુસીસીની તરફેણમાં દલીલ કરી અને મુસ્લિમ પર્સનલ કાયદાઓમાં ફેરફારની દલીલ કરી હતી. તેમણે કહ્યું કે ભારતે "બહુમતી" એટલે કે હિંદુઓની ઈચ્છા પ્રમાણે કામ કરવું જોઈએ. આ કાયદો છે. તમે એમ ન કહી શકો કે હું આ હાઈકોર્ટના જજ તરીકે કહી રહ્યો છું. કાયદો બહુમતીના હિસાબે

કામ કરે છે. પછી તે પરિવાર હોય કે સમાજના સંદર્ભમાં હોય. બહુમતીના કલ્યાણ અને સુખને જેમાં લાભ થાય તે જ સ્વીકારવામાં આવશે.

'પ્રાણીઓની કતલ અંગે નિવેદન'

ભૂતકાળમાં પણ વિવાદાસ્પદ અવલોકનો કરી ચૂકેલા આ ન્યાયાધીશે મુસ્લિમો અને હિંદુઓની સરખામણી કરીને મુસ્લિમોને નકારાત્મક દર્શાવ્યા છે. તેમણે કહ્યું કે, હિંદુઓને નાનપણથી જ શીખવવામાં આવ્યું હતું કે તેઓએ કીડી જેવા નાનામાં નાના જીવોને પણ મારવા જોઈએ નહીં.

તેમણે કહ્યું કે, અમને આ બધું શીખવવામાં આવે છે. કદાચ તેથી જ આપણે સહનશીલ છીએ અને અમે સૌને આપીએ છીએ. બીજાનું દુઃખ જોઈને આપણને દુઃખ થાય છે. પરંતુ મુસ્લિમો આવું અનુભવતા નથી. શા માટે? કારણ કે આપણાં બાળકો જન્મ્યા ત્યારથી જ ભગવાન તરફ આવે છે, તેઓ મંત્રો અને વેદોનો પાઠ કરે છે અને તેઓને અહિંસા વિશે જણાવવામાં આવે છે. પરંતુ મુસ્લિમ સંસ્કૃતિમાં, બાળકો, તેમના બાળપણથી જ પ્રાણીઓની કતલના સંપર્કમાં આવે છે તો પછી તમે કેવી રીતે અપેક્ષા કરો છો કે તેમના બાળક સહનશીલ અને ઉદાર હશે.

જો કે, તેમણે એમ પણ કહ્યું કે, બધા મુસ્લિમો ખરાબ નથી અને દરેક મુસ્લિમ ટ્રિપલ તલાક, હલાલા અથવા ચાર પત્નીઓ રાખવાની પ્રથાની તરફેણ કરતા નથી. હું જેની વાત કરી રહ્યો છું, તે બધા ખરાબ નથી, પરંતુ તમે જેમને 'કઠમુલ્લા' કહી શકો છો એવા લોકો પણ છે. હું જાણું છું કે આ શબ્દ વાંધાજનક છે પણ મને આ કહેવામાં કોઈ સંકોચ નથી કારણ કે તેઓ દેશ માટે ઘાતક છે. તેઓ એવા લોકો છે જે જનતાને ઉશ્કેરે છે અને જેઓ દેશને પ્રગતિ કરતા અટકાવે છે. આપણે આવા લોકોથી સાવધ રહેવાની જરૂર છે. ન્યાયાધીશે એવી ચેતવણી પણ આપી હતી કે હિંદુઓ સહિષ્ણુ અને દયાળુ હોવા છતાં, તેમને "કાયર" તરીકે ગણવાની ભૂલ કરવી જોઈએ નહીં. યાદવે કહ્યું કે યુસીસી એ માત્ર વીએચપી, આરએસએસ અથવા હિંદુઓની માંગ નથી પરંતુ મહિલાઓના ભરણપોષણ અને છૂટાછેડા સંબંધિત વ્યક્તિગત કાયદાના વિવિધ કેસોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પણ તેને સમર્થન આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે જે રીતે હિંદુ સમુદાયે સતી, સ્ત્રી ભ્રૂણહત્યા, બાળલગ્ન અને જૌહર જેવા તેના કેટલાક સામાજિક દૂષણોને દૂર કર્યા છે, તે જ રીતે મુસ્લિમ સમુદાય માટે પણ સમય આવી ગયો છે કે તેઓ હલાલા, ટ્રિપલ તલાક અને આવી અન્ય પ્રથાઓને સમાપ્ત કરીને તેમના અંગત કાયદામાં સુધારા કરે.

'આ દેશમાં સૌ પહેલા હિન્દુ છે'

યાદવે આરએસએસની જેમ જ હિંદુની વ્યાખ્યા કરી હતી અને ધાર્મિક ઓળખને બદલે સાંસ્કૃતિક અભિવ્યક્તિમાં લોકોની ઓળખ અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે, તમે વકીલ, વેપારી અથવા વિદ્યાર્થી હોઈ શકો, પરંતુ તમે પહેલા હિન્દુ છો. અને જે કોઈ કહે છે કે આ ભૂમિ તેની માતા છે અને તે તેનું બાળક છે, તે હિંદુ છે, પછી ભલે તે ગમે તે ધાર્મિક ગ્રંથનું પાલન કરે છે. તેમના ભાષણના સમાપનમાં, યાદવે ભાજપના સૂત્ર 'એક રહેંગે તો સલામત રહેંગે'નો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ આ શબ્દપ્રયોગનો ઉપયોગ કરશે નહીં, પણ તેઓ એક સંદેશ આપવા માંગે છે કે એક વખત આપણે પોતાને હિન્દુ માનવાનાં મૂલ્યોનો વિચાર કરીએ અને ભારતને માતૃભૂમિ તરીકે ગણીએ તો કોઈ આપણને નુકસાન પહોંચાડી શકે નહીં.

રાજકીય નેતાઓએ તેમના આ પ્રવચનને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યું છે

VHPના કાર્યક્રમમાં યાદવની ટિપ્પણીની સોશિયલ મીડિયા પર ખૂબ ટીકા થઈ હતી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ X પર તેમની વિરુદ્ધ પોસ્ટ કરતા કહ્યું કે. HCના વર્તમાન જજ VHPના કાર્યક્રમમાં હાજરી આપે છે, અને કહે છે કે આ દેશ હિન્દુની ઈચ્છા પ્રમાણે ચાલશે અને આજે આપણે આપણા બંધારણના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ! સુપ્રીમ કોર્ટ, માનનીય CJI કોઈ આ અંગે સુઓ મોટો કોગ્નાઈઝેશન લેશે?

AIMIMના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે તે "દુર્ભાગ્યપૂર્ણ" છે કે HCના ન્યાયાધીશે VHP જેવા સંગઠનની કોન્ફરન્સમાં હાજરી આપી છે કારણ કે VHPને વિવિધ પ્રસંગોએ પ્રતિબંધિત કરવામાં આવેલ છે. તે RSS સાથે સંકળાયેલ છે, અને વલ્લભાઈ પટેલે તેને 'ધિક્કાર અને હિંસક' હોવાના કારણે પ્રતિબંધિત કર્યું હતું. ઓવૈસીએ કહ્યું કે, હું તેમનું ધ્યાન AoR એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસ તરફ દોરું છું જેમાં કહ્યું છે કે, નિષ્પક્ષતા, સ્વતંત્રતા, નિર્ણય લેવામાં વ્યાજબીતા એ ન્યાયતંત્રની વિશેષતા છે.

ઓવૈસીએ યાદવને એ પણ યાદ અપાવ્યું કે ભારતનું બંધારણ બહુમતીવાદી નથી પણ લોકશાહી છે. લોકશાહીમાં લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવામાં આવે છે. જેમ કે આંબેડકરે કહ્યું હતું કે, રાજાને શાસન કરવાનો કોઈ દૈવી અધિકાર નથી, તેમ બહુમતીને પણ શાસન કરવાનો કોઈ દૈવી અધિકાર નથી. આ ભાષણ કોલેજિયમ સિસ્ટમ પર આરોપ લગાવે છે અને ન્યાયિક નિષ્પક્ષતા પર સવાલો ઉભા કરે છે. VHPના કાર્યક્રમોમાં ભાગ લેનાર વ્યક્તિ સમક્ષ લઘુમતી પક્ષ ન્યાયની અપેક્ષા કેવી રીતે રાખી શકે.

'ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવી જોઈએ'

ભાજપના ધારાસભ્ય શલભ મણિ ત્રિપાઠીએ યાદવના વિચારોને સમર્થન આપ્યું હતું. ત્રિપાઠીએ કહ્યું કે, 'કઠમુલ્લાઓ દેશ માટે ઘાતક છે, આપણે તેમનાથી સાવધ રહેવું જોઈએ. જસ્ટિસ યાદવની જેમ તમારે સત્ય બોલવા માટે હિંમતની જરૂર છે. આ કૃષ્ણ વંશી યાદવજીને વંદન.

જસ્ટિસ યાદવ ભૂતકાળમાં તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ, અને ખાસ કરીને હિંદુ ધર્મ અને પૌરાણિક કથાઓના તત્વોનું સમર્થન કરીને ચર્ચામાં રહ્યા છે.

૨૦૨૧માં, સંભલના એક મુસ્લિમ વ્યક્તિને ગાયની ચોરી કરવાનો અને તેના સહયોગીઓ સાથે તેની કતલ કરવાના આરોપમાં જામીન નકારતી વખતે યાદવે કહ્યું હતું કે ગાયને 'રાષ્ટ્રીય પ્રાણી' તરીકે જાહેર કરવામાં આવે અને ગૌરક્ષા (ગાય સંરક્ષણ) એ હિન્દુઓનો મૂળભૂત અધિકાર તરીકે સમાવેશ કરવામાં આવે. હિન્દીમાં લખેલા અને પૌરાણિક કથાઓથી ભરપૂર તેમના ૧૨ પાનાના આદેશમાં, ન્યાયમૂર્તિ યાદવે અવલોકન કર્યું હતું કે વૈજ્ઞાનિકો માને છે કે ગાય એ કમાત્ર એવું પ્રાણી છે જે ઓક્સિજન શ્વાસમાં લે છે અને ઓક્સિજન બહાર પણ કાઢે છે. એ જ ક્રમમાં યાદવે એવી દલીલ પણ કરી હતી કે સંસદે ગૌહત્યાના આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા કાયદો લાવવો જોઈએ અને ગાય સંરક્ષણને હિંદુઓના મૂળભૂત અધિકાર તરીકે સામેલ કરવું જોઈએ. જ્યારે દેશની આસ્થા અને સંસ્કૃતિને ઠેસ પહોંચે છે ત્યારે દેશ નબળો પડી જાય છે.

'વાલ્મીકિ અને વેદ વ્યાસને રાષ્ટ્રીય સન્માન માટે કાયદો લાવવો જોઈએ'

તે જ વર્ષે, ઓક્ટોબરમાં, ન્યાયમૂર્તિ યાદવે એક આદેશમાં વધુ ભાવનાત્મક અવલોકન કર્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે હિન્દુ દેવતાઓ રામ અને કૃષ્ણ અને હિન્દુ પૌરાણિક ગ્રંથો રામાયણ અને ગીતા સાથે તેમના લેખકો વાલ્મીકિ અને વેદ વ્યાસને સંસદમાં કાયદા દ્વારા રાષ્ટ્રીય સન્માન આપવામાં આવે. રામ, ક્રિષ્ના, રામાયણ, ગીતા, વાલ્મિકી અને વેદ વ્યાસ દેશની સંસ્કૃતિ અને વારસાનો ભાગ છે. યાદવે એક ફેસબુક પોસ્ટમાં રામ અને કૃષ્ણનું અપમાન કરવાના આરોપમાં એક હિન્દુ દલિત વ્યક્તિને જામીન આપતી વખતે આ દલીલ કરી હતી.

યાદવે હિંદુ સમાજમાં તેમજ વિશ્વના કલ્યાણ માટે આ દેવતાઓ અને પૌરાણિક મહાકાવ્યો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની પ્રશંસા પણ કરી હતી. તેમણે એ પણ નોંધ્યું કે દેશની તમામ શાળાઓમાં આ વિચારતો ફરજિયાત વિષય બનાવવો જોઈએ. યાદવે કહ્યું કે શિક્ષણ દ્વારા જ વ્યક્તિ સંસ્કારી બને છે અને તેમના જીવન મૂલ્યો અને સંસ્કૃતિથી વાકેફ થઈ શકે છે. યાદવે જણાવ્યું હતું કે, રામ અને કૃષ્ણનો જન્મ આ ભારતની ધરતી પર થયો હતો અને તેઓએ અહીંના લોકોના કલ્યાણનો વિચાર કર્યો હતો અને જીવનભર તમામ જીવોના કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કર્યું હતું અને તે કાર્ય વિશ્વ કલ્યાણ બન્યું હતું અને તેથી જ વિશ્વના ઘણા દેશો રામ અને કૃષ્ણ અને તેમના કાર્યો અને વિચારોમાં માને છે.

- ઓમર રશીદ (સૌ. : ધ વાયર)

અંકલેશ્વર GIDC સ્થિત એપેક્ષ હેલ્થ કેર કંપની દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ એપેક્ષ હેલ્થ કેર લીમીટેડ કંપની ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમા રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. અંકલેશ્વર-પાનોલી જી.આઈ.ડી.સી. ની કંપનીઓ સામાજિક સેવામાં અગ્રેસર બને તે હેતુથી અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ એપેક્ષ હેલ્થ કેર લિમિટેડ અને ગ્રુપ કંપનીઓ દ્વારા યુનિટી બ્લડ સેન્ટર ખાતે એફ.ડી.સી.એ.ભરૂચ અંતર્ગત રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં વિવિધ કંપનીઓના માલિકો અને સભ્યોએ ઉત્સાહ ભેર રક્તદાન કર્યું હતું. કેમ્પમાં એપેક્ષ હેલ્થ કેરના ડાયરેકટર રમેશ ગાબાણી અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ભરૂચ આસિસ્ટન્ટ કમિશ્નર એમ.પી.નાકરાણી, પ્રવીણભાઈ તેરૈયા તેમજ અન્ય કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન શિબિરમાં ૧૦૦થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

હિંમતનગર મદ્રેસા હાઈસ્કૂલનો વિદ્યાર્થી ઈડરિયા મો. અઝીમ મો. ઝકરિયાની ગુજરાત રાજ્ય સ્કૂલ ગેમ્સ યુ-૧૪ વોલીબોલ ટીમમાં સિલેકશન થતા આજે વારાણસી મુકામે નેશનલ લેવલે બ્રોન્ઝ મેડલ જીતી સમાજનું ગૌરવ વધાર્યું હતું. ઉપરોક્ત તસવીરમાં મેડલ અને ટ્રોફી લેતાં મો.અઝીમ દૃષ્ટિમાન થાય છે.

(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

શાળાના બાળકોને ઠંડીમાં રાહત અપાવવા તડકામાં અભ્યાસ

ઠંડીનો ચમકારો ખૂબ વધી ગયો છે. આખો દિવસ સ્વેટર પહેરી રાખવાની ફરજ પડી રહી છે ત્યારે પાવીજેતપુર તાલુકાની ભેંસાવહી હાઈસ્કૂલમાં તમામ આધુનિક સુવિધા છે. પરંતુ બાળકોને ઠંડીમાં રાહત મળે તે હેતુસર તાપમાં બેસાડી ભણાવવામાં આવી રહ્યા છે જે તસવીરમાં નજરે પડે છે.

(તસવીર : આસિફ, ખત્રી પાવીજેતપુર)

નડિયાદ ખાતે

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૬

વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી ખેડા જિલ્લા નડિયાદ દ્વારા નડિયાદ ખાતે ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને નીટ/જેઈઈ પરીક્ષામાં સારા ગુણ મેળવવા જરૂરી હોય છે. ધોરણ ૧૦ પછી અન્ય ઉચ્ચ અભ્યાસ, યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીમિત્રોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જેથી ચાલુ વર્ષે ધોરણ ૧૦મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા.૨૨/૧૨/૨૦૨૪ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે નડિઆદ શહેર ખાતે વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી અને સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી દ્વારા સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમા ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ, સામાજીક આગેવાન, કાર્યકર, સંસ્થાનાં અગ્રણીઓએ ટેલિફોનીક માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. તેમ સંસ્થા તરફથી જણાવવમાં આવ્યું છે.

વંથલી : કારે બાઈકને અડફેટે લેતાં ચાલકનું કરૂણ મોત

વંથલી, તા.૧૬

વંથલીથી કોયલી મઠ તરફ જતાં રસ્તા પર ઈકો કારચાલકે બાઈકને અડફેટે લેતાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે મનસુખ ચનાભાઈ કાકડિયાએ ઈકો કારચાલક વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે બાબુભાઈ ચનાભાઈ કાકડિયા તેમના હવાલાનું બાઈક લઈને વડોદરાથી બાંટવા જતા હોય દરમ્યાન વંથલીથી કોયલી મઠ તરફ જતા રસ્તે મુરલીધર હોટલની સામે પહોંચતા કારચાલકે પોતાની ઈકો કાર ગફલત રીતે ચલાવી બાબુભાઈની બાઈક સાથે ભટકાવી હતી. માથાના ભાગે અને શરીરે ઈજાઓના કારણે બાબુભાઈનું મોત નિપજયું હતું. આ અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હાંસોટ રોડ પર ફરી એકવાર અકસ્માત

અંકલેશ્વરમાં પૂરઝડપે જતી ટ્રકે બાઈકસવાર બે યુવાનોને ઉડાવ્યા

એકનું મોત, અન્ય યુવક ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર હાંસોટ રોડ પર ફરી એકવાર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અંકલેશ્વરના એશિયાડ નગર નજીક પૂરઝડપે જતી ટ્રકની ટકકરે બાઈકસવાર એક યુવાનનું મોત નીપજયું હતું જયારે અન્ય યુવાનને ઈજા પહોંચી હતી. હાંસોટના રામનગરમાં રહેતા ૨૫ વર્ષીય આનંદ મિસ્ત્રી અને તેનો મિત્ર પ્રશાંત મિસ્ત્રી બાઈક પર અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં વહેલી સવારે નોકરીએ જઈ રહ્યા હતા તે દરમિયાન એશિયાડ નગર નજીક પુરઝડપે જતી ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેમાં બંને યુવાનો માર્ગ પર પટકાયા હતા. આ અકસ્માતમાં આનંદ મિસ્ત્રીને ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું જયારે પ્રશાંત મિસ્ત્રીને પગના ભાગે ઈજા પહોંચી હતી. ઘટનાને લઈ લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. તો બીજી તરફ એ ડિવિઝન પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની મદદથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટના મામલે એ ડિવિઝન પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

હદીસ બોધ

અનાજની ઈજ્જત કરો; તેને વેડફો નહીં.

(હદીસ બોધ)

બોધ વચન

જ્યારે આપણી વચ્ચે 'હું' અને 'તું' નહીં રહે ત્યારે મંદિર, મસ્જિદ અને દેવળ બધું સમાન થઈ જશે.

- શબ્સતરી

આજની આરસી

૧૭ ડિસેમ્બર મંગળવાર ૨૦૨૪
૧૪ જમાદિલ આખર હિજરી ૧૪૪૬
માગશર વદ બીજ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૪૯
ખત્મે ઝવાલ ૧૨-૩૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૭

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

મુઝે ઈશ્ક કે પર લગા કર ઊડા
મેરી ખાક જુગ્નુ બનાકે ઊડા

કવિ દુઆ માંગે છે કે ખુદા મને મોહબ્બત, પ્યારરૂપી પાંખ લગાવી દે તો હું સમગ્ર જગતમાં ઊડી શકું અને તમામ જગ્યાએ મોહબ્બત, પ્યાર જ પ્યાર ફેલાવું. મારા મૃત્યુ પછી હે ખુદા મારી માટીને જુગ્નુ બનાવી દે તો હું દુનિયામાં ફેલાયેલા વેર, ઝેર, નફરત, દુશ્મનાવટના અંધકારને દૂર કરી મોહબ્બત, પ્યારરૂપી પ્રકાશ ફેલાવું

-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

ઓસ્ટ્રેલિયા પ્રથમ ઇનિંગ ૪૪૫, ભારત ૪ વિકેટે ૫૧ રન

ગાબામાં ટીમ ઈન્ડિયાની હાલત ખરાબ

બ્રિસ્બેન, તા.૧૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસ્બેનમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચનો ત્રીજો દિવસ સમાપ્ત થઈ ગયો છે. ત્રીજા દિવસની રમતમાં ટીમ ઈન્ડિયા ચાર વિકેટે ૫૧ રન બનાવી મુશ્કેલ સ્થિતિમાં છે. ટીમ ઈન્ડિયાની ખરાબ બેટિંગની સાથે-સાથે વરસાદે પણ ખૂબ રમત બગાડી છે. ટીમ ઈન્ડિયાએ રમતના પ્રથમ કલાકમાં ઓસ્ટ્રેલિયાને ૪૪૫ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ત્યારબાદ ટીમ ઈન્ડિયાની બેટિંગ શરૂ થઈ તો કાંગારૂ બોલરોએ ઓવરકાસ્ટ કન્ડિશનનો ફાયદો ઊઠાવતા શરૂઆતની વિકેટ ઝડપવામાં સફળ રહ્યા. આ રીતે ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાથી પ્રથમ ઈનિંગમાં હજુ પણ ૩૯૪ રન પાછળ છે. ભારત માટે રમતના ત્રીજા દિવસે કપ્તાન રોહિત શર્માની સાથે કે.એલ. રાહુલે મોરચો સંભાળ્યો છે. રોહિત શર્મા ૬ બોલ રમીને પોતાનું ખાતું પણ ખોલી શક્યો નથી, જ્યારે રાહુલે મજબૂતી સાથે બેટિંગ કરતા ૬૪ બોલમાં ૩૩ રન બનાવ્યા છે. આ પહેલા ટીમ ઈન્ડિયા માટે યશસ્વી જયસ્વાલ (૪), શુભમન ગિલ (૧), વિરાટ કોહલી (૩) અને રિષભ પંત (૯) ડબલ ફિગરમાં પણ પહોંચી શક્યા નથી. બ્રિસ્બેન ટેસ્ટ મેચના પ્રથમ દિવસથી વરસાદ રમત બગાડવાનું કામ કરી રહ્યો છે. મેચના પ્રથમ દિવસે ફક્ત ૧૩.૨ ઓવર જ ફેંકાઈ શકી હતી. જો કે, બીજા દિવસની રમત પૂરી થઈ હતી પણ ત્રીજા દિવસે વરસાદે ફરી પોતાનો રંગ બતાવ્યો અને ટીમ ઈન્ડિયાની રમત ખરાબ કરી દીધી. વરસાદના કારણે પહેલીવાર રમત ત્યારે રોકાઈ હતી જ્યારે ઓસ્ટ્રેલિયાની આઠમી વિકેટ પડી હતી. પ્રથમ સેશનમાં જ બેટિંગ કરવા ઊતરેલી ટીમ ઈન્ડિયાએ ફક્ત ૬ રનમાં પોતાની બે વિકેટ ગુમાવી દીધી હતી. ટીમની ત્રીજી વિકેટ ૨૨ રને પડી. ત્રીજી વિકેટ બાદ ફરીથી વરસાદ શરૂ થયો અને ત્યારબાદ લંચ બ્રેકની જાહેરાત કરી દેવાઈ. લાંબા બ્રેક બાદ એકવાર ફરી રમત શરૂ થઈ પણ રિષભ પંતની વિકેટ બાદ ફરીથી વરસાદના કારણે રમત અટકાવી દેવાઈ હતી. ત્રણ વખત વરસાદના કારણે રમત રોક્યા બાદ એકવાર ફરી ટી બ્રેક બાદ રમત શરૂ કરવાનો નિર્ણય કરાયો. ટી બ્રેક પહેલા ઓસ્ટ્રેલિયાએ ૧૪.૧ ઓવરની બોલિંગ કરી હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ ચાર વિકેટે ૪૪ રન બનાવ્યા હતા પણ રમત શરૂ થવાની થોડીવાર બાદ ફરીથી ખરાબ પ્રકાશના કારણે મેચ રોકવી પડી. આ દરમ્યાન ઓસ્ટ્રેલિયાએ ૨.૫ ઓવર ફેંકી, જેમાં ટીમ ઈન્ડિયાએ સાત રન બનાવ્યા. આ રીતે ટીમ ઈન્ડિયાએ રમતના ત્રીજા દિવસના અંતે ચાર વિકેટે ૫૧ રન બનાવ્યા છે.

ચોથા અને પાંચમા દિવસે પણ વરસાદની સંભાવના

ત્રીજા દિવસે વરસાદના કારણે આઠ વખત રમત રોકવી પડી

બ્રિસ્બેન, તા.૧૬

ગાબા ટેસ્ટના ત્રીજા દિવસે વરસાદના કારણે આઠ વખત મેચ રોકવી પડી હતી. બ્રિસ્બેનમાં આગામી બે દિવસ પણ વરસાદની આશંકા છે. વરસાદના પગલે વચ્ચે-વચ્ચે રમત રોકવી પડી શકે છે. મેચના ચોથા દિવસે વરસાદની સંભાવના ઓછી છે પણ પાંચમા દિવસે તો વરસાદ ઘણો વધારે પરેશાન કરી શકે છે. બંને દિવસ મળીને વધુથી વધુ ૧૯૬ ઓવરની મેચ રમાઈ શકે છે. જો કે, વરસાદના પગલે ઓવરો ઓછી થઈ શકે છે. હાલ મેચની જે સ્થિતિ છે તેને જોઈ એવું લાગે છે કે, આ મેચના બે જ રિઝલ્ટ આવી શકે છે. આમ તો ક્રિકેટ અનિશ્ચિતતાઓની રમત માનવામાં આવે છે પણ અહિંયાથી ભારતની જીત તો અશક્ય છે. ઓસ્ટ્રેલિયાને જીત માટે ભારતની પ્રથમ ઈનિંગની ૬ અને બીજી ઈનિંગની ૧૦ વિકેટ લેવી પડશે. આવામાં તેની જીતની સંભાવના તો પણ દેખાય છે. ભારત હજુ પણ ઓસ્ટ્રેલિયાથી ૩૯૪ રન પાછળ છે. ભારત કોઈપણ રીતે ફોલોઓનથી બચવાનો પ્રયાસ કરશે. જ્યારે ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગમાં ઓછા રનમાં સમેટી ભારતને ફોલોઓન આપી ફરીવાર બેટિંગ કરાવી શકે છે.

કન્નડ લેખક દેવાનુરા મહાદેવને તમિલનાડુ સરકારનો વાઈકોમ એવોર્ડ ૨૦૨૪ પુરસ્કાર જાહેર

તમિલનાડુના મુખ્યપ્રધાન એમકે સ્ટાલિન કેરળના કોટ્ટાયમ જિલ્લામાં વાઈકોમ સત્યાગ્રહ શતાબ્દી સમારોહમાં કન્નડ લેખક અને દલિત કાર્યકર દેવેનુરા મહાદેવને ૨૦૨૪ માટે સામાજિક ન્યાય માટેનો વાઈકોમ એવોર્ડ અર્પણ કરશે

(એજન્સી) તા.૧૬

તમિલનાડુ સરકારે જાહેરાત કરી કે, ૨૦૨૪નો સામાજિક ન્યાય માટેનો વૈકોમ એવોર્ડ કન્નડ લેખક દેવાનુરા મહાદેવને આપવામાં આવશે,. મહાદેવ એક પ્રશંસનીય લેખક અને સામાજિક કાર્યકર્તા છે, જેઓ ઘણા વર્ષોથી જાતી ભેદભાવ અને દમન સામે લડી રહ્યા છે. તેમના પુરસ્કારના ભાગ રૂપે, મહાદેવને કેરળમાં વાઈકોમ પેરિયાર મેમોરિયલના ઉદ્ઘાટન દરમિયાન ૫ લાખ રૂપિયા રોકડ, પ્રશંસાનું પ્રમાણપત્ર અને મેડલ આપવામાં આવશે. તમિલનાડુ સરકાર દ્વારા એક પત્રમાં જણાવાયું હતું કે, કન્નડ લેખક અને દલિત કાર્યકર્તાને સાહિત્ય, સામાજિક ન્યાય અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના સશક્તિકરણમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, વાઈકોમ પુરસ્કારની રચના તામિલનાડુ

સરકાર દ્વારા ૨૦૨૩માં સ્વર્ગસ્થ સમાજ સુધારક થંથાઈ પેરિયારની યાદમાં કરવામાં આવી હતી, જેઓ વાઈકોમ સત્યાગ્રહમાં મોખરે હતા અને તેમને "વાઈકોમ વીરાર" (વાઈકોમનો હીરો)નું બિરૂદ મળ્યું હતું.

દેવનુરા મહાદેવ કોણ છે ?

મહાદેવ, જેઓ ૧૦ જૂન, ૨૦૨૪ના રોજ ૭૬ વર્ષના થયા, તે કર્ણાટકના સૌથી આદરણીય જાહેર બૌદ્ધિકોમાંના એક છે. સમગ્ર કર્ણાટકમાં તેમને એક દુર્લભ અને પ્રામાણિક વિચારક-કાર્યકર-નેતા તરીકે ઓળખવામાં આવે છે. તેમનું મુખ્ય કાર્ય, 'RSS : આલા મટ્ટુ અગાલા' નામની ૬૪-પાનાની પુસ્તિકામાંના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપકો અને નેતાઓ દ્વારા કરવામાં આવેલા ઐતિહાસિક નિવેદનોનો ઉપયોગ કરી ''આરએસએસના સાચા સ્વભાવ અને ઉદ્દેશ્ય''ને વિવેચનાત્મક રીતે અવલોકન કરવા અને લોકો સમક્ષ મૂકવાનું છે. મહાદેવે પુસ્તક પર કોઈ કોપીરાઈટનો દાવો કર્યો નથી અને જાહેર કર્યું કે કોઈપણ પ્રકાશક પુસ્તકનું પુનઃમુદ્રણ કરી શકે છે અને પ્રાધાન્યરૂપે તેને ઓછી કિંમતે વેચી શકે છે અને તેને કોઈ રોયલ્ટી ચૂકવવાની જરૂર નથી. તેમના મતે, પુસ્તક દ્વારા, તેઓ જેને આરએસએસના ત્રણ વૈચારિક પાટિયા કહે છે એવા વર્ણાશ્રમ ધર્મ અને મનુસ્મૃતિનો અમલ કરવો, આર્ય સર્વોપરિતાને પ્રોત્સાહન આપવું, અને સંઘવાદના સિદ્ધાંતો સાથે ભારતના બંધારણને નબળી પાડવું ને લોકો સમક્ષ રજૂ કરે છે. કન્નડ પુસ્તક ૩૬ જુદા જુદા પ્રકાશકો દ્વારા પુનઃમુદ્રિત કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં તેની ૧,૧૫,૦૦૦થી વધુ નકલો વેચાઈ છે. તેલુગુ સંસ્કરણની બે લાખથી વધુ નકલો વેચાઈ છે. મરાઠી, મલયાલમ, તમિલ, હિન્દી અને ઉર્દુમાં અનુવાદો પણ વ્યાપકપણે પ્રશંસા પામ્યા છે. 'RSS : ધ લોંગ એન્ડ ધ શોર્ટ ઓફ ઈટ' નામના પુસ્તકનો અંગ્રેજી અનુવાદ પણ ઉપલબ્ધ છે. મહાદેવની અન્ય પ્રસિદ્ધ કૃતિઓમાં સાત ટૂંકી વાર્તાઓનો સંગ્રહ 'ઘાવનુરૂ', 'ઓદલાલા' નામની નવલકથા, 'કુસુમાબાલે' નામની નવલકથા અને 'એડગે બિદા અક્ષર' નામના નિબંધોનો સંગ્રહ સામેલ છે.

ગુકેશની સાદગીએ દિલ જીતી લીધું

વિશ્વ વિજેતા ગુકેશનું ચેન્નાઈ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરાયું

ચેન્નાઈ, તા.૧૬

વિશ્વ ચેસ ચેમ્પિયન ડી. ગુકેશનું સોમવારે અહિંયા વિમાની મથકે અસંખ્ય પ્રશંસકો, તમિલનાડુ સરકાર અને રાષ્ટ્રીય મહાસંઘના અધિકારીઓએ જોરદાર સ્વાગત કર્યું. ૧૮ વર્ષીય ગુકેશે ગત સપ્તાહ સિંગાપુરમાં ચીનના ડિંગ લિરેનને ૭.૫-૬.પથી હરાવી સૌથી નાની ઉંમરના વિશ્વ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું અને રશિયાના ગેરી કાસ્પારોવનો લાંબા સમયથી ચાલી રહેલો રેકોર્ડ તોડી નાંખ્યો. મીડિયા અને પ્રશંસકો વચ્ચે આ યુવા ખેલાડીને નજીકથી જોવા માટે લાગેલી હરીફાઈ વચ્ચે ગુકેશે કહ્યું કે, આ શાનદાર છે. તમારા સમર્થને મને ઘણી ઊર્જા આપી છે. વિશ્વ ચેમ્પિયનશીપ જીતવી એક શાનદાર અહેસાસ છે. તેણે કહ્યું કે, ભારતમાં ટ્રોફી પરત લાવવી ઘણું મહત્ત્વ ધરાવે છે. આ સ્વાગત માટે આભાર. મને આશા છે કે, આગામી દિવસોમાં આપણે સાથે મળીને ઉજવણી કરી સારો સમય વિતાવીશું, તેનું વિમાની મથકે બુકે અને શાલ ઓઢાડી સ્વાગત કરાયું.

ડી. ગુકેશને ઈન્કમટેક્સના રૂપમાં ૪.૬૭ કરોડ ચૂકવવા પડશે

નવી દિલ્હી, તા.૧૬ : ભારતીય ગ્રાન્ડ માસ્ટર ડી. ગુકેશને વિશ્વ ચેમ્પિયન બનવા પર ૧૧.૩૪ કરોડ રૂપિયા ઈનામના રૂપમાં મળ્યા છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે, ગુકેશની કુલ નેટવર્થ હવે લગભગ ૨૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે. વિશ્વ ચેસ ચેમ્પિયનશીપ જીતતા પહેલા તેની નેટવર્થ આઠ કરોડ રૂપિયાથી વધારે હતી. રિપોર્ટ અનુસાર ગુકેશ ઈન્કમટેક્સની દૃષ્ટિએ સંભવતઃ ૩૦ ટકા કર સ્લેબમાં આવશે. આનો મતલબ છે કે, તેને જીતનારી રકમ પર લગભગ ત્રણ કરોડ ઈન્કમટેક્સ ભરવો પડશે. રિપોર્ટમાં દાવો છે કે, આમાં સર્જ ટેક્સ પણ સામેલ હશે. એટલા માટે ગુકેશને ટેક્સના રૂપમાં લગભગ ૪.૬૭ કરોડની ચૂકવણી કરવી પડશે. જો કે, નવા વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ માટે કરોડપતિ બનવાનું લેબલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

દલિત યુવક વિનાયકનનું મૃત્યુ: કોર્ટ : ઉશ્કેરણી માટે પોલીસ પર કેસ થવો જોઈએ

૨૦૧૭માં ૧૯ વર્ષીય વિનાયકનને ચોરીના આરોપમાં પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા પછી તેનું આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું હતું, બાદમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં બે સિવિલ પોલીસ અધિકારીઓ દ્વારા કસ્ટોડિયલ ટોર્ચરનો ઘટસ્ફોટ થયો હતો

(એજન્સી) તા.૧૬

થ્રિસુર એસસી અને એસટી કોર્ટે ક્રાઈમ બ્રાન્ચને દલિત યુવક વિનાયકનની ૨૦૧૭માં થ્રિસુરના એન્ગાન્ડિયૂરમાં આત્મહત્યાના આરોપી પોલીસ અધિકારીઓ સામે ઉશ્કેરણી કલમો ઉમેરવાનો નિર્દેશ આપ્યો હતો. વિનાયકનના પિતાની અરજી પર વિચાર કરતા કોર્ટે આ આદેશ આપ્યો હતો. ૨૦૧૭માં, ૧૯ વર્ષીય વિનાયકને ચોરીના આરોપમાં પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા પછી તેનું આત્મહત્યા

દ્વારા મૃત્યુ થયું હતું. બાદમાં, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં બે સિવિલ પોલીસ અધિકારીઓ સાજન અને શ્રીજીથ દ્વારા પાવરટ્રી પોલીસ સ્ટેશનના કસ્ટડીમાં ત્રાસનો ખુલાસો થયો હતો. અધિકારીઓ પર અગાઉ એસસી/એસટી અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ હુમલો, ધાકધમકી, ગેરકાયદેસર અટકાયત અને ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હવે, ચાર્જશીટ અપડેટ કરવામાં આવશે અને ઉશ્કેરણીનો આરોપ ઉમેરવામાં આવશે. સોનાની ચેઈન ચોરવાના આરોપસર વિનાયકની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં તેને છોડી મૂકવામાં આવ્યો હતો. ઘરે પરત ફર્યા બાદ તેણે આત્મહત્યા કરી હતી. તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પુષ્ટિ થઈ હતી કે કસ્ટડીમાં પોલીસ અધિકારીઓ દ્વારા તેને ભારે ત્રાસ આપવામાં આવ્યો હતો. તેના કપાળ, જમણા સ્તનની ડીંટડી અને પેટના નીચેના ભાગે ઘણા નિશાન હતા, જે બધા ત્રાસ તરફ ઈશારો કરે છે. પરિવારે એવો પણ દાવો કર્યો હતો કે પોલીસે તેને તેના વાળ કાપવાનું કહ્યું હતું. પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા પરંતુ છ મહિનાના સમયગાળા પછી પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા.

કર્ણાટકમાં ચોરી અંગે દલિત યુવકની 'અત્યાચાર ગુજારી હત્યા' ; FIRમાં પાંચના નામ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૬

રૂા.૧.૪૦ લાખની સિગારેટ ચોરવાની શંકામાં દલિત યુવકને ટોર્ચર કરીને તેની હત્યા કરવા બદલ પાંચ વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટનામાં પ્રવર્તમાન જાતિ પ્રથા સ્પષ્ટ થઈ હતી કારણ કે ૨૫ વર્ષીય એક દલિત યુવક શશિકાંત મલ્લિકાર્જુન નાટીકરની કર્ણાટકના કાલબુર્ગીમાં ખાનગી બ્લડ બેંકના માલિક દ્વારા કથિત રીતે ત્રાસ ગુજારી હત્યા કરવામાં આવી હતી. પ્રગતિ કોલોનીનો રહેવાસી પીડિત બસવેશ્વરા હોસ્પિટલ પાસેની બ્લડ બેંકમાં નોકરી કરતો હતો અને તેના પર સિગારેટના પેકેટ ચોરી કરવાનો આરોપ હતો. શશિકાંતના પિતા મલ્લિકાર્જુનના જણાવ્યા અનુસાર, બ્લડ બેંકના માલિક ચંદ્રશેખર મલ્લિનાથ પાટીલે શશિકાંત પર સિગારેટના પેકેટ ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો અને તેને રકમ ચૂકવવાની માંગ કરી હતી. જ્યારે પીડિત આ રકમ ન ચૂકવી શક્યો ત્યારે પાટીલે તેના પર હુમલો કરવા માટે સહયોગીઓને બોલાવ્યા. જોકે મુખ્ય આરોપી વિરૂદ્ધ FIR દાખલ કરવામાં આવી છે, પરંતુ પાટીલ હાલમાં ફરાર છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. દેશમાં પ્રચલિત જાતિ વ્યવસ્થા એ નીચલી જાતિના સભ્યો, ખાસ કરીને દલિતો પરના જુલમનું વ્યાપક, વ્યવસ્થિત અને સંસ્થાકીય સ્વરૂપ છે.

ટેસ્ટમાં સૌથી ઝડપી ૧૦ હજાર રન બનાવનાર બેટ્સમેનો

નવી દિલ્હી, તા.૧૬

ટેસ્ટમાં સૌથી ઝડપી ૧૦ હજાર રન બનાવનાર બેટ્સમેનોની યાદીમાં બ્રાયન લારા ટોચના સ્થાને છે લારાના નામે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦ હજાર

બ્રાયન લારા, સચિન તેન્ડુલકર અને કુમાર સંગાકારા ૧૯૫ ઈનિંગમાં દસ હજારી બન્યા હતા

રન બનાવવાનો રેકોર્ડ છે. તેમણે આ સિદ્ધિ ૧૯૫ ઈનિંગોમાં મેળવી છે. ભારતના સચિન તેન્ડુલકરે પણ આ કમાલ ૧૯૫ ઈનિંગોમાં મેળવી છે. ભારતના સચિન તેન્ડુલકરે પણ આ કમાલ ૧૯૫ ઈનિંગમાં જ કર્યો છે. શ્રીલંકાના કુમાર સંગારાએ પણ ૧૯૫ ઈનિંગમાં ૧૦ હજાર રન પૂરા કર્યા હતા. ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગે ૧૦ હજાર ટેસ્ટ રન ૧૯૬ ઈનિંગમાં પૂરા કર્યા હતા. ભારતના રાહુલ દ્રવિડે ૨૦૫ ઈનિંગોમાં ૧૦ હજાર રન પૂરા કર્યા હતા. પાકિસ્તાનના યુનુસખાને ૨૦૮ ઈનિંગમાં ૧૦ હજાર રન પૂરા કર્યા હતા. શ્રીલંકાનો મહેલા જયવર્ધને ૨૧૦ ઈનિંગમાં ૧૦ હજારી બન્યો હતે.

ICCએ મારા પગ ધોઈને પીવા જોઈએ : શોએબ અખ્તર

નવી દિલ્હી, તા.૧૬

પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ ઝડપી બોલર શોએબ અખ્તરનું પોતાના સમયમાં વર્ચસ્વ હતું. તેના ઘાતક સ્પીડથી આવતા બોલનો સામનો કરવામાં મોટા-મોટા બેટ્સમેનોનો પસીનો છૂટી જતો હતો. શોએબના નામે આજે પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી બોલ ફેંકવાનો રેકોર્ડ નોંધાયેલો છે. તેણે ૨૦૦૩ વર્લ્ડપમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૬૧.૩ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી બોલ ફેંક્યો હતો. ૨૦ વર્ષથી વધુ થવા છતાં શોએબનો રેકોર્ડ યથાવત્ છે. શોએબે એક આશ્ચર્યજનક દાવો કર્યો છે. તેણે કહ્યું કે, જો તે યુવા ટેલેન્ટ પર ધ્યાન આપે તો ૬ મહિનામાં તેનો રેકોર્ડ તૂટી શકે છે. તેણે

સાથે જ કહ્યું કે, આઈસીસીએ કઈ સ્થિતિમાં તેના પગ ધોઈને પીવા જોઈએ. શોએબને પૂછવામાં આવ્યું કે, શું ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કોઈ તેનો સૌથી ઝડપી બોલ ફેંકવાનો રેકોર્ડ તોડી શકે છે ? જવાબમાં પૂર્વ પાકિસ્તાની બોલરે કહ્યું કે, મને લાગે છે કે, આવું થઈ શકે છે. જો હું વિશ્વભરના છોકરાઓને ભેગા કરૂં તો મારા ખ્યાલથી ૬ મહિનામાં મારો રેકોર્ડ તૂટી જશે. યુવા ખેલાડી ૧૬૦-૧૭૦ સુધી પણ જઈ શકે છે. જો કંઈ પણ ના થયું તો હું તમને ૧૫૦, ૧૪૦ અને ૧૪૫ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી બોલિંગ કરનારા ઝડપી બોલરો મોટી સંખ્યામાં આપીશ. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ તેને તક આપે કે ના આપે તેમની મરજી છે. જો ૧૫૦ કિલોમીટરની સ્પીડવાળા બોલર મોટી સંખ્યામાં વિશ્વને મળી ગયો તો પછી આઈસીસીએ મારા પગ ધોઈને પીવા જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે, શોએબે પોતાની કારકિર્દીમાં ૪૬ ટેસ્ટ, ૧૬૩ વન-ડે અને ૧૫ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. તેણે ક્રમશઃ ૧૭૮, ૨૪૭ અને ૧૯ વિકેટ ઝડપી છે. તેણે ૨૦૧૧માં પોતાની અંતિમ ઈન્ટરનેશનલ મેચ રમી હતી.

પ્રિયંકા ગાંધી સંસદમાં પેલેસ્ટીનને સમર્થન આપતી બેગ લઈને પહોંચ્યાં, ભાજપે કહ્યું, તુષ્ટીકરણ

પ્રિયંકાએ કહ્યું, મને જે ઈચ્છા થાય તે પહેરીશ

(એજન્સી) તા.૧૬

કૉંગ્રેસના દિગ્ગજ નેતા પ્રિયંકા ગાંધીએ પેલેસ્ટીનના મુદ્દાને સમર્થન બતાવતાં સોશિયલ મીડિયા પર છવાઈ ગયા હતા. પ્રિયંકા ગાંધીની એક તસવીર સામે આવી છે જેમાં તેમની બેગ પર પેલેસ્ટીન લખેલું છે. કૉંગ્રેસના સાંસદ આ બેગ લઈને સંસદ પહોંચ્યા હતા. હવે આ બેગને લઈને રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. ભાજપે પ્રિયંકા ગાંધી પર પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રી એસપી સિંહ બઘેલે કહ્યું કે પ્રિયંકા મુસ્લિમ મતોને ખુશ કરવા માટે પેલેસ્ટીન લખેલી બેગ લઈને આવી છે. આ વર્ષે ઓક્ટોબરમાં હમાસ અને ઈઝરાયેલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને એક વર્ષ વીતી ગયા બાદ પણ પ્રિયંકા ગાંધીએ ઈઝરાયેલને નિશાન બનાવ્યું હતું. ગાઝામાં વધી રહેલા મૃત્યુ વચ્ચે પ્રિયંકાએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. કૉંગ્રેસ સાંસદે કહ્યું હતું કે, ''ગાઝામાં ૭,૦૦૦ લોકોની હત્યા બાદ પણ હિંસાનો સિલસિલો અટક્યો નથી.'' આ ૭,૦૦૦ લોકોમાંથી ૩,૦૦૦ માસૂમ બાળકો હતા.'' વાયનાડમાં ચૂંટણી લડતી વખતે પણ પ્રિયંકા ગાંધીએ પેલેસ્ટીનનો મુદ્દો સતત ઉઠાવ્યો છે. ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી એક શાનદાર બેગ લઈને સંસદમાં જોવા મળ્યા હતા જેના પર 'પેલેસ્ટીન ફ્રી' શબ્દ લખેલું હતું. અનનોટેડ તસવીરમાં હસતા પ્રિયંકા ગાંધી તેમના ખભા પર આ બેગ સાથે પોઝ આપતા દેખાય છે. સોમવારે (૧૬ ડિસેમ્બર) કૉંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર આ ફોટો પોસ્ટ કર્યો હતો. ફોટો પોસ્ટ થયાની થોડી જ મિનિટોમા, પોસ્ટ પર અનેક પ્રતિક્રિયાઓ આવી હતી. જેમાં અનેક લોકો પ્રિયંકા ગાંધીની આ શૈલી જોઈને ખુશ થયા તો અનેક ખફા થયા. એક યુઝરે કહ્યું કે 'વિજય દિવસ'

પર હમાસ જેવા સંગઠનને સમર્થન કરવું સારૂં નથી, જે દિવસે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નેતૃત્વમાં ભારતે પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ)માં પાકિસ્તાની સેનાને હરાવી હતી. પ્રિયંકા ગાંધી ઈન્દિરા ગાંધીની પૌત્રી છે. એક યુઝરે કહ્યું કે જો પ્રિયંકા ગાંધીએ એવી વસ્તુ પસંદ કરી હોત જે ભારતની જીતનું પ્રતીક હોય તો તે યોગ્ય હોત. 'તેમણે તરત જ તેમના સલાહકારોને બરતરફ કરવા જોઈએ...'

એક સાથે ચૂંટણીઓના વિચારથી તેજસ્વી બિલકુલ પ્રભાવિત નથી, રાજદ નેતાનો આક્ષેપ છે કે ભાજપ અને સાથી પક્ષો જાહેરાતો પર પ્રજાના નાણાંનો ધુમાડો કરી રહ્યા છે

(એજન્સી) દરભંગા, તા.૧૬

રાજદના નેતા તેજસ્વી યાદવ ભાજપ સરકારના ''વન નેશન, વન ઈલેક્શન''ના પ્રસ્તાવથી બિલકુલ પ્રભાવિત થયા નથી અને તેમણે એક સાથે ચૂંટણી કરવાથી ચૂંટણીઓનો ખર્ચ ઘટી જશે એવી ભાજપની દલીલને ફગાવી દીધી છે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે કેસરિયા પાર્ટી ભાજપ અને તેના સાથી પક્ષો જાહેર ખબરો પર પ્રજાના નાણાનો ધુમાડો કરી રહ્યા છે.

તેમણે એક વર્ષમાં આવી રહેલી બિહાર વિધાનસભાની ચૂંટણીઓ એક જ તબક્કામાં યોજવા અને ભૂતકાળ જેવા તબક્કામાં કરવા ચૂંટણી પંચને અનુરોધ કર્યો હતો. લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ અંગે પત્રકારોએ ખર્ચ વિશે પૂછતા યાદવે સામો સવાલ કર્યો હતો કે અત્યારે જે રીતે થાય છે એ પ્રકારે ચૂંટણીઓ કરવામાં વાંધો શું છે?

ચૂંટણીઓ કરવાથી એટલે કે સાથે કરવાથી ખર્ચમાં ઘણો જ ઘટાડો થશે એવી ભાજપની દલીલ વિશે સવાલ થતાં રાજદના નેતાએ મળતો એવો તીખો સવાલ કર્યો હતો પણ જાહેરખબરો પાછળ જે નાણાનો ધુમાડો થાય છે અને બેફામ રીતે

પ્રજાના પૈસા ખર્ચાય છે તેનું શું? ભાજપ પ્રસિધ ચાહક પક્ષ છે. બિહાર જેવા ગરીબ રાજ્યમાં સરકાર જાહેરાતો પાછળ પ્રજાના કિંમતી નાણાનો બેફામ ઉપયોગ કરી રહી છે. એનડીએ સરકાર આવી ત્યારથી જાહેરાતો પાછળ કેટલો જ ખર્ચ થયો અને ૨૦ વર્ષ પહેલાં કેટલો થયો તેના આંકડા તમે સરખાવી જુઓ.

રાજદના યુવા નેતાએ વચન આપ્યું હતું કે જો બિહારમાં આગામી ચૂંટણીઓ બાદ રાજદના નેજા હેઠળ મિશ્ર સરકાર રચાશે તો રાજ્યની મહિલાઓને પ્રતિમાસ રૂપિયા ૨૫૦૦નું સ્ટાયપેન્ડ આપવામાં આવશે. આ યોજનાને માઈ બહેન મા યોજના નામ અપાશે અને એ કાંઈ માત્ર દેખાવ પૂરતી યોજનાની હોય. કેમ કે મહિલાઓના કલ્યાણ વિના સમાજનો ઉત્કર્ષ થઈ શકે નહીં.

'મહા' કેબિનેટમાં RPIને કોઈ સ્થાન નહીં, આઠવલે : ફડણવીસે તેમને વચન આપ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)ના વડા રામદાસ અઠાવલેએ દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે તેમને વચન આપ્યું હતું કે તેમની પાર્ટી તેમના રાજ્ય કેબિનેટમાં સ્થાન મેળવશે, જેનું વિસ્તરણ નાગપુરમાં રાજભવન ખાતે થયું હતું. અઠાવલેએ નારાજગી પણ વ્યક્ત કરી હતી કે તેમનો પક્ષ સત્તાધારી મહાયુતિનો ભાગ હોવા છતાં તેમને શપથવિધિ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. અઠાવલેને ટાંકીને સમાચાર એજન્સી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,'મહારાષ્ટ્ર કેબિનેટના વિસ્તરણમાં મંત્રીઓના શપથ ગ્રહણ સમારોહનું

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (અઠાવલે)ના વડા રામદાસ આઠવલેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વચનો છતાં મહારાષ્ટ્ર કેબિનેટના વિસ્તરણમાંથી બાકાત રાખવા અંગે નિરાશા વ્યક્ત કરી હતી, અઠાવલે કે જે એક કેન્દ્રીય મંત્રી છે તેમણે મહાયુતિ ગઠબંધનની જીતમાં તેમના પક્ષના યોગદાન તરફ ધ્યાન દોર્યું હતું અને તેમણે પ્રાપ્ત કરેલા નોંધપાત્ર દલિત મત શેરને ટાંકીને મંત્રીપદની તેમની માંગને પુનરાવર્તિત કરી હતી

નાગપુરમાં આયોજન કરવામાં આવી રહ્યું છે. સીએમ અને ડીસીએમ ત્યાં સમારોહમાં હાજરી આપી રહ્યા છે. મહાયુતિનો ભાગ હોવા છતાં મને સમારંભનું આમંત્રણ પણ મળ્યું નથી. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (A)એ વિધાનસભા ચૂંટણીમાં સારૂં પ્રદર્શન કર્યું હતું. અમે દેવેન્દ્ર ફડણવીસ સાથે બેઠકો કરી હતી અને તેમણે અમને ઓછામાં ઓછું એક મંત્રાલય આપવાનું વચન આપ્યું હતું, પરંતુ આમાં અમારી પાસે RPI(A) તરફથી કોઈ ચહેરો નથી. અમે આ કેબિનેટ વિસ્તરણમાં ઓછામાં ઓછા એક મંત્રાલયની માંગણી કરીએ છીએ,' રાજ્યની ચૂંટણીમાં 'મહાયુતિને બહુમતી દલિત મતો મળ્યા છે.' એમ કહીને ગયા મહિને પણ અઠાવલેએ મહારાષ્ટ્ર સરકારમાં તેમની પાર્ટી માટે મંત્રી પદ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અઠાવલે હાલમાં કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) સરકારમાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્ય મંત્રી તરીકે સેવા આપે છે. અઠાવલેએ મીડિયાને કહ્યું ''અગાઉ પણ અમે RPI માટે એક મંત્રી પદની માગણી કરી હતી. આ વખતે મહાયુતિને દલિત મતોની બહુમતી મળી છે... તેથી, મને લાગે છે કે RPIને મંત્રી પદ મળવું જોઈએ. અમારા સમાજને પણ આ આશા છે. RPIને મંત્રી પદ આપવાથી મહાયુતિને પણ ફાયદો થશે,''. મહારાષ્ટ્ર કેબિનેટે રવિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમના નાયબ એકનાથ શિંદે અને અજિત પવારની હાજરીમાં શપથ લીધા હતા. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને નાગપુરના રાજભવનમાં ૩૯ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા. તાજેતરમાં પૂર્ણ થયેલ મહારાષ્ટ્ર ચૂંટણીમાં સત્તાધારી ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને કુલ ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ (BJP-132, શિવસેના-૫૭, NCP-41) જીતીને પ્રચંડ વિજય મેળવ્યો હતો. તેનાથી વિપરીત, મહા વિકાસ અઘાડી (MVA)ને મોટો આંચકો લાગ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT), માત્ર ૨૦ બેઠકો જીતી શકી, કોંગ્રેસ ૧૬ પર સફળ રહી અને શરદ પવારની આગેવાની હેઠળની NCP (SP) માત્ર ૧૦ બેઠકો જીતી શકી. ભાજપે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, મહારાષ્ટ્રમાં તેણે લડેલી ૧૪૮ બેઠકોમાંથી ૧૩૨ બેઠકો જીતી. પાર્ટીના સહયોગી શિવસેના અને એનસીપી જૂથોએ પણ સારૂં પ્રદર્શન કર્યું.

'શું જ્યોતિર્લિંગ રાતોરાત દેખાયું ?' : યુપીના સીએમ યોગી આદિત્યનાથે સંભલ મંદિરને બંધ કરવા પર સવાલ ઉઠાવ્યા

ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કુંભના એક કાર્યક્રમમાં સાંપ્રદાયિક રમખાણો પછી ૧૯૭૮થી બંધ સંભલ મંદિરને ફરીથી ખોલવાની વાત કરી હતી, તેમણે ઘટનાના ગુનેગારો માટે વિલંબિત ન્યાય પર સવાલ ઉઠાવ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની બદબોઈ કરનારાઓની ટીકા કરી, તેમણે ચૂંટણી પંચ અને રાજ્યસભા અધ્યક્ષ જેવી સંસ્થાઓને પડકારવા બદલ વિપક્ષની પણ નિંદા કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સંભલમાં સાંપ્રદાયિક રમખાણો પછી ૧૯૭૮થી બંધ કરાયેલ મંદિર ફરી ખોલવા અંગે ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે મંદિર રાતોરાત ફરી દેખાતું નથી અને તે 'સદાકાળ વારસો અને આપણા ઈતિહાસની સત્યતા'નું પ્રતિનિધિત્વ કરે છે. કુંભ સંબંધિત એક કાર્યક્રમમાં તેમણે સંભલમાં ૪૬ વર્ષ પહેલાંની હિંસક ઘટનાઓને સંબોધતા પૂછ્યું, 'શું વહીવટીતંત્રે અચાનક રાતોરાત સંભાલમાં આટલું પ્રાચીન મંદિર બનાવ્યું ? શું ભગવાન હનુમાનની સદીઓ જૂની મૂર્તિ રાતોરાત દેખાઈ ગઈ ? શું પ્રાચીન જ્યોતિર્લિંગનું એમ જ અચાનક નિર્માણ થયું હતું. શું આ આસ્થાની વાત નથી ? શા માટે ૪૬ વર્ષ પહેલા સંભલમાં થયેલા હત્યાકાંડના ગુનેગારોને આજ સુધી સજા નથી મળી ? તો પછી ૪૬ વર્ષ પહેલા સંભલમાં જેઓ નિર્દયતાથી માર્યા ગયા તેનો શું વાંક હતો ? તેમણે આગળ સવાલ કર્યો કે, 'જો રામ મંદિર પર અયોધ્યાનો ચુકાદો ન આવ્યો હોત તો શું ? જો રામ મંદિર ન બન્યું હોત તો શું ? શું અયોધ્યામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સ્થાપના થઈ હોત ? શું અયોધ્યાની શેરીઓ ચાર માર્ગમાં વિકસિત થઈ ગઈ હોત. શું અયોધ્યાને ડબલ રેલ્વે લાઈનથી જોડવામાં આવી હોત ? તેમણે કહ્યું કે જ્યારે અયોધ્યાના રહેવાસીઓ અને યાત્રાળુઓ શહેરના પરિવર્તનની પ્રશંસા કરે છે, ત્યારે અમુક જૂથો અસંતોષ વ્યક્ત કરે છે. તેમણે બંધારણમાં 'સેક્યુલર' શબ્દ દાખલ કરવા માટે આ જૂથોની ટીકા કરી હતી, જે તેઓ માને છે કે તેનો મૂળ અર્થ વિસરી જવામાં આવ્યો છે. તેમણે ટિપ્પણી કરી કે,'તેઓ કાશી વિશ્વનાથ ધામના કાયાપલટ, રામ મંદિરના નિર્માણ અને અયોધ્યાની દિવ્ય ભવ્યતાથી પરેશાન છે. તેમની ફરિયાદ એ છે કે દાયકાઓ સુધી શાસન કરવા છતાં, તેઓએ કંઈ કર્યું નથી. આત્મનિરીક્ષણને બદલે તેઓ તેમની પોતાની નિષ્ફળતાઓ માટે અમારી સફળતાને દોષી ઠેરવે છે.,' આ નિવેદનો સંભલમાં ૪૦૦ વર્ષ જૂના ભગવાન શિવ અને હનુમાન મંદિરની શોધને અનુસર્યા હતા, જે ૧૯૭૮થી બંધ છે.

મંદિર અતિક્રમણ અને વીજળી ચોરીના નિરીક્ષણ દરમિયાન મળી આવ્યું હતું, અધિકારીઓ તેના પુનઃનિર્માણની યોજના બનાવી રહ્યા હતા. મુખ્યમંત્રીની ટિપ્પણી પર વિપક્ષી નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા ઉર રહેમાન બારકે કહ્યું, 'બેરોજગારી અને મોંઘવારી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે આ પ્રકારની ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. જનતા વિકાસ ઈચ્છે છે અને રાજ્યમાં સમાજવાદી પાર્ટીની સરકાર બનશે.' આરજેડી સાંસદ મનોજ કુમાર ઝાએ કહ્યું, 'યુપીના સીએમ યોગી આદિત્યનાથ ખૂબ જ સખત સ્પર્ધામાં છે. 'ગુજરાત વાલે ભૈયા' સાથે ખૂબ જ કઠિન સ્પર્ધા ચાલી રહી છે. કાં તો તમે બંધારણ સાથે છો અથવા આ પ્રકારની નફરત ફેલાવનારી ભાષા સાથે.''

મંદિરના પુન : ઉદ્ઘાટન પર નોંધપાત્ર ધ્યાન દોરવામાં આવ્યું છે. યુપી પોલીસ બહાર તૈનાત કરવામાં આવી છે અને પરિસરને સફાઈ કરવામાં આવી છે અને વીજળીથી સજ્જ કરવામાં આવ્યું છે. સુરક્ષા પગલાંમાં સીસીટીવી કેમેરા લગાવવાનો સમાવેશ થાય છે.

જામિયાએ CAA વિરોધની વર્ષગાંઠ પર વર્ગો સ્થગિત કર્યા અને પુસ્તકાલય, કેન્ટીન બંધ રાખ્યા : વિદ્યાર્થી સંઘે આ પગલાની ટીકા કરી

એક વીડિયોમાં વિદ્યાર્થીઓ કેમ્પસની બહાર પોલીસ કર્મચારીઓને તૈનાત કરવાનો વિરોધ કરવા માટે 'દિલ્હી પોલીસ ગો બેક' જેવા નારા લગાવતા દેખાય છે

(એજન્સી) તા.૧૬

૨૦૧૯ વિરોધી CAA વિરોધ અને કેમ્પસમાં પોલીસની કથિત ક્રૂરતાની વર્ષગાંઠ નિમિત્તે વિદ્યાર્થી સંગઠને એક સ્મૃતિ કાર્યક્રમ જોવાનું આયોજન કર્યું હતું અને જામિયા મિલિયા ઈસ્લામિયાએ રવિવારે વર્ગો સ્થગિત કર્યા હતા અને તેની લાઈબ્રેરી અને કેન્ટીન બંધ કરી દીધી હતી. ડાબેરી સમર્થિત ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA)એ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટી વહીવટીતંત્રના નિર્ણયનો હેતુ વિદ્યાર્થીઓને ઈવેન્ટમાં ભાગ લેતા અટકાવવાનો હતો. એક વીડિયોમાં વિદ્યાર્થીઓ કેમ્પસની બહાર પોલીસ કર્મચારીઓને તૈનાત કરવાનો વિરોધ કરવા માટે 'દિલ્હી પોલીસ ગો બેક' જેવા નારા લગાવતા દેખાય છે. આ વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે કેમ્પસમાં પ્રવેશ કરવા અને બહાર નીકળવા પર પ્રતિબંધ છે, અંદરના લોકોને બહાર જવાની મંજૂરી નથી અને અન્ય માટે અહી પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વહીવટીતંત્રે શનિવારે મોડી રાત્રે ત્રણ પરિપત્ર બહાર પાડ્યા હતા, જેમાં જણાવ્યું હતું કે વર્ગો, કેન્ટીન અને પુસ્તકાલય તેમના જાળવણી કાર્યને કારણે બપોરે ૧ વાગ્યાથી બંધ રહેશે. આ વિદ્યાર્થીઓએ આ નોટિસના સમય પર સવાલ ઉઠાવ્યા હતા, અને કહ્યું હતું કે, પરીક્ષાઓ નજીક આવી રહી છે અને તેઓએ આક્ષેપ કર્યો હતો કે તે તેમના શાંતિપૂર્ણ વિરોધના અધિકારને દબાવવાનો પ્રયાસ છે. AISAના

એક નિવેદનમાં વહીવટીતંત્ર અને પોલીસની ટીકા કરવામાં આવી હતી અને આ ઘટનાને અસંમતિને દબાવવા માટેની કાર્યવાહી ગણાવી હતી. તેમણે કહ્યું કે, યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેશને કેમ્પસને સંપૂર્ણ રીતે બંધ કરી દીધું છે અને વિસ્તારની આસપાસ કોઈપણ ગતિવિધિને રોકવા માટે અંદર અને બહાર પોલીસ તૈનાત કરી છે. AISAએ કહ્યું કે, ૧૫મી ડિસેમ્બર ૨૦૧૯ના રોજ, દિલ્હી પોલીસે અમારા મિત્રોને ઈજા પહોંચાડી હતી, અમારા કેમ્પસમાં તોડફોડ કરી હતી અને અમારી સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કર્યોહતો. આજે, તેઓઅમને તે ભયાનક દિવસને યાદ કરવા માટે પણ રોકી રહ્યા છે. આ આરોપો પર યુનિવર્સિટી વહીવટીતંત્ર તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ, નાગરિકતા (સુધારા) અધિનિયમ સામે વિરોધને પગલે દિલ્હી પોલીસ જામિયા કેમ્પસમાં પ્રવેશી હતી અને તેઓએ અહી અરાજકતા ફેલાવી હતી અને તેમાં કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા, અને આ પોલીસ કર્મચારીઓ વિદ્યાર્થીઓને માર મારતા અને પુસ્તકાલયમાં તોડફોડ કરતા એક વીડિયોમાં જોવા મળ્યા હતા અને તેના લીધે દેશભરમાં આક્રોશ હતો. જો કે, પોલીસે કહ્યું હતું કે, તેઓ કેમ્પસની બહાર CAA વિરોધ દરમિયાન આગ લગાડવા અને હિંસામાં સામેલ કેમ્પસની બહારના લોકોને શોધવા માટે આ કેમ્પસમાં પ્રવેશ્યા હતા.

મધ્યપ્રદેશ સરકાર વચનો પૂરા કરીને લોકોની સેવા કરવાને બદલે RSSના એજન્ડાને આગળ વધારી રહી છે; વિધાનસભા વિપક્ષના નેતા ઉમંગ સિંઘાર

(એજન્સી) ભોપાલ, તા.૧૬

મધ્યપ્રદેશ વિધાનસભા વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી ઉમંગ સિંઘારે એવો આક્ષેપ કર્યો છે કે મોહન યાદવના એ નેતૃત્વ હેઠળની ભાજપની રાજ્ય સરકાર ૨૦૨૩ની ચૂંટણીઓમાં લોકોને આપેલા વચનો પરિપૂર્ણ કરી શક્યા નથી અને તમામ મોરચે નિષ્ફળ ગઈ છે. આ સરકાર લોકોની સેવા કરવાની બદલે અને લોકોને અપાયેલા વચનો પૂરા કરવાને બદલે ભાજપના એજન્ડાને જ આગળ વધારી રહી છે. તેમણે એક ખાસ અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું કે ભાજપની સરકાર એ લોકોની સરકાર રહી નથી પણ એમના માટે આરએસએસનો એજન્ડા અગ્રતાક્રમે રહ્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીઓ દરમિયાન મધ્યપ્રદેશની જનતાને વચન આપ્યા છતાં જાહેર ક્ષેત્રમાં યુવાનોની ભરતીઓ કરવામાં આવી રહી નથી. ખાલી જગ્યાઓ ભરવામાં આવતી નથી પણ ચોક્કસથી સ્થાન ઉપર આરએસએસ દ્વારા ચીંધવામાં આવેલી વ્યક્તિઓની જ આ સરકાર નિમણૂક કરી રહી છે. લાડલી બહેના યોજના અંગે પૂછવામાં આવતા કોંગ્રેસના નેતા સિંગારે કહ્યું હતું કે આ યોજના અંતર્ગત નોંધાયેલી મહિલાઓને માસિક રૂપિયા ૩૦૦૦ આપવાનું ભાજપે વચન આપ્યું હતું પણ સરકાર આ વચન પણ પૂરું કરી શકી નથી. સરકારે યોજના અંતર્ગત દોઢ કરોડ મહિલાઓનું રજીસ્ટ્રેશન કર્યું છે પણ તેમાંથી એક કરોડ મહિલાઓને મહિને માત્ર રૂપિયા ૧૨૫૦ આપવામાં આવી રહ્યા છે. હકીકતે રાજ્યની અઢી કરોડ મહિલાઓ આ યોજનામાં લાભાર્થી છે પણ તેની સંખ્યા ઘટાડી દેવામાં આવી છે કેમ

કે મુખ્યમંત્રી મોહન યાદવ એવું કહે છે કે આ યોજના સરકાર ઉપર મોટો નાણાકીય બોજ મૂકી રહી છે. વિપક્ષી નેતાએ કહ્યું કે લાભાર્થીઓની સંખ્યા ઘટાડવામાં આવી છે એ જોતા લાગે છે કે ભવિષ્યમાં યોજના જ બંધ કરી દેવામાં આવશે. હકીકતે આ સરકારમાં તમામ વર્ગો કે પછી કિસાનો હોય કે નબળા વર્ગો હોય અને વંચિત વર્ગો હોય કે મહિલાઓ કે યુવાનો હોય દરેકને સહન કરવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. એમને કોઈ લાભો સરકારની યોજનાના મળી રહ્યા નથી. ભાજપે દર વર્ષે બે લાખ યુવાનોની ભરતી કરવાનું વચન આપ્યું હતું અને લેપટોપ તથા સ્કુટી આપવાનું પણ વચન આપ્યું હતું તેનું શું થયું તે મને કહો. ખેડૂતો ખાતર માટે દુકાને દુકાને ભટકી રહ્યા છે અને ઘરે ઘરે જઈને ભટકી રહ્યા છે તો બીજી તરફ મુખ્યમંત્રી ખેડૂતોની ખાતરની સમસ્યાને હલ કરવાને બદલે ડાયનોસોરના ઈંડા જોવા માટે બ્રિટન અને જર્મનીની મુલાકાતે ઉપડી ગયા. ખાતરના અભાવે ૬૦ ટકા જેટલું વાવેતર હજુ અધૂરું છે. મુખ્યમંત્રીએ માત્ર યુક્રેન અને રશિયા પર ખાતર માટે આધાર રાખવો જોઈતો નહોતો પણ તેના બદલે તેમણે ખાતર માટે ચીન તથા મોરોક્કો અને બ્રાઝિલ પર આધાર રાખવો જોઈતો હતો ત્યાંથી પૂરતા પ્રમાણમાં ખાતર મંગાવી શકાયું હોત. ડાંગર માટે ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૩૧૦૦ ટેકાના ભાવનું વચન અપાયું હતું અને ઘઉં માટે પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૬૦૦ ટકાનો ભાવ આપવાનું વચન હતું પણ એ વચનો પૂરા થયા નથી. તેમણે કહ્યું હતું કે આ સરકારે ગૌમાતા યોજના જાહેર કરી હતી પણ ગૌમાતાને સમસ્યાઓ યથાવત રહી છે અને હાઈવે પર અકસ્માતોનો ભોગ બની રહી છે. તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે એ એમ્બ્યુલન્સ યોજનાનો ઉપયોગ ગરીબ અને વંચિત લોકો માટે થતો નથી પણ ભાજપ અને આરએસએસના લોકોને જ તેનો લાભ આપવામાં આવી રહ્યો છે.

સુમન શાળાઓમાં વિદ્યાર્થીઓનું લાંબું વેઈટિંગલિસ્ટ

વેસુમાં ૧૧ કરોડના ખર્ચે વધુ એક સુમન શાળા બનાવવાની તજવીજ

૨૩ સુમન શાળાઓમાં ૧૪ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત શહેરમાં અભ્યાસ કરતાં ગરીબ અને શ્રમજીવી બાળકો માટે સુમન હાઈસ્કૂલ આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. સમગ્ર રાજ્યમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. જો કે, સુમન હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકોની સતત વધી રહેલી સંખ્યાને ધ્યાને રાખીને વધુ એક વખત વહીવટી તંત્ર દ્વારા ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે વેસુ ખાતે નવી શાળા બનાવવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવી છે. જે અંગે આગામી દિવસોમાં શાસકો અંતિમ નિર્ણય લેશે. હાલમાં સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં ૨૩ સુમન શાળાનું સંચાલન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગુજરાતી અને હિન્દી સહિતના માધ્યમોમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા સુમનમાં અભ્યાસ કરવા માટે દર વર્ષે વિદ્યાર્થીઓનું લાંબુ વેઈટિંગ લિસ્ટ જોવા મળતું હોય છે. હાલના તબક્કે ૧૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ સુમન શાળામાં અભ્યાસ કરી રહ્યા છે અને શહેરનાં અલગ - અલગ વિસ્તારોમાં સાત સુમન શાળાનું બાંધકામ ચાલી રહ્યું છે. બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં વધુ પાંચ શાળાઓ બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને જેના ભાગરૂપે જ અઠવા ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ - ભરથાણા) ખાતે અંદાજે ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે વધુ એક સુમન શાળાના ભવન બનાવવા માટેની દરખાસ્ત બાંધકામ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવી છે. જે અંગે આગામી ૧૭મી તારીખના રોજ શાસકો દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે.

જૂનાગઢના બિલ્ડર સામે ૨.૪૩ કરોડની છેતરપિંડી આચર્યાની પોલીસમાં ફરિયાદ

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ શહેરમાં બાંધકામ વ્યવસાય સાથે જોડાયેલી એક પેઢીનાં સંચાલકોએ સારા મકાન બનાવી આપવાની લાલચ આપી અને વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી રૂા. ૨ કરોડ ૪૩ લાખની છેતરપિંડી આચર્યાની એક ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં રહેતા ફરિયાદી રમાબેન નવનીતરાય મહેતા અવદિત્ય ગઢિયા બ્રાહ્મણ (ઉં.વ.૬૨) (રહે. મધુરમ બાયપાસ બાલાજી હેરિટેજ બ્લોક નં.બી-૧૦૨)એ મનીષ મોહનલાલ કારિયા રહે.જૂનાગઢ તેમજ સંજય ભંડારી અને તપાસમાં જે ખુલે તે તમામ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે વેપારી આરોપી મનીષ મોહનલાલ કારિયા રહે. જૂનાગઢવાળા તથા સંજય ભંડારીએ પૂર્વ આયોજિત કાવતરૂં રચી આરોપી મનીષ કારિયાની પૂજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેઢીનાં નામે ઘણા વર્ષોથી બાંધકામનો ધંધો કરી મકાન બનાવી તૈયાર કરે છે તેવી આ કામના ફરિયાદી તથા અન્ય ભોગ બનનાર વ્યક્તિઓને વાત કરી આરોપીઓએ ફરિયાદીને પુજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેઢીનાં પેમ્ફલેટ અને બાંધકામની સાઈડનાં ફોટા તથા મળેલ એવોર્ડનાં ફોટા બતાવી અને અન્ય બિલ્ડરો કરતા સારી ગુણવત્તાવાળું મકાન આપવાનો વિશ્વાસ કેળવી ફરિયાદી તથા અન્ય ભોગ બનનાર વ્યક્તિઓ પાસેથી પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરૂં રચી પૈસા પડાવી લેવાના ગુનાહિત ઈરાદા સામે બંને આરોપીઓએ અગાઉથી રચેલ આયોજન મુજબ ફરિયાદી પાસેથી મુન લાઈટ પ્રોજેક્ટનાં બ્લોક નં.એ-૦૧ તથા એ-૦૨ના પ્લોટના સોદા પેટેનાં રૂા.૩૫,૦૦,૦૦૦ મેળવી તથા ફરિયાદમાં જણાવેલ અન્ય ભોગ બનનાર વ્યક્તિઓ પાસેથી રૂા.૨,૦૮,૦૦,૦૦૦ બે કરોડ આઠ લાખ મળી કુલ રૂા.૨,૪૩,૦૦,૦૦૦ બે કરોડ તેતાલીસ લાખ ફરિયાદી તથા ભોગ બનનાર વ્યક્તિઓ પાસેથી યેનકેન પ્રકારે મેળવી લઈ ફરિયાદી કે ભોગ બનનાર વ્યક્તિઓ પાસેથી લીધેલ રૂપિયા પરત નહીં આપી પોતાની ઓફિસ તથા મોબાઈલ બંધ કરી નાસી જઈ આરોપીઓએ પૂર્વ આયોજિત ગુનાહિત છેતરપિંડી કરવાના ઈરાદા સાથે વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવેલ છે. આ બનાવ તા.૧-૪-૨૪થી ૧૫-૧૨-૨૪ દરમ્યાન બનવા પામેલ છે. આ ફરિયાદનાં આધારે પોલીસે આરોપીઓ વિરૂદ્ધ બીએનએસ ક ૩૧૬(૫), ૩૧૮(૨), ૬૧(૨) મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડિવિઝન પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પીઆઈ એચ.કે. હુંબલ ચલાવી રહ્યા છે.

કાપોદ્રામાં ભૂવો પડતાં ટ્રક ફસાઈ

સુરતમાં વગર વરસાદે રોડ પર ભૂવો પડતાં પાલિકાની પોલ ખુલી

કરોડો રૂપિયાનું આંધણ રસ્તાઓના સમારકામ પાછળ કરવા છતાં ભરશિયાળામાં ભૂવો પડ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત મહાનગર પાલિકા દ્વારા વર્ષે દહાડે કરોડો રૂપિયાનું આંધણ રસ્તાઓના સમારકામ પાછળ કરવામાં આવે છે. હાલમાં જ આમ આદમી પાર્ટી દ્વારા સુરતમાં એક-એક ખાડાના સમારકામ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહયો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ સ્થિતિમાં આજે કાપોદ્રા ખાતે મેઈન રોડ પર ભરશિયાળામાં ભુવો પડતાં ટ્રકનું ટાયર ફસાઈ જવા પામ્યું હતું. જેને પગલે પીક અવર્સમાં ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાતાં નાગરિકોને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને શાસકો માટેચોમાસાની ઋતુ દરમિયાન ખાડાઓ અને ભુવાઓની સમસ્યા માથાનો દુઃખાવો સાબિત થઈ હતી. નવરાત્રિના તહેવાર સુધી શહેરનાં રસ્તાઓ પર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળતું હતું ત્યારે કોર્પોરેશન દ્વારા કરોડોના ખર્ચે શહેરનાં તમામ રસ્તાઓના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં રીતસરની વેઠ ઉતારવામાં આવી હોય તેવું ચિત્ર હવે ઉપસી રહયુ છે. ભરશિયાળામાં શહેરમાં ભુવો પડતાં લોકોમાં મહાનગર પાલિકાની કામગીરી વિરૂદ્ધ ચર્ચાનો દૌર શરૂ થયો છે. આજે સવારે કાપોદ્રા ખાતે આવેલ મેઈન રોડ પર પસાર થઈ રહેલ એક ટ્રકનું ટાયર રસ્તામાં ભુવો પડતાં ધસી પડ્યો હતું. જેને પગલે ટ્રક ફસાઈ જવા પામી હતી અને જોતજોતામાં રસ્તાની વચ્ચોવચ્ચ ટ્રક ફસાઈ જવાને કારણે વાહનોની લાંબી કતારોને પગલે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જેને પગલે નોકરી-ધંધા માટે નીકળેલાં નાગરિકોને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

વડોદરામાં બાઈકચાલક કિશોરે મોપેડ પર જતા આધેડને ટક્કર મારતાં મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરામાં બાઈક લઈને નીકળેલા ૧૬ વર્ષના કિશોરે કિશનવાડી વુડાના મકાન પાસે એક મોપેડ ચાલકને ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડતા તેઓનું મોત થયું હતું. વારસિયા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. કિશનવાડી ખોડિયાર ચોકમાં રહેતો કેયૂર રામુભાઈ તડવી એ.ટી.એમ.માં કેશ લોડિંગનું કામ કરે છે. તેના પિતા રામુભાઈ તડવી ગત તા.૭મી એ તેમની દીકરીને મોપેડ પર બેસાડીને ઘરેથી આજવા રોડ પર ઘરકામ માટે મૂકવા જતા હતા. તે દરમિયાન કિશનવાડી વુડાના મકાન પાસે ૧૬ વર્ષના બાઈક ચાલકે મોપેડને ટક્કર મારતા તેઓ રોડ પર ફંગોળાયા હતા. રામુભાઈને માથા, છાતી તથા હાથ પર ગંભીર ઈજા થઈ હતી. તેઓ બોલી પણ શકતા નહતા. એમ્બ્યુલન્સમાં તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.તેઓની સારવાર ચાલુ હતી. તે દરમિયાન અકસ્માત કરનાર બાઈક ચાલકના પિતા હોસ્પિટલમાં આવ્યા હતા. તેઓએ રામુભાઈની સારવાર ખાનગી હોસ્પિટલમાં કરાવવા માટે તૈયારી બતાવતા પરિવારજનો તેઓને ચીકૂવાડી નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી તેઓને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ, તેઓનું મોત થયું હતું. વારસિયા પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, બાઈક ચલાવનારની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. તે મૂળ બિહારનો વતની છે અને હાલમાં આજવા રોડ વિસ્તારમાં રહે છે.

લુધિયાણા (પંજાબ)ના શાહી ઈમામ હઝરત ઉસ્માન લુધિયાન્વી આજરોજ અંકલેશ્વરના મહેમાન બન્યા હતા જે સમયે અત્રેના ને.હા. નં.૪૮ પર આવેલ શકીલભાઈ સિદ્દીકીને ત્યાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આઝાદ રોલિંગ શટરના માલિક આબિદ ખાન તથા અન્ય મહેમાનોએ હાજર રહી તેઓનું સ્વાગત કર્યું હતું. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

વડોદરાના દરેક નગરપાલિકા વિસ્તારમાં

રેશનકાર્ડમાં ઈ-કેવાયસી તથા આધારકાર્ડ અપડેટ માટે મેગા કેમ્પ યોજવા લોકમાંગ

રોજરોજ ડભોઈના સેવાસદન ખાતે લાંબી લાઈનો દૃશ્યમાન

ડભોઈ, તા.૧૬

વડોદરા જિલ્લાના નાગરિકો માટે તેમના રેશનકાર્ડમાં e-KYC અને આધારકાર્ડ અપડેટ કરવા ડભોઈ પુરવઠા મામલતદાર તેમજ તાલુકા પંચાયત કચેરીમાં રોજે રોજની લાઈનો લાગતી હોય નાગરિકોના સમયને ધ્યાનમાં લઈ કામગીરી રજાના દિવસે પણ કરાવી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ નગરપાલિકા વિસ્તારમાં રેશનકાર્ડમાં e-KYC અને આધારકાર્ડ અપડેટ માટે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે ડભોઈ સેવાસદન ખાતે રેશનકાર્ડ ઈ-કેવાયસી અને આધારકાર્ડ અપડેટ માટે રોજ રોજ લાંબી લાઈનો લાગે છે. સમયનો વેડફાટ થતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

વડોદરા સિટી પો.સ્ટેશનના બાથરૂમમાં આરોપીનો ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

યુવતી પર ગેંગરેપ-અપહરણના ગુનામાં સંડોવાયેલ હતો જે નવ વર્ષ બાદ ઝડપાયો હતો

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૬

વર્ષ ૨૦૧૬માં વારસિયા રીંગ રોડ પરથી એકલતાનો લાભ લઈને યુવતીનું રિક્ષામાં અપહરણ કરીને લઈ ગયા બાદ રાજકોટમાં એક રૂમમાં ગોંધી રાખી તેના પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. ત્યારે અપહરણ અને દુષ્કર્મના આરોપીઓ પૈકી શાંતુ નીનામાને નવ વર્ષ બાદ આજવા રોડ પરથી પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારે આ આરોપીએ સિટી પોલીસ સ્ટેશનના બાથરૂમમાં ચાદરના ટુકડા વડે ફાંસો ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૬માં મૂળ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લામાં રહેતા શાંતુ નીનામાં, તેના ભાઈ સહિતના અન્ય શ્રમિકો મજૂરી માટે વડોદરા આવ્યા હતા. ત્યારે પંચમહાલ જિલ્લામાં રહેતી ૨૮ વર્ષીય યુવતીનું વારસિયા રીંગ રોડ પરથી શાંતુ નીનામા અને તેના ભાઈ કમલેશ નીનામા સહિતના આરોપીઓએ રિક્ષામાં બળજબરીપૂર્વક બેસાડીને અપહરણ કર્યું હતું. ત્યારબાદ આ યુવતીને રાજકોટ તરફ લઈ ગયા હતા. ત્યાં એક રૂમમાં યુવતીને ગોંધી રાખીને શાંતુ નીનામા સહિતના આરોપીઓએ તેના પર વારંવાર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. યુવતી દ્વારા સીટી પોલીસ સ્ટેશનમાં ગેંગરેપની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દરમિયાન સીટી પોલીસ દ્વારા અપહરણ અને દુષ્કર્મના ગુનામાં નાસતા ફરતા ચાર આરોપીઓ પૈકીના મધ્યપ્રદેશના શાંતુ નીનામાને આજવા રોડ પરથી કામ કરતી વેળા ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી નવ વર્ષ બાદ ઝડપાતા તેના અન્ય સાગરીતો ને ઝડપી પાડવા માટે તથા વધુ પૂછપરછ કરવા રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. દરમિયાન દુષ્કર્મના આરોપી શાંતુ નીનામાએ સીટી પોલીસ સ્ટેશનમાં બાથરૂમમાં જઈને ચાદરના ટુકડાથી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ કર્મચારીઓ તેને બાથરૂમમાં લઈ ગયા હોય અંદર થોડીવાર થઈ જતા તેમને શંકા ગઈ હતી અને બાથરૂમમાં જઈને ચેક કરતા આરોપી ફાસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. જેથી સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. પોલીસ કર્મચારીઓની હાજરીમાં જ આરોપીએ બાથરૂમમાં આપઘાતનો પ્રયાસ કરતા પોલીસની ગંભીર બેદરકારી સામે આવી છે.

મહિલાઓ યુવકને મારતાં-મારતાં પોલીસ સ્ટેશન લઈ ગઈ

કાપોદ્રામાં છેડતી કરનાર યુવકને મહિલાઓએ મેથીપાક ચખાડ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરતના કાપોદ્રા વિસ્તારમાં છેલ્લા ૩ દિવસથી યુવતીઓની છેડતી કરતા રોમિયોને ઝડપી લેવાયો છે. ત્યારબાદમાં તેને જાહેર રોડ પર મારતાં મારતાં રણચંડી બની હોય તેમ યુવતીઓ યુવકને કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યાં રોમિયોને પોલીસ હવાલે કર્યો હતો. આ સમગ્ર ઘટનાના વિડિયો સોશિયલ મિડિયામા વાયરલ થયા છે.

કાપોદ્રા વિસ્તારમાં ઓફિસ જતી યુવતીઓની છેડતી એક યુવક છેલ્લા ૩ દિવસથી કરી રહયો હતો. જેથી યુવતીઓએ આજે રેકી કરીને રોમિયોગીરી કરતાં યુવકને ઝડપી લીધો હતો. ત્યારબાદ તેની પૂછપરછ કરી હતી. જો કે, યુવકે પોતાનો બચાવ કરતાં કહ્યુ હતું કે, મેં તમને ઓળખતો નથી. બાદમાં યુવતીઓએ માર મારવાનું શરૂ કરતાં લોકો એકઠાં થઈ ગયા હતાં. ત્યારબાદ પણ યુવતીઓએ રોમિયોગીરી કરતા યુવકને મારતા મારત કાપોદ્રા પોલીસ મથક સુધી લઈ ગઈ હતી. આ અંગે એક યુવતીએ કહયુ હતું કે, શનિવારે અમે ઓફિસ આવતા હતા. ત્યારે અમારી સામે યુવકે જોઈ ખરાબ શબ્દો બોલી ગયો હતો. બેથી ત્રણ વાર યુ ટર્ન મારીને બોલીને જતો રહયો હતો. તે દિવસે અમારા હાથે ન આવ્યો હતો. આજે અમે જોયો આજે ત્યારે તેની પાસે જઈને પૂછયું હતું. એ સ્વીકારવા તૈયાર નહોતો. જેથી અમે તેને પોલીસ સ્ટેશન લઈને આવ્યા હતાં. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

CHANGE OF NAME

I HAVE CHANGE OF MY OLD NAME FROM **KARBHARI MAHMEDSAJID IBRAHIM NOORAHMED** TO NEW NAME **KARBHARI SAJID IBRAHIM** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- KARBHARI STREET. AT&PO. SAROD. TAL.JAMBUSAR. DIST. BHARUCH. PIN.392180 GUJARAT.

ઓન લાઈન ટેન્ડર ટુકી મુદ્દતની જાહેર નિવિદા નં.૧૪ (બીજો પ્રયત્ન) સને.૨૦૨૪–૨૦૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,(સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના **રોડવર્ક (રીસરફેસીંગ વર્ક)** ના કામ માટે ઈ–ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & www.nprocure.com ઉપર જોવા મળશે.

ક્રમ	વિગત	તારીખ / સમય
૧	કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ	૨૪/૧૨/૨૦૨૪ ૧૬:૦૦ કલાકે
૨	ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ	૨૪/૧૨/૨૦૨૪ ૧૮:૦૦ કલાકે
૩	ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ	૨૬/૧૨/૨૦૨૪ ૧૦.૩૦ કલાકે
૪	ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ	૨૭/૧૨/૨૦૨૪ થી ૦૨/૦૧/૨૦૨૫

જિલ્લા માહિતી કચેરી, અમરેલી

અડાજણ ભૂલકાં ભવન શાળા પાસે

પૂરઝડપે જતી સ્પોર્ટસ બાઈક ધડાકાભેર કાર સાથે અથડાતાં ૩ યુવકોને ઈજા

બાઈકચાલકને માથાના ભાગે ૨૨ ટાંકા આવ્યા, અન્ય બે યુવકને નાની-મોટી ઈજા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

અડાજણ ભુલકા ભવન ત્રણ રસ્તા પર આંખના પલકારામાં જ ભયાનક અકસ્માત સર્જાયો છે. મોડી રાત્રે ત્રણ મિત્રો ચા પીવા નીકળ્યા હતા. ત્રિપલ સવારીમાં પૂરઝડપે જઈ રહેલા યુવકોની સ્પોર્ટ બાઈકે એક કારને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક ૩૦ ફૂટ હવામાં ફંગોળાયો હતો, જયારે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત બાદ ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની આ સમગ્ર ઘટનાના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. આ ઘટનાના પગલે મોડી રાતે અડાજણ પોલીસ સ્થળ પર દોડી આવી તપાસ શરૂ કરી હતી. અકસ્માતમાં કારને પણ નુકસાન થયું હતું. શહેરના નાનપુરા વિસ્તારમાં આવેલ બારાહજારી મહોલ્લામાં રહેતા જ્ઞાનદાસ ગુપ્તાનો ૧૮ વર્ષીય પુત્ર અંતિમ જ્ઞાનદાસ ગુપ્તા કૃષિ બજારમાં પટાવાળાનું કામ કરીને પરિવારને આર્થિકિ રીતે મદદરૂપ થઈ રહયો છે. અંતિમના પરિવારમાં માતા-પિતા, ત્રણ ભાઈ અને બહેન છે. અંતિમ અને તેના બે મિત્રો મોડી રાત્રે ત્રણ વાગ્યાના અરસામાં મિત્રની જીજે-૦૫-પીઆઈ-૫૫૦૮ નંબરની સ્પોર્ટ બાઈક લઈને ચા પીવા ગયા હતા. ત્યાંથી પરત ફરી રહયા હતા ત્યારે અડાજણ ભુલકા ભવન ત્રણ રસ્તા પરથી પુર ઝડપે બાઈક હંકારીને જઈ રહયા હતા. ત્યારે રસ્તો ક્રોસ કરી રહેલી કાર સાથે ધડાકાભેર બાઈક ટકરાઈ હતી. જેમા ત્રણેય યુવકોને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના સીસીટીવીમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કાર રસ્તા પરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી બાઈક તેની સાથે ટકરાય છે. કાર સાથે બાઈકની જોરદાર ટક્કરથી બાઈક સવાર હવામાં ૩૦ ફૂટ સુધી ઉછળીને પટકાયો હતો, જયારે અન્ય બે યુવકો પણ રસ્તા પર પટકાયા હતા. અકસ્માતની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યાયા હતા .ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યો હતા. અકસ્માતમાં બાઈક સવાર અંતિમ ગુપ્તાને માથાના ભાગમાં ૨૨ ટાંકા આવ્યા છે, જયારે આંખ અને હાથ-પગ પર ઈજાઓ પહોંચી છે. જ્યારે અન્ય બે યુવકોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. અડાજણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બ્રિજને નડતરરૂપ BRTS સ્ટેશનમાં પણ ફેરફાર કરાશે

ગોડાદરામાં મહારાણા પ્રતાપ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજ બનાવવા કવાયત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

શહેરના પુણા પાટીયા અને ગોડાદરા વિસ્તારને જોડતા મહારાણા પ્રતાપ જંકશન પાસે દરરોજ પિકઅવર્સના સમયમાં ભારે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાવા પામે છે. સુરત મહાનગર પાલિકાની ધારાસભ્યો સાથેની સંકલન બેઠકમાં પણ ધારાસભ્ય દ્વારા મહારાણા પ્રતાપ જંકશન પાસે ફ્લાયઓવર બ્રિજ બનાવવાની માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત પાલીકાની સામાન્ય સભામાં પણ આ મુદ્દે રજૂઆતો કરવામાં આવ્યા બાદ આખરે પાલિકાના અધિકારીઓએ આ વાત ધ્યાન પર લીધી છે. મહારાણા પ્રતાપ જંકશન પર રૂપિયા ૬૦.૬૮ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાનું આયોજન પાલિકા દ્વારા કરવામાં આવ્યું છે અને તેના માટે ખર્ચના અંદાજ સાથેની દરખાસ્ત જાહેર બાંધકામ સમિતિમાં લાવવામાં આવી છે. સુરત શહેરના પુણા પાટિયા કાંગારુ સર્કલથી ગોડાદરા વિસ્તારને જોડતા મુખ્ય રોડ પર ટ્રાફિક જામની પરિસ્થિતિ જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને સવારે અને સાંજે પીક અવર્સના સમયમાં સૌથી વધુ અહીં વાહન ચાલકોની હાલત કફોડી થવા પામે છે. પાલિકાની અનેક સામાન્ય સભામાં સ્થાનિક નગરસેવકો દ્વારા અહીં ફ્લાયઓવર બ્રિજ બનાવવાની માંગ કરવામાં આવી હતી અને પાલિકામાં અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ પાલિકા અને ધારાસભ્યોને મળતી સંકલન બેઠકમાં પણ ધારાસભ્ય દ્વારા આ જગ્યા પર બ્રિજ બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી કોઈ નક્કર પગલા લેવાયો ન હતા. જોકે આ રજૂઆતો બાદ હાલમાં પાલિકા દ્વારા મહારાણા પ્રતાપ જંકશન પર ફ્લાઈ ઓવરબ્રિજ બનાવવાનું આયોજન કર્યું છે. પાલિકા અંદાજિત ૬૦.૬૮ કરોડના ખર્ચે બને તરફનો ફ્લાયઓવર બ્રિજ બનાવશે તેના માટે પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલા અંદાજની મંજૂરી માટેની દરખાસ્ત હાલમાં બાંધકામ સમિતિમાં રજૂ કરવામાં આવી છે. આ બ્રિજના આયોજનમાં નડતરરૂપ બીઆરટીએસ બસ સ્ટેન્ડમાં જરૂરિયાત મુજબનો ફેરફાર કરવા માટે પણ મ્યુનિસિપલ કમિશનરને અધિકૃત કરવાની ભલામણ દરખાસ્તમાં કરવામાં આવી છે. આવતી કાલે ૧૭/૧૨/૨૦૨૪ના રોજ મળનારી જાહેર બાંધકામ સમિતિની મીટીંગમાં આ મુદ્દે શાસકો દ્વારા નિર્ણય લેવામાં આવશે.

અંકલેશ્વર : યુપીએલ યુનિ. દ્વારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૬

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે કેમિકલ પ્લાન્ટ ઓપરેટર સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટેના સમારોહનું આયોજન કરાયું હતું. કુલ ૨૮ સહભાગીઓએ કોર્સ પૂર્ણ કર્યો અને તેમની સિદ્ધિની ઉજવણીમાં તેમને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ સમારંભમાં યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજીના પ્રમુખ અશોક પંજવાણી તેમજ ઘનશ્યામ કોટડિયા, પ્રોડક્શન હેડ, યુપીએલ યુનિટ ૫, હરવિંદરસિંહ સૈની, વરિષ્ઠ જનરલ મેનેજર, એસ્કે આયોડિન અને યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ સહિતના પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે અશોક પંજવાણીએ તેમના સંબોધનમાં, સહભાગીઓને તેમની સિદ્ધિઓ માટે અભિનંદન આપ્યા અને ઔદ્યોગિક શ્રેષ્ઠતા ચલાવવામાં કુશળ કેમિકલ પ્લાન્ટ ઓપરેટરોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કૌશલ્ય નિર્માણ અને ઉદ્યોગ લક્ષી કાર્યક્રમો દ્વારા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. કેટલાક સહભાગીઓએ કોર્સ વિશે તેમના પ્રતિભાવો પણ શેર કર્યા હતા. હાજર મહાનુભાવોએ કૌશલ્ય વિકાસના મહત્ત્વ વિશે સમજ આપી હતી. તેઓએ પહેલ માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી, જે રાસાયણિક અને સંલગ્ન ઉદ્યોગો માટે કુશળ અને ટકાઉ કાર્યબળ બનાવવાની યુનિવર્સિટીના વિઝન સાથે સંરેખિત છે.

રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

બુધવાર, 18 ડિસેમ્બર 2024 અને ગુરૂવાર, 19 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
એક્વેનોસ રેસ્ટોરન્ટ, ઉત્તરસંડા રોડ, ડીકીયુ ફાર્મસી કોલેજ સામે,
નડિયાદ –387001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દીપક સોલંકી, મોબાઇલ : 99797 39737.

ગુરૂવાર, 19 ડિસેમ્બર 2024; સાંજે 5:00 વાગ્યાથી.
વૃંદાવન રિસોર્ટ, ભુજ – નખત્રાણા હાઇવે, માનકુવા – 370 030, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: રાહુલ શેઠીયા, મોબાઇલ : 99781 21560.

ગુરૂવાર, 19 ડિસેમ્બર 2024; સાંજે 6:30 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
ભ્રમક્ષત્રિય સમાજની વાડી, ગ્રીન ચોક, લીંબડી, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: તુષાર ભીમાણી, મોબાઇલ : 99049 77001.

ગુરૂવાર, 19 ડિસેમ્બર 2024 અને શુક્રવાર, 20 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્

‘વિશ્વમાં બીજો ઝાકિર હુસૈન કોઈ બની શકશે નહીં’ : ઉસ્તાદ તબલાવાદકને શ્રદ્ધાંજલિ

વિશ્વમાં સંગીત અને તબલા વાદનને એક ઉચ્ચ સ્થાન પર લઈ જનાર વ્યક્તિના કાયમી વારસાને માન આપવા સંગીતકારો, બોલિવૂડના કલાકારો અને રાજકારણીઓએ તેઓને ભાવભીની આપી હતી

(એજન્સી) તા.૧૬

ઝાકિર હુસૈન તબલાના ઉસ્તાદ, પર્ક્યુસનવાદક, સંગીતકાર અને અભિનેતા પણ હતા અને તેઓ એક દંતકથા હતા અને તે માત્ર ભારતના જ નહીં પણ વિશ્વમાં પ્રખ્યાત હતા. ભારતીય શાસ્ત્રીય સંગીતના જબરજસ્ત વૈશ્વિક રાજદૂત ઉસ્તાદ ઝાકિર હુસૈનનું ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયામાં ટૂંકી માંદગી બાદ અવસાન થતાં તેમના તબલા શાંત પડી ગયા છે, તેઓ ૭૩ વર્ષના હતા. હુસૈનનું મૃત્યુ ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસને કારણે થયું હતું. હુસૈનના નિધનના સમાચાર ફેલાતાં જ સોશિયલ મીડિયા પર શોકના સંદેશાઓ આવવા લાગ્યા હતા. ગ્રેમી-વિજેતા સંગીતકાર રિકી કે જે હુસૈનને તેમની નમ્રતા, સુગમ સ્વભાવ માટે યાદ કરતા કહ્યું કે, તે ભારતના અત્યાર સુધીના સૌથી મહાન સંગીતકારો અને વ્યક્તિત્વો પૈકી એક છે. ઝાકિરજી પોતે સર્વશ્રેષ્ઠ હોવાની સાથે સાથે અસંખ્ય સંગીતકારોની કારકિર્દી માટે પ્રોત્સાહિત કરવા માટે જાણીતા હતા. તેઓ કૌશલ્ય અને જ્ઞાનનો ખજાનો હતા. તેમનો વારસો હંમેશ માટે જીવંત રહેશે અને તેમનો પ્રભાવ પેઢીઓ સુધી અનુભવાશે. અમેરિકન ડ્રમર નેટ સ્મિથે હુસૈનનો તેમણે સંગીત માટે આપેલા યોગદાન માટે આભાર માન્યો હતો. ફેબ્રુઆરીમાં બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક આલ્બમ, બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ અને બેસ્ટ કન્ટેમ્પરરી ઈન્સ્ટ્રુમેન્ટલ આલ્બમ માટે ફેબ્રુઆરીમાં ૬૬મા વાર્ષિક ગ્રેમી એવોર્ડ્સમાં ત્રણ ગ્રેમી મેળવનાર હુસૈન ભારતના પ્રથમ સંગીતકાર બન્યા હતા. સરોદવાદક અમજદ અલી ખાને એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે આ સમયે મારી પાસે શબ્દો નથી. ઝાકિર ભાઈ વિશે સાંભળીને હું સંપૂર્ણ રીતે ભાંગી ગયો છું. ઉસ્તાદ ઝાકિર હુસૈન અસાધારણ કલાકાર હતા. તેઓ ખરેખર વિશ્વના સૌથી પ્રિય સંગીતકારોમાંના એક હતા. કમલ હાસને તબલા વગાડતા હુસૈન સાથેની પોતાની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. સારંગીવાદક કમલ સાબરીએ હુસૈનના મૃત્યુને ભારતીય શાસ્ત્રીય અને વૈશ્વિક સંગીતના તમામ સ્વરૂપો માટે ‘મોટી ખોટ’ ગણાવી છે. તે એક અદ્ભુત સંગીતકાર હતા જેમણે લાંબા સમય સુધી વૈશ્વિક મંચ પર ભારતીય સંગીતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. શાસ્ત્રીય ગાયક વસીફુદ્દીન ડાગરે જણાવ્યું હતું કે, તેઓ એક પ્રેરણા હતા. તેઓ વિશ્વભરના સૌથી પ્રખ્યાત ભારતીય સંગીતકાર હતા. પશ્ચિમ બંગાળના અગ્રણી સંગીતકારોએ તબલા ઉસ્તાદ ઝાકિર હુસૈનના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને શાસ્ત્રીય સંગીતની દુનિયાના એક નમ્ર કલાકાર તરીકે વર્ણવ્યા હતા. સંતૂરવાદક પંડિત તરૂણ ભટ્ટાચાર્યએ કહ્યું કે, ‘વિશ્વમાં કોઈ બીજો ઝાકિર હુસૈન બની શકશે નહીં. તે શાસ્ત્રીય સંગીતની દુનિયામાં છેલ્લા મહાન કલાકારો પૈકી એક હતા.’ ભટ્ટાચાર્યએ યાદ કર્યું કે તેઓ

કોઈપણ પરફોર્મન્સ પહેલાં સ્ટેજ પર વડીલોના ચરણ સ્પર્શ કરતા હતા. ગીમા પુરસ્કાર વિજેતા અને ગ્રેમી માટેના જયુરી સભ્ય, તબલા કલાકાર પ્રદ્યુત મુખરજીએ હુસૈનને બહુમુખી વાદક તરીકે વર્ણવ્યા અને તેઓ સ્ટેજ પર ઉત્તમ કલાકાર હતા. તેઓ સત્તાવાર રીતે મારા ગુરૂ ન હતા. મેં તેમની પાસેથી લય અને ધબકારા શીખ્યા હતા અને તેઓ હંમેશા ખૂબ જ નમ્ર હતા. સરોદ વાદક પંડિત તેજેન્દ્ર નારાયણ મજુમદારે જણાવ્યું હતું કે હુસૈન નવ વર્ષથી અહીં આયોજિત સ્વરા સમ્રાટ ફેસ્ટિવલમાં પરફોર્મ કરી રહ્યા છે. પરંતુ તેઓ બહુ જલ્દી ચાલ્યા ગયા છે. ૨૦૨૪ ગ્રેમીમાં હુસૈને ફ્યુઝન મ્યુઝિક ગ્રુપ શક્તિના ભાગ રૂપે ‘ધીસ મોમેન્ટ’ માટે શ્રેષ્ઠ વૈશ્વિક મ્યુઝિક આલ્બમનું પ્રથમ સન્માન મેળવ્યું, જેમાં સ્થાપક સભ્ય બ્રિટિશ ગિટારવાદક જૉન મેકલોફલિન તેમજ ગાયક શંકર મહાદેવન, વાયોલિનવાદક ગણેશ રાજગોપાલન અને પર્ક્યુશનિસ્ટ સેલ્વગણેશ વિનાયકમનો સમાવેશ થાય છે. તેમણે ‘પશતો’ માટે શ્રેષ્ઠ વૈશ્વિક સંગીત પ્રદર્શન અને ‘એઝ વી સ્પીક’ માટે શ્રેષ્ઠ સમકાલીન ઈન્સ્ટ્રુમેન્ટલ આલ્બમ માટે વાંસળીવાદક રાકેશ ચૌરસિયા, અમેરિકન બેન્જો પ્લેયર બેલા ફ્લેક અને અમેરિકન બાસવાદક એડગર મેયર સાથે અન્ય બે એવોર્ડ જીત્યા હતા. બોલિવૂડ અભિનેતા અનુપમ ખેરે ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો અને લખ્યું કે, મને નથી ખબર કે મારૂં હૃદય ક્યાં સુધી ઉદાસ રહેશે. મને નથી ખબર કે મારો અવાજ ક્યાં સુધી શાંત રહેશે. ગુડબાય, મારા મિત્ર. તું આ દુનિયા છોડી ગયો છે, પણ તું સદીઓ સુધી અમારી યાદોમાં જીવંત રહેશે. -તમારી પ્રતિભા, તમારું સંગીત અને તમારું બાળક જેવું સ્મિત અમારા હૃદયના ઊંડાણને સ્પર્શી ગયું છે. ફિલ્મ નિર્માતા હંસલ મહેતાએ કહ્યું કે, ઉસ્તાદ ઝાકિર હુસૈનનું થોડા કલાકો પહેલા અવસાન થયું. ગુડબાય ઉસ્તાદજી. તબલાને સેક્સી બનાવનાર વ્યક્તિ જતો રહ્યો છે. તેના પરિવાર, વિશ્વભરના ચાહકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે મારી સંવેદના. અભિનેતા અને ફિલ્મ નિર્માતા રિતેશ દેશમુખે પણ હુસૈનના નિધનને ‘અસહ્ય ખોટ’ ગણાવીને તેમનું દુઃખ વ્યક્ત કર્યું. તેમણે લખ્યું કે, ઝાકિર હુસૈન સાહબની ખોટ એ ભારત અને વૈશ્વિક સંગીત સમુદાય માટે વિનાશક છે. સર, તમારું સંગીત એક ભેટ હતી-એક એવો ખજાનો જે પેઢીઓને પ્રેરણા અને ઉત્થાન આપતો રહેશે. તમારો વારસો જીવંત રહેશે. બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારે કહ્યું કે તેઓને બહુવિધ એવોર્ડ વિજેતા પર્ક્યુશનિસ્ટના મૃત્યુ વિશે જાણીને ‘દુઃખ’ થયું છે. તે ખરેખર આપણા દેશના સંગીતના વારસાનો ખજાનો હતા. અભિનેતા મનોજ બાજપેયીએ પણ તેમની વિદાયને ‘વિનાશક નુકસાન’ ગણાવ્યું છે. ફિલ્મ નિર્માતા ઝોયા અખ્તરે કહ્યું કે ‘બીજા’ ઝાકિર હુસૈન ક્યારેય જન્મ લેશે નહીં. ૧૯૯૪માં અમિતાભ બચ્ચનની સામેની સ્પર્ધામાં ભારતીય સામયિક ‘જેન્ટલમેન’ના મહિલા વાચકો દ્વારા આ પર્ક્યુશનિસ્ટને ‘સેક્સીસ્ટ મેન’ તરીકે મત આપવામાં આવ્યો હતો. હુસૈનના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ તેમને સાંસ્કૃતિક રાજદૂત તરીકે ઓળખાવ્યા કે જેમણે પોતાની મંત્રમુગ્ધ લયથી સરહદો અને પેઢીઓને પ્રભાવિત કર્યા હતા. પદ્મ વિભૂષણ તબલા ઉસ્તાદ અને તાલવાદક, અસાધારણ પ્રદર્શન અને સહયોગ સાથે તેમના પિતાના વારસાને ગૌરવપૂર્વક આગળ ધપાવે છે. તેમના અસંખ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો તેનો પુરાવો છે. હુસૈનના નિધન પર શોક વ્યક્ત કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી શરદ પવારે કહ્યું કે, પ્રખ્યાત તબલાવાદક પદ્મ ભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનના સમાચાર હૃદયદ્રાવક છે. ઝાકિર હુસૈન ભારતના સૌથી પ્રસિદ્ધ તબલાવાદક તરીકે જાણીતા હતા, કલા જગતની એક દંતકથાનું આજે અવસાન થયું છે. કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને આ પર્ક્યુશનિસ્ટને ભારતના સમૃદ્ધ સંગીત વારસાની દીવાદાંડી અને શાસ્ત્રીય પરંપરાઓના સાચા રક્ષક તરીકે ઓળખાવ્યા હતા. ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન સંસ્કૃતિ અને માનવતા માટે એક મોટું નુકસાન છે. તેમના પ્રિયજનો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના. મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકિષ્નને તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે દેશે તેના સૌથી પ્રિય સાંસ્કૃતિક વ્યક્તિ ગુમાવ્યા છે. તેમના નિધનથી, ભારતે-ખાસ કરીને મહારાષ્ટ્રે-તેના સૌથી પ્રિય અને પ્રિય સાંસ્કૃતિક વ્યક્તિ પૈકી એક ગુમાવ્યો છે. ઉસ્તાદ ઝાકિર હુસૈનનું સંગીત શાશ્વત રહેશે, સંગીતકારોની પેઢીઓને નવીનતા લાવવા અને ઉત્કૃષ્ટતા માટે પ્રેરિત કરશે. તેમના પરિવાર અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદનાઓ છે. રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ હુસૈનને દંતકથા ગણાવતા શ્રદ્ધાંજલિ આપી હતી. તબલા ઉસ્તાદ ઝાકિર હુસૈન વિના આ સંગીતની દુનિયા શાંત હશે. તેમના પરિવાર, મિત્રો અને વિશ્વભરના તેમના ચાહકો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના.

મેં તેમના માટે તબલા બનાવ્યા અને તેમણે મારૂં સમગ્ર જીવન બનાવી દીધું છે : ઝાકિર હુસૈનના તબલા નિર્માતા

(એજન્સી) તા.૧૬

હરિદાસ વહાટકર કહે છે કે, મેં સૌપ્રથમ તેમના પિતા અલ્લારખા માટે તબલા બનાવવાનું શરૂ કર્યું હતું અને ઝાકિર હુસૈન સાહેબ માટે ૧૯૯૮થી તબલા બનાવ્યા છે.

હરિદાસ વહાટકર માટે, તબલા-નિર્માણ હવે પહેલા જેવુ રહેશે નહીં, કારણ કે તેમના સૌથી પ્રખ્યાત ગ્રાહક, ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું છે. હરિદાસ વહાટકર કહે છે કે, મેં સૌપ્રથમ તેમના

પિતા અલ્લારખા માટે તબલા બનાવવાનું શરૂ કર્યું હતું અને ઝાકિર હુસૈન સાહેબ માટે ૧૯૯૮થી તબલા બનાવ્યા છે.

મુંબઈના કાંજુરમાર્ગ ખાતેના તેમના વર્કશોપમાં વાટકરે કહ્યું કે તેઓ છેલ્લે ઓગસ્ટ ૨૦૨૪માં મુંબઈમાં ૭૩ વર્ષના આ તબલા ઉસ્તાદને મળ્યા હતા. તે ગુરૂ પૂર્ણિમાનો દિવસ હતો અને અમે એક હોલમાં મળ્યા હતા જ્યાં તેમના ઘણા પ્રશંસકો પણ હતા. બીજા દિવસે, હું નેપિયન સી રોડ પડોશમાં સિમલા હાઉસ કો-ઓપરેટિવ સોસાયટીમાં તેમના ઘરે ગયો અને થોડા કલાકો સુધી વાતચીત કરી હતી. પશ્ચિમ મહારાષ્ટ્રના મિરાજના વતની, ત્રીજી પેઢીના તબલા નિર્માતા વાટકરે જણાવ્યું હતું કે, તેમને કેવા પ્રકારના તબલા જોઈએ છે અને ક્યારે જોઈએ છે તે વિશે તે ખૂબ જ ચોક્કસ હતા. તેમણે સંગીતનાં વાદ્યના ‘ટ્યુનિંગ’ પાસાં પર ઘણું ધ્યાન આપ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે છેલ્લા બે દાયકામાં તેમણે ઝાકિર હુસૈન માટે કેટલા તબલા બનાવ્યા છે તો તેમણે કહ્યું કે, અસંખ્ય. તેમણે કહ્યું કે તેની પાસે ઘણા તબલા પણ છે જે તબલા ઉસ્તાદ દ્વારા તેના માટે છોડી દેવામાં આવ્યા હતા. નવા સાધનો બનાવવા ઉપરાંત, જૂના સાધનોના સંગ્રહને જાળવવા માટે હું તેમનો પ્રકારનો સમારકામ વિભાગ પણ હતો. વાટકરે કહ્યું કે, મેં તેમના માટે તબલા બનાવ્યા અને તેમણે મારૂં જીવન બનાવ્યું છે.

જ્યારે એવું પૂછવામાં આવ્યું કે શું તે અને ઝાકિર હુસૈન નિયમિત સંપર્કમાં હતા, તો વાટકરે કહ્યું, ખરેખર એવું નથી. જ્યારે પણ જરૂર હોય ત્યારે નવા તબલા વિશે કે જૂના વાદ્યોના સમારકામ વિશે પૂછવા માટે તેઓ ફોન કરતા હતા. અમારી વાતચીત અમુક મહિનાના અંતરાલ પછી થતી હતી.

વાટકરે તેમના દાદા કેરપ્પા રામચંદ્ર વહાટકર અને પિતા રામચંદ્રકેરપ્પા વહાટકરના પગલે તબલા નિર્માણમાં પ્રવેશ કર્યો હતો. તેમના પુત્રો કિશોર વિશ્વનાથ કંપનીમાં તબલા નિર્માતા તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું.

ઝાકિર હુસૈનને તેમની પેઢીના મહાન તબલાવાદક ગણવામાં આવે છે, તેમનું સાન ફ્રાન્સિસ્કોની એક હોસ્પિટલમાં નિધન થયું હતું. મુંબઈમાં જન્મેલા આ તબલા ઉસ્તાદના પરિવારમાં તેમની પત્ની એન્ટોનિયા મિનેકોલા અને પુત્રીઓ અનીસા કુરેશી અને ઈસાબેલા કુરેશી છે.

૭ વર્ષની વયે તબલા વગાડવામાં નિપુણ અને ૪ વખતના ગ્રેમી વિજેતા ઝાકિર હુસૈન તેમનો અસાધારણ વારસો છોડી ગયા છે

આ તબલા ઉસ્તાદ, પર્ક્યુશનિસ્ટ, સંગીતકાર અને અભિનેતાએ ૬ દાયકાઓ સુધી પ્રેક્ષકોને મુગ્ધ કર્યા હતા અને વિશ્વ સંગીત પર અમીટ છાપ છોડી છે, તેમનું દીર્ઘકાલીન ફેફસાંની બીમારીને કારણે ૭૩ વર્ષની ઉંમરે અવસાન થયું છે

‘ભવ્ય સંગીત પીરસવા માટે તમારો આભાર’ : અનેક સંગીતકારો, અભિનેતાઓ અને રાજકારણીઓએ આ ‘બેજોડ ઉસ્તાદ’ ઝાકિર હુસૈનને શ્રદ્ધાંજલિ આપી

આ તબલાવાદકનું ૭૩ વર્ષની વયે અવસાન થયું હતું, તેમની ‘વિનમ્રતા’ અને યુવા સંગીતકારોની કારકિર્દી શરૂ કરવામાં મદદ કરવા બદલ સોશિયલ મીડિયા પર સેલિબ્રિટીઓ અને કલાકારોએ તેમને યાદ કર્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સોમવારે, ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનની તેમના પરિવાર દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી અને તે પછી અનેક વ્યક્તિઓએ તેઓને શ્રદ્ધાંજલિ આપી હતી.

પ્રખ્યાત સંગીતકાર એ.આર. રહેમાને X પર લખ્યું હતું કે, ઇન્ના લિલ્લાહી વ ઇન્ના આલયહિ રાજીઉન. ઝાકિર ભાઈ એક પ્રેરણાસ્ત્રોત હતા, એક જબરદસ્ત વ્યક્તિત્વ હતા અને મને તેમની સાથે વધુ સહયોગ ન કરી શકવાનો અફસોસ છે. જો કે અમે સાથે મળીને એક આલ્બમનું નિર્માણ કર્યું હતું. અમે ખરેખર તેઓને ભૂલી શકીશું નહીં, અલ્લાહ તેમના પરિવાર અને વિશ્વભરના તેમના અસંખ્ય વિદ્યાર્થીઓને આ અપાર ખોટ સહન કરવાની શક્તિ આપે.

ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસને કારણે તબલા ઉસ્તાદનું સાન ફ્રાન્સિસ્કોની હોસ્પિટલમાં અવસાન થયું હતું, તેઓ ૭૩ વર્ષના હતા. ૯ માર્ચ, ૧૯૫૧ના રોજ મુંબઈમાં જન્મેલા ઉસ્તાદ ઝાકિર હુસૈનને ૧૯૮૮માં પદ્મશ્રી ૨૦૦૨માં પદ્મ ભૂષણ અને ૨૦૨૩માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેમણે ચાર ગ્રેમી એવોર્ડ પણ જીત્યા છે.

ગ્રેમી-વિજેતા સંગીતકાર રિકી કે જે હુસૈનને તેમની નમ્રતા, સુગમ સ્વભાવ માટે યાદ કરતા કહ્યું કે, તે ભારતના અત્યાર સુધીના સૌથી મહાન સંગીતકારો અને વ્યક્તિત્વો પૈકી એક છે. ઝાકિરજી પોતે સર્વશ્રેષ્ઠ હોવાની સાથે સાથે અસંખ્ય સંગીતકારોની કારકિર્દી માટે પ્રોત્સાહિત કરવા માટે જાણીતા હતા. તેઓ કૌશલ્ય અને જ્ઞાનનો ખજાનો હતા. તેમનો વારસો હંમેશ માટે જીવંત રહેશે અને તેમનો પ્રભાવ પેઢીઓ સુધી અનુભવાશે. અમેરિકન ડ્રમર નેટ સ્મિથે હુસૈનનો તેમણે સંગીત માટે આપેલા યોગદાન માટે આભાર માન્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે હુસૈનને ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયામાં ક્રાંતિ લાવનાર સાચા પ્રતિભા તરીકે યાદ કરવામાં આવશે, તે તબલાને વૈશ્વિક મંચ પર લઈ ગયા હતા અને તેના અપ્રતિમ લયથી લાખો લોકોને મોહિત કર્યા હતા. તેમના પ્રતિષ્ઠિત પ્રદર્શન અને ભાવપૂર્ણ રચનાઓ સંગીતકારો અને સંગીત પ્રેમીઓની પેઢીઓને પ્રેરણા આપવા માટે યોગદાન આપશે. તેમના પરિવાર, મિત્રો અને વૈશ્વિક સંગીત સમુદાય પ્રત્યે મારી સંવેદના.

કમલ હાસને તબલા વગાડતા હુસૈન સાથેની પોતાની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. સારંગીવાદક કમલ સાબરીએ હુસૈનના મૃત્યુને ભારતીય શાસ્ત્રીય અને વૈશ્વિક સંગીતના તમામ સ્વરૂપો માટે ‘‘મોટી ખોટ’’ ગણાવી છે. તે એક અદ્ભુત સંગીતકાર હતા જેમણે લાંબા સમય સુધી વૈશ્વિક મંચ પર ભારતીય સંગીતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ફિલ્મ નિર્માતા હંસલ મહેતાએ કહ્યું કે, ઉસ્તાદ ઝાકિર હુસૈનનું થોડા કલાકો પહેલા અવસાન થયું. ગુડબાય ઉસ્તાદજી. તબલાને સેક્સી બનાવનાર વ્યક્તિ જતો રહ્યો છે. તેના પરિવાર, વિશ્વભરના ચાહકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે મારી સંવેદના.

અભિનેતા અમિતાભ બચ્ચને તેમના બ્લોગ પર લખ્યું છે કે હુસૈન એક પ્રતિભાશાળી, બેજોડ ઉસ્તાદ હતા. અભિનેતા-દિગ્દર્શક નંદિતા દાસે, જેમની ફિલ્મ માટે હુસૈને સંગીત આપ્યું હતું, તેમણે Instagram પર હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિમાં લખ્યું કે આ સંગીતકારનું મૃત્યુ અવાસ્તવિક છે. તેણીએ ‘‘મંટો’’ના નિર્માણ દરમિયાન એક સાથે તેમના ઘણા ફોટા શેર કર્યા હતા જેમાં નવાઝુદ્દીન સિદ્દીકીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

હુસૈનના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ તેમને સાંસ્કૃતિક રાજદૂત તરીકે ઓળખાવ્યા કે જેમણે પોતાની મંત્રમુગ્ધ લયથી સરહદો અને પેઢીઓને પ્રભાવિત કર્યા હતા. પદ્મ વિભૂષણ તબલા ઉસ્તાદ અને તાલવાદક, અસાધારણ પ્રદર્શન અને સહયોગ સાથે તેમના પિતાના વારસાને ગૌરવપૂર્વક આગળ ધપાવે છે. તેમના અસંખ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો તેનો પુરાવો છે.

કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને આ પર્ક્યુશનિસ્ટને ભારતના સમૃદ્ધ સંગીત વારસાની દીવાદાંડી અને શાસ્ત્રીય પરંપરાઓના સાચા રક્ષક તરીકે ઓળખાવ્યા હતા. ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન સંસ્કૃતિ અને માનવતા માટે એક મોટું નુકસાન છે. તેમના પ્રિયજનો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના.

મહારાષ્ટ્ર કેબિનેટમાં બે વર્ષ પછી ફેરફારો થશે ? શિવસેનાના મંત્રીઓને અઢી વર્ષ પછી રાજીનામાં આપી દેવાના શપથની એફિડેવિટ લઈ રહ્યા છે એકનાથ શિંદે

એકનાથની નજીકના આગેવાને જણાવ્યું છે કે આપણે સરખા ભાગે સત્તાની વહેંચણી કરવી જોઈએ, ઘણા નેતાઓ કેબિનેટમાં જગ્યા ન મળવાથી નારાજ થયા હોવાથી તેમના સંતોષ ખાતર શિવસેનાના મંત્રીઓ પાસેથી એફિડેવિટ કરાવવામાં આવશે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્રમાં મંત્રીમંડળની રચના થયા પછી રહી ગયેલા ઘણા બધાને અસંતોષ ઊભો થઈ ગયો છે અને ખાસ કરીને એકનાથ શિંદેની શિવસેનામાં મોટો અસંતોષ દેખાઈ રહ્યો હોવાથી નારાજ થયેલા પક્ષના નેતાઓને મનાવી લેવા માટે અને એમના સંતોષ ખાતર એકનાથ શિંદેએ મંત્રીઓ પાસેથી અઢી વર્ષ પછી હોદ્દો છોડવા માટેની એફિડેવિટ કરાવવા માટેની અને એ શપથની એફિડેવિટ લેવાની શરૂઆત કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

એટલે એવું દેખાય છે કે જે પ્રકારની નારાજગી જોવા મળી છે તેના પગલે અઢી વર્ષ પછી મહાયુતિ કેબિનેટમાં ફેરફારો થાય તેવી પૂરી શક્યતા છે. એ દિશામાં સંકેત આપતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ

મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે તથા અજીત પવારે આજે એવી મહત્ત્વની વાત જાહેર કરી હતી કે તમામ મંત્રીઓના દેખાવનું અને કામગીરીનું અઢી વર્ષ પછી ઓડિટ કરવામાં આવશે અને જે સારી કામગીરી ન કરે તેમને કેબિનેટમાંથી દૂર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે જે લોકો સારૂં કામ કરે છે એ જ કેબિનેટમાં ટકી રહેશે અને આગળ વધશે. ઓડિટની આ દરખાસ્ત સાથે ત્રણેય ટોચના મહાનુભાવો સહમત થયા છે એકનાથ શિંદેની શિવસેનાને કેબિનેટમાં ૧૧ મંત્રી પદ મળ્યા છે જે ભાજપના ૧૯થી થોડા ઓછા છે છતાં શિવસેનામાં ગણગણાટ શરૂ થયો છે અને ઘણા બધા નેતાઓ જેમને મંત્રી પદ મેળવવાની આશા હતી એ રહી જતા તેમનામાં અસંતોષ જાગ્યો છે એ દૂર કરવા માટે એફિડેવિટ ફોર્મ્યુલા જાહેર કરવામાં આવી છે જે ખૂબ જ સૂચક અને મહત્ત્વની છે અને એવો સંકેત આપે છે કે અઢી વર્ષ પછી રાજ્યની કેબિનેટમાં ફરીથી ફેરફારો થઈ શકે છે. એક જાણીતા શિવસેના નેતાએ તો એવું કહ્યું હતું કે શિવસેનાના ધારાસભ્યોને વિચારધારાની કોઈ પરવા નથી કે તેઓ એકનાથને પણ વફાદાર નથી એમને માત્ર સત્તા જોઈએ છે. એટલે આપણે સત્તાની સરખી રીતે વહેંચણી કરવી જ પડે.

મહારાષ્ટ્ર કેબિનેટમાં મંત્રી પદ ન મળતા શિવસેનાના ધારાસભ્યએ પક્ષના હોદ્દાઓ પરથી રાજીનામાં ધરી દીધા

ધારાસભ્ય નરેન્દ્ર ભંડેકરે કહ્યું કે હું મંત્રી બનીને મારા ભંડારા જિલ્લાનો ગાર્ડીયન મંત્રી બનવાનો ઈરાદો ધરાવતો હતો પણ હવે હું પક્ષના સામાન્ય કાર્યકર તરીકે કામ કરતો રહીશ

(એજન્સી) મુંબઈ, તા.૧૬

શિવસેના એકનાથ શિંદેના ધારાસભ્ય નરેન્દ્ર ભંડેકરે કેબિનેટમાં મંત્રીપદ ન મળતા નિરાશા વ્યક્ત કરીને પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામાં આપી દીધા છે. બાદમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે મને મંત્રી પદ મળશે એવી મને, અમારા પક્ષના નેતા અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ખાતરી આપી હતી. જો મને કેબિનેટમાં જગ્યા મળે તો હું મારા જિલ્લા ભંડારાના ગાર્ડીયન મંત્રી તરીકે કામ કરવાનો ઈરાદો ધરાવતો હતો જેથી કરીને મારા જિલ્લાનો વિકાસ થઈ શકે. ભંડારા બેઠક પરથી નરેન્દ્ર ભંડેકરે કોંગ્રેસના ઉમેદવારને ૩૮,૦૦૦થી વધુ મતે હરાવીને વિજય મેળવ્યો હતો. મહારાષ્ટ્ર કેબિનેટમાં સૌથી વધુ ૧૯ મંત્રીઓ ભાજપના છે અને સાથી પક્ષોમાંથી શિવસેનાને ૧૧ મંત્રી પદ અને અજીત પવારની એનસીપીને નવ મંત્રી પદ મળ્યા છે. ભંડેકરે જણાવ્યું હતું કે હું એ શરતે જ શિવસેનામાં જોડાયો હતો કે મને કેબિનેટમાં મંત્રી પદ મળશે અને એકનાથ શિંદેએ મને કેબિનેટમાં જગ્યા મળવાનું વચન આપ્યું હતું. પણ મેં જ્યારે મંત્રી મંડળની યાદી જોઈ અને મારું નામ નીકળી ગયેલું જોયું એટલે મેં પક્ષના તમામ હોદ્દા ઉપરથી રાજીનામાં આપી દીધા છે.

મહારાષ્ટ્રના નંદુરબારમાં એક હિન્દુ શખ્સ અઝાન દરમિયાન મસ્જિદમાં ઘૂસી ગયો અને મોઅઝ્ઝીનને હેરાન પરેશાન કરવા લાગ્યો

(એજન્સી) મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં પ્રકાશ ગામમાં એક એવી ઘટના બની હતી જેની ભારે ચર્ચા શરૂ થઈ છે અને મુસ્લિમ સમાજમાં ભારે રોષની લાગણી પ્રસરી ગઈ છે. ગામની એક સ્થાનિક મસ્જિદમાં નમાઝ માટે સમય થતાં અઝાન થઈ રહી હતી એ સમયે જ એક હિન્દુ વ્યક્તિ મસ્જિદમાં ઘૂસી ગયો હતો અને અઝાન આપવાવાળાની હેરાનગતિ કરવા લાગ્યો હતો અને લાઉડ સ્પીકર બંધ કરી દેવાની માગણી કરી હતી. આ વ્યક્તિ જમણેરી કટ્ટરવાદી હિન્દુત્વ જૂથનો ટેકેદાર હોવાનું જાહેર થયું હતું. જોકે મસ્જિદમાં બાંગ પોકારી રહેલા એ મોઅઝ્ઝીને આ વ્યક્તિની વાત કાને ધરી નહોતી એટલે મસ્જિદની અંદર ઘૂસી ગયેલા કટ્ટરવાદી જૂથના સભ્યોએ અઝાન આપવાવાળાની હેરાનગતિ શરૂ કરી દીધી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયા પર

વાયરલ થયા હતા. સીસીટીવીમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું કે ભગવા વસ્ત્રો પહેરેલો એક કટ્ટરવાદી હિન્દુ મસ્જિદમાં ઘૂસી રહ્યો છે અને અઝાન આપનાર સાથે માથાફૂટ કરતો દેખાય છે ત્યારે મસ્જિદની અંદર હાજર અન્ય મુસ્લિમોએ દરમિયાનગીરી કરી હતી અને પરિસ્થિતિ શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યાંથી અઝાન આપવાવાળાને દૂર લઈ ગયા હતા. અંદર આવેલા નમાઝી ભાઈઓએ શાંતિથી એ વ્યક્તિને મસ્જિદમાંથી ચાલ્યા જવાની વિનંતી કરી હતી અને મામલો થાળે પાડ્યો હતો.

ટંકારીઆ ખાતે વકફ મિલકત અંગેના કાયદા અને ટ્રસ્ટના કાયદા અંગે વિચારગોષ્ઠિ યોજાઈ

સમાજના લોકો પ્રગતિના કાર્યોમાં અગ્રેસર રહી મતભેદોને મનભેદ સુધી ન લઈ જશો : અઝીઝ ટંકારવી

ટંકારીઆની જુદી જુદી સંસ્થાઓના હોદ્દેદારો, ટ્રસ્ટી, તજજ્ઞોની હાજરીમાં વિચારગોષ્ઠિનું આયોજન કરાયું

ટંકારીઆ, તા.૧૬

ટંકારીઆની જુદી જુદી સંસ્થાઓના હોદ્દેદારો, ટ્રસ્ટી, વકફ મિલકત અંગેના કાયદા અને ટ્રસ્ટના કાયદાના જાણકાર તજજ્ઞોની હાજરીમાં એક સુંદર વિચારગોષ્ઠીનું આયોજન ગ્રામ પંચાયત કાર્યાલયમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત નાસીરભાઈ લોટીયાએ તિલાવતે કુર્આને પાકથી કરી હતી. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત ઈબ્રાહીમ મનમન, અબ્દુલભાઈ ટેલર, યુનુસભાઈ ખાંધિયા, હબીબભાઈ ભુતા દ્વારા પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું હતું. મહેમાનોનું શાબ્દિક સ્વાગત, એમની વિશિષ્ટ ઓળખ, સમાજ ઉપયોગી એમની સેવાઓની જીણવટ ભરી છણાવટ 'ગુજરાત ટુડે'ના તંત્રી અઝીઝ ટંકારવીએ તેમની વિશિષ્ટ શૈલીમાં કરી હતી. ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ-અમદાવાદના સક્રિય હોદ્દેદાર એવા મુસ્તાકઅહમદ ગુલામઅહમદ ઘોડીવાલાએ આ વિચારગોષ્ઠીના આયોજનના હેતુઓ જણાવી 'ચાર ભાઈઓના ગામ' ટંકારીઆના લોકોને એક થઈ લોકોપયોગી કાર્યોમાં સહભાગી બનવા ખાસ આહ્વાન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોને ગામની સંસ્થાઓ, ટ્રસ્ટોની સેવાકીય પ્રવુત્તિઓની માહિતી અને વિચારગોષ્ઠીમાં હાજર સંસ્થાઓ/ટ્રસ્ટોના હોદ્દેદારોની ઓળખ નાસીરભાઈ લોટીયાએ આપી હતી. આ વિચારગોષ્ઠીમાં વકફ કાયદાઓ અને ટ્રસ્ટના કાયદાઓના જાણકાર આમંત્રિત તજજ્ઞોએ સાંપ્રત સમયની ઘટનાઓને ખાસ ધ્યાનમાં રાખીને વકફ કાયદાઓ અને ટ્રસ્ટના કાયદાઓ અંગેની વિસ્તૃત સમજ આપી હતી. ગામના બધા ટ્રસ્ટના હોદ્દેદારોમાં જાગૃતિ કેળવાય અને વકફની તમામ મિલકતો અંગે સરકારી કાયદાઓને ધ્યાનમાં રાખીને જે કંઈ કાર્યવાહી કરવાની જરૂર છે એ બધી જ કાર્યવાહી સત્વરે અને સજાગપણે કરવામાં આવે એ સમયની જરૂરિયાત હોય એ અંગે ખાસ તાકીદ વિચારગોષ્ઠીમાં કરવામાં આવી હતી. ત્યારબાદ ગામના ટ્રસ્ટોના હોદ્દેદારોએ પોતાના પ્રશ્નોની રજૂઆત મહાનુભાવોને કરી હતી જેનું સચોટ નિરાકરણ કઈ રીતે લાવી શકાય એ અંગેની સમગ્ર પ્રક્રિયાની જીણવટ ભરી માહિતી માહિતી આમંત્રિત તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી. યુનુસભાઈ ખાંધિયા અને અન્ય વક્તાઓએ ખોટા રીવાજો અને શાદીના પ્રસંગે કરવામાં આવતા બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવામાં આવે અને સમાજનાં લોકો દ્વારા સહિયારા પ્રયાસો કરી લોકહિતના કાર્યો કરવામાં સમાજના લોકોની રકમનો ઉપયોગ થાય એ માટે ખાસ વિનંતી કરી હતી. આજની વિચારગોષ્ઠીમાં ધાર્મિક સંસ્થોઓમાં જામે મસ્જિદ અને મદ્રસ-એ- મુસ્તફાઈય્હ ટંકારીઆના ટ્રસ્ટીઓ ઈબ્રાહીમ મનમન, સાજીદભાઈ લાર્યા, સુલેમાનભાઈ રખડા ઉપરાંત ભડ ભાગ કબ્રસ્તાનના ટ્રસ્ટી યુનુસભાઈ ખાંધિયાએ ખાસ હાજરી આપી હતી. ગામની શૈક્ષણિક સંસ્થાઓ તરફથી એમ.એ.એમ. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રમુખ ઈશાક પટેલ, જામીઅતુલ બનાત હાઈસ્કૂલના આચાર્ય યુસુફભાઈ જેટ હાજર રહ્યા હતા. સમાજ સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ અંજુમન સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટના ટ્રસ્ટી મો. અબ્દુલમતીન એમ. બચ્ચા, શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટના પ્રમુખ મુસ્તાક બાબરીયા અને અન્ય ટ્રસ્ટીઓ અઝીઝ ભા, અમીન કદા હાજર રહ્યા હતા, ઘી ટંકારીઆ વેલ્ફેર સોસાયટી યુ.કે.ના ઉપપ્રમુખ હબીબ ભુતા ઉપરાંત અન્ય સંસ્થાઓના હોદ્દેદારો સુલેમાનભાઈ રખડા, અબ્દુલભાઈ ટેલર, યુસુફ જેટ, સુલેમાનભાઈ રખડા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઈલ્યાસ ઘોડીવાલા અને સાબીરભાઈ દેડકાએ પણ ખાસ હાજરી આપી હતી. અંતમાં આભારવિધિમાં યુનુસભાઈ ખાંધિયાએ આમંત્રિત તજજ્ઞોએ પોતાની જવાબદારી, કામમાં વ્યસ્ત હોવા છતાં કિંમતી સમય ફાળવી સમયસર હાજર રહી જે ઉપયોગી માર્ગદર્શન આપ્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આજના કાર્યક્રમના આયોજનમાં અબ્દુલભાઈ ટેલર, મુબારક ઘોડીવાલા, નાસીર લોટીયા, માજી સરપંચ ઝાકીર ઉમતા, મુસ્તાક દૌલાએ અંગત રસ લીધો હતો. કાર્યક્રમની સફળતા માટે ગામ પંચાયત ટંકારીઆ અને તેના કર્મચારીઓનો સવિશેષ સહયોગ મળ્યો હતો.

વડોદરાની એમ.એસ.યુનિ.ની આર્ટ્સ ફેકલ્ટી ખાતે

પ્રખ્યાત તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનને અનોખી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ

તાલાંજલિનો કાર્યક્રમ યોજાયો જેમાં મોટી સંખ્યામાં તબલા વાદકો જોડાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

પ્રખ્યાત તબલાવાદક પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનિત ઉસ્તાદ ઝાકીર હુસેનના દુઃખદ અવસાનને લઈ મ્યુઝિક કોલેજ વડોદરા ખાતે આજે તાલાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કલા જગતનું દિગ્ગજ નામ અને જેમને પોતાની સંપૂર્ણ જિંદગી તબલા વાદન માટે સમર્પિત કરી દીધી એવા પ્રખ્યાત તબલાવાદક પદ્મશ્રી પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનિત તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનનું અમેરિકા ખાતે સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું હતું. સમગ્ર કલા જગતથી લઈને વિશ્વભરમાં આ સમાચારને લઈને શોકની લાગણી વ્યાપી છે ત્યારે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પર્ફોર્મિંગ આર્ટ્સ મ્યુઝિક કોલેજ ખાતે આજે તેમને શ્રદ્ધા સુમન અર્પણ કરવા હેતુ તાલાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં તબલા વાદકો જોડાયા હતા. મ્યુઝિક કોલેજના પ્રોફેસર અને સ્ટાફ પણ આ શ્રદ્ધા સુમન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

વડોદરાની પર્ફોર્મિંગ આર્ટસ ફેકલ્ટી ખાતે સ્વ. ઉસ્તાદ ઝાકિર હુસૈનને અનોખી રીતે શ્રધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં તબલા વાદકો એ જોડાઈ તેમને શ્રધાંજલિ અર્પણ કરી હતી. (તસ્વીર : અતીક શેખ, વડોદરા)

ડભોઈ રોડ પર પતંગની દોરીથી બાઈકસવારનું ગળું કપાઈ જતા મોત

યુવક ફૂડ ડિલિવરી કરવા જતો હતો ત્યારે બનેલી ઘટના

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

છોટાઉદેપુરના કવાંટ તાલુકાના મોરગણા ગામે રહેતો ૨૭ વર્ષનો હરિનાથ હસમુખભાઈ રાઠવા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કંપનીમાં રજા હોય ત્યારે તે ફૂડ ડિલીવરી બોયનું પણ કામ કરતો હતો. આજે બપોરે તે ફૂડ ડિલીવરીનો ઓર્ડર ડિલીવર કરવા માટે બાઈક લઈને નીકળ્યો હતો. બપોરે પોણા બે વાગ્યે તે ડભોઈ રોડ શ્રમજીવી સોસાયટી નજીકથી પસાર થતો હતો. તે દરમિયાન પતંગની દોરીના કારણે તેનું ગળું કપાઈ જતા ગંભીર ઈજા થઈ હતી. લોહીલુહાણ હાલતમાં હરિનાથને સારવાર માટે એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. બનાવની જાણ થતા કપુરાઈ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહે તપાસ હાથ ધરી હતી. મરનારના ખિસ્સામાંથી મળેલા આધાર કાર્ડના આધારે તેની ઓળખ થતા તેના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનો આવી જતા તેઓને મૃતદેહ સોંપી દેવામાં આવ્યો હતો. પરિવારજનો મૃતદેહને અંતિમ વિધિ માટે વતન લઈ ગયા હતા. હરિનાથ રાઠવાની પત્ની ઘરકામ કરે છે. તેને સંતાનમાં બે બાળકો છે. યુવાનનું મોત થતા પત્ની અને પરિવારજનો પર આભ તૂટી પડયું હતું. હરિનાથનો ભાઈ અમદાવાદ ખાતે પોલીસ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. ભાઈના મોતની જાણ થતા તે પણ વડોદરા દોડી આવ્યો હતો.

પતંગ પકડવા જતા બાળક તળાવમાં ડૂબી જતા મોત થયું હતું

૧૦ દિવસ અગાઉ વાઘોડિયા સોમાતળાવ રોડ પર સાંઈબાબા નગરમાં રહેતા અને ફુટની લારી ચલાવતા ઉપાબેન પ્રહલાદભાઈનો ૯ વર્ષનો પુત્ર રોનક ફુટની લારી લઈ નીકળેલા કુટુંબી સાથે નીકળ્યો હતો. પતંગ પકડવા જતા તે તળાવમાં પડી જતા તેનું મોત થયું હતું.

અમદાવાદમાં આવતીકાલથી હઝરત શાહેઆલમ (ર.અ.)ના ઉર્સશરીફનો પ્રારંભ

અમદાવાદ,તા.૧૬

અમદાવાદના શાહઆલમ ખાતે આવેલ ગુજરાતના મહાનઓલિયા હઝરત સૈયદ મોહમ્મદ સિરાજુદ્દીન શાહેઆલમ બુખારી (ર.અ.)ના પદ્દમાં ઉર્સ શરીફની તા.૧૮-૧૨-૨૪થી તા.૨૬-૧૨-૨૪ સુધી ઉજવણી કરાશે જે મુજબ તા.૧૮મીએ મગરીબની નમાઝ બાદ ગુલપોશી તા.૧૯મીએ અસરની નમાઝ બાદ ગિલાફ પોશીન તા.૨૦મીએ ઈશાથી લઈ વહેલી સવાર સુધી સંદલશરીફ તા.૨૨મીએ ઈશાની નમાઝ બાદ મહેફિલે શમાનો કાર્યક્રમ તથા તા.૨૩-૨૪-૨૫મીએ ઉર્સશરીફની ઉજવણી કરાશે તથા તા.૨૩મીએ સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી બીબીઓનો મેળો યોજાશે.

પાલનપુરમાં વીડિયો બનાવ્યા બાદ યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

પાલનપુર, તા.૧૬

પાલનપુરમાં એક યુવતીએ આપઘાત પૂર્વે વીડિયો બનાવ્યા બાદ ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય રાધા નામની યુવતીએ ઘરમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી છે. રાધાના લગ્ન સાતેક વર્ષ અગાઉ સમાજના રીતરીવાજ મુજબ થયા હતા. જોકે, એને એના પતિ જોડે મનમેળ ન થતાં બાદમાં છૂટાછેડા લીધા હતા. જે તેની મોટી બહેન જોડે જ રહેતી હતી અને બ્યુટિપાર્લર ચલાવતી હતી.જોકે, રાધાએ ગતરોજ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. જેના મોબાઈલમાંથી બે વીડિયો અને કેટલાક રેકોર્ડિંગ્સ મળી આવ્યા છે. જેમાં યુવતી પોતાના પ્રેમીની માફી માંગે છે અને કહે છે કે, 'મને માફ કરજે ચાહત તને કિધા વગર ખોટું

પગલું ભરૂ છું, તું તારી લાઈફમાં દુઃખી ન થતો, ખુશ રહેજે અને શાંતિથી મેરેજ કરી લેજે. તું હમેશાં ખુશ રહેજે, જો તું દુઃખી થઈશ તો મારા આત્માને ક્યારેય શાંતિ નહીં મળે.' દરમિયાન, મૃતક યુવતીની બહેનની અરજીના આધારે અને યુવતીના મોબાઈલમાંથી મળેલા વીડિયોના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તર

છેલ્લા બે વર્ષથી ભારતમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે

ગયા વર્ષે દેશની કુલ કપાસના ટેક્સટાઈલ નિકાસમાં રાજ્યએ આશરે ૩૦ ટકા યોગદાન આપ્યું

અમદાવાદ, તા.૧૬

છેલ્લાં બે વર્ષથી દેશમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત પહેલાં નંબરે રહ્યું છે. ગુજરાત રાજયએ ૨૦૨૨-૨૩ (ઓકટોબરથી સપ્ટેમ્બર) અને ૨૦૨૩-૨૪ (ઓકટોબરથી સપ્ટેમ્બર) દરમિયાન અનુક્રમે ૮૭.૯૫ લાખ બેલ અને ૯૦.૫૭ લાખ બેલ કપાસનું ઉત્પાદન કર્યું, જયારે ભારતનું કુલ ઉત્પાદન ૩૩૬.૬૦ લાખ બેલ અને ૩૨૫.૨૨ લાખ બેલ હતું. વધુમાં, ૨૦૨૩-૨૪માં ગુજરાતે ભારતના કુલ કપાસનાં ટેક્સટાઈલ નિકાસમાં લગભગ ૩૦% પ્રદાન આપ્યું હતું. આ માહિતી કેન્દ્રીય ટેક્સટાઈલ રાજયમંત્રી પબિત્રા મર્ગેરિટાએ ૧૩ ડિસેમ્બરે રાજયસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઉપલબ્ધ બનાવી હતી. મંત્રીએ આપેલા નિવેદન અનુસાર, ભારતની કુલ કોટન ટેક્સટાઈલ નિકાસ (જેમાં કપાસનાં ફેબ્રિક્સ, કોટન વેસ્ટ, યાર્ન સહિતના કપાસની કાચી સામગ્રી, અને અન્ય ટેક્સટાઈલ યાર્ન્સ, ફેબ્રિક મેડ-અપ આર્ટિકલ્સનો સમાવેશ થાય છે) છેલ્લા બે વર્ષમાં ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ દરમિયાન અનુક્રમે ૧૧,૦૮૫ મિલિયન અમેરિકી ડૉલર અને ૧૨,૨૫૮ મિલિયન ડૉલર રહી હતી, જયારે ગુજરાતની કુલ કપાસની ટેક્સટાઈલ નિકાસ અનુક્રમે ૨,૮૩૫ મિલિયન અને ૩,૬૧૫ મિલિયન ડૉલર રહી હતી. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું. ભારતે વિવિધ વાણિજ્યિક ભાગીદારો સાથે ૧૪ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTAs) અને ૬ પ્રેફરેન્સિઅલ ટ્રેડ એગ્રીમેન્ટ (PTAs) પર હસ્તાક્ષર કર્યા છે.

કઠલાલ તાલુકાના ખલાલ ગામે

સસ્તા ભાવે જમીન આપવાની લાલચ આપી ૧.૧૦ કરોડની ઠગાઈ કરનાર નકલી મામલતદાર ઝબ્બે, આરોપીના ત્રણ દિ'ના રિમાન્ડ મંજૂર

નડિયાદ, તા.૧૬

અમદાવાદના કઠવાડા GIDCમાં ફેબ્રિકેશનની કંપનીના માલિક સંદીપભાઈ દલપતભાઈ પંચાલ અને તેમના પિતા અન્ય જગ્યાએ કંપની નાખવા માટે જમીનની તલાશમાં હતા. આ દરમિયાન તેઓ રાજુ ઉર્ફે યુસુફ રસુલ વ્હોરા (રહે.નાના બજાર, વિદ્યાનગર, આણંદ)ના સંપર્કમાં આવ્યા હતા. આ રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાએ પોતાની ઓફિસ જે ઈસનપુર મણીનગર ખાતે છે ત્યાં રૂબરૂ બોલાવી ઉપરોક્ત પિતા પુત્ર પાસેથી ટુકડે ટુકડે કુલ રૂપિયા ૧ કરોડ ૧૦ લાખ ૮૧ હજાર ૨૦૦ પડાવી લીધા હતા. આ રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાની ઓફિસમાં એકતાબેન પણ કામ કરતા હતા અને આ બંનેએ સંદીપભાઈ અને દલપતભાઈ પાસેથી આ નાણાં પડાવ્યા હતા. રાજુ ઉર્ફે યુસુફ વ્હોરા અને એકતાબેને કઠલાલ તાલુકાના ખલાલ ગામની સીમમાં આવેલી સરકારી જમીન બતાવી આ જમીન સસ્તામાં આપવાનુ જણાવી આટલી મોટી રકમ પડાવી હતી. આ કાંડ દરમિયાન રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાએ પોતાની ઓળખ રીટાયર્ડ મામલતદર તરીકે આપી હતી. કઠલાલ પોલીસ મથકે આ મામલે સંદીપભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસ આ બંને ઠગોને અમદાવાદ ખાતેથી ટ્રાન્સફર વોરંટના આધારે લાવી પુછપરછ હાથ ધરી છે. આજે આ બંને ઠગોને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને રિમાન્ડ મેળવ્યા છે. પોલીસે રિમાન્ડની માંગણી કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

વડોદરા સિટી પો.સ્ટેશનના બાથરૂમમાં આરોપીનો ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

યુવતી પર ગેંગરેપ-અપહરણના ગુનામાં સંડોવાયેલ હતો જે નવ વર્ષ બાદ ઝડપાયો હતો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વર્ષ ૨૦૧૬માં વારસિયા રીંગ રોડ પરથી એકલતાનો લાભ લઈને યુવતીનું રિક્ષામાં અપહરણ કરીને લઈ ગયા બાદ રાજકોટમાં એક રૂમમાં ગોંધી રાખી તેના પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. ત્યારે અપહરણ અને દુષ્કર્મના આરોપીઓ પૈકી શાંતુ નીનામાને નવ વર્ષ બાદ આજવા રોડ પરથી પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારે આ આરોપીએ સિટી પોલીસ સ્ટેશનના બાથરૂમમાં ચાદરના ટુકડા વડે ફાંસો ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૬માં મૂળ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લામાં રહેતા શાંતુ નીનામાં, તેના ભાઈ સહિતના અન્ય શ્રમિકો મજૂરી માટે વડોદરા આવ્યા હતા. ત્યારે પંચમહાલ જિલ્લામાં રહેતી ૨૮ વર્ષીય યુવતીનું વારસિયા રીંગ રોડ પરથી શાંતુ નીનામા અને તેના ભાઈ કમલેશ નીનામા સહિતના આરોપીઓએ રિક્ષામાં બળજબરીપૂર્વક બેસાડીને અપહરણ કર્યું હતું. ત્યારબાદ આ યુવતીને રાજકોટ તરફ લઈ ગયા હતા. ત્યાં એક રૂમમાં યુવતીને ગોંધી રાખીને શાંતુ નીનામા સહિતના આરોપીઓએ તેના પર વારંવાર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આરોપી નવ વર્ષ બાદ ઝડપાતા તેના અન્ય સાગરીતો ને ઝડપી પાડવા માટે તથા વધુ પૂછપરછ કરવા રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. દરમિયાન દુષ્કર્મના આરોપી શાંતુ નીનામાએ સીટી પોલીસ સ્ટેશનમાં બાથરૂમમાં જઈને ચાદરના ટુકડાથી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ કર્મચારીઓ ને બાથરૂમમાં લઈ ગયા હોય અંદર થોડીવાર થઈ જતા તેમને શંકા ગઈ હતી અને બાથરૂમમાં જઈને ચેક કરતા આરોપી ફાસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. જેથી સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો.

હજ-૨૦૨૫ માટે બીજા હપ્તાની રકમ જમા કરાવવાની મુદ્દતમાં વધારો

અમદાવાદ, તા.૧૬

હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા મુંબઈના તા.૧૬-૧૨-૨૦૨૪નાં પરિપત્ર નં.૧૬ મુજબ ડ્રોમાંથી પસંદગી પામેલા હજ યાત્રિકોએ હાજી દીઠ બીજો હપ્તો (બેલેન્સ હજ અમાઉન્ટ) રૂા.૧,૪૨,૦૦૦/- તથા વેઈટિંગમાંથી પસંદગી પામેલા હજયાત્રિકો માટે બંને હપ્તા હાજી દીઠ રૂા.૨,૭૨,૩૦૦/- નિયત કરેલ બેન્કમાં જમા કરાવવાનાં માટેની આખરી તારીખ ૧૬-૧૨-૨૦૨૪ સુધી હતી, જેની મુદ્દત વધારી હવે તા.૩૦-૧૨-૨૦૨૪ સુધી હજ,કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં એકાઉન્ટમાં ઓનલાઈન કે ઓફલાઈન રકમ જમા કરાવી શકાશે. ઉક્ત રકમ ભરી બીજા હપ્તા ભર્યાની પે-સ્લિપ તથા વેઈટિંગમાંથી પસંદગી પામેલા હજયાત્રિકોએ ડોક્યુમેન્ટ પોતાના જિલ્લામાં હજ કમિટી દ્વારા નિયુક્ત ફીલ્ડ ટ્રેનર (FT) તથા આસિસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનર (AFT)ને તા.૦૧-૦૧-૨૦૨૫ સુધી જમા કરાવવાનાં રહેશે જેઓની યાદી વેબસાઈટ પર રાખેલ છે. બેલેન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં. તેમ ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ.એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

દિલ્હીની યુવતીનું જ્યાં મૃત્યુ થયું હતું તે લોથલ વિસ્તારમાં દુર્ઘટના સ્થળે શાંતિ યજ્ઞ યોજાયો : શ્રદ્ધાંજલિ અર્પણ

પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં અને ગ્રામજનોએ શ્રદ્ધાંજલિ આપી

ધોળકા, તા.૧૬

ધોળકા તાલુકા લોથલ વિસ્તાર કે જ્યાં આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં બંદર વિસ્તાર હતો. ત્યાં ભારત સરકારની રૂા.૫૦૦૦ કરોડની આર્થિક સહાયથી ભવ્ય મ્યુઝિયમ બની રહ્યું છે. આ વિસ્તારમાં ચાલી રહેલા કામ અને આ વિસ્તારની માટીનું પરીક્ષણ કરવા માટે તેના માટીના નમૂના લેવા આઈ.આઈ.ટી. દિલ્હીની બે બહેનો સુરભી વર્મા (પી.એચ.ડી.)ની વિદ્યાર્થી અને યામાં દીક્ષિત (પ્રોફેસર) આ વિસ્તારની નવેમ્બર મહિનામાં મુલાકાતે આવ્યા હતા, દરમિયાન તારીખ ૨૭ નવેમ્બરના રોજ સવારે આ વિસ્તારની માટી લેવાની પ્રક્રિયા દરમિયાન ઊંડાંમાં ઊતરતા ખાડાની આસપાસની ભેખડની માટી બન્ને બહેનો પર ધસી પડતાં સ્થળ પર જ ૨૩ વર્ષીય યુવતી સુરભી વર્માનું દુઃખદ અવસાન થયું હતું. જ્યારે યામા દીક્ષિતને ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા.

આ સ્થળે બનેલ અત્યંત દુઃખદ ઘટનાના પગલે રાજ્ય સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ધારાસભ્ય કિરીટસિંહ ડાભી અને સરગવાડા ગામના સરપંચ સહિત સ્થાનિક આગેવાનોએ સ્વ. સુરભીના આત્માની શાંતિ માટે આજે તારીખ ૧૬ ડિસેમ્બરના રોજ આ જ સ્થળે શાંતિ યજ્ઞનું આયોજન કર્યું હતું.આજે યોજાયેલ શાંતિ યજ્ઞમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ યજ્ઞમાં આહુતિ આપ્યા બાદ ગામના અગ્રણીઓ સાથે દુર્ઘટનાના સ્થળ પર સ્વર્ગસ્થ સુરભી વર્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના આત્માને શાંતિ મળે તેવી પ્રાથના કરી હતી.

યુનિવર્સિટી હોસ્ટેલમાં બાસ્કેટ બોલના ખેલાડીઓ સામે ગુનો ન નોંધાતા

પાટણ ધારાસભ્ય અને કોંગી કાર્યકરોની ભૂખ હળતાળ, પોલીસ સાથે ઘર્ષણ

કુલપતિએ મુખ્યમંત્રી-ગૃહમંત્રીને લેખિત રજૂઆત કરતા મામલો થાળે પડ્યો

પાટણ, તા.૧૬

પાટણ ખાતે આવેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં દારૂની મહેફિલ માણતા ઝડપાયેલ અને રેક્ટર તથા સિક્યુરિટી ગાર્ડ પર ગાડી ચડાવી કચડવાનો પ્રયાસ કરનાર આણંદની ટીમના ત્રણ ખેલાડીઓ સામે પોલીસે ફરિયાદ નહીં નોંધતા આજે પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલની આગેવાનીમાં એનએસયુઆઈ અને કોંગ્રેસના કાર્યકરોએ કેમ્પસમાં ભૂખ હળતાળ કરી હતી. આ સમયે પોલીસે કોંગ્રેસના કાર્યકર્તાઓને પોલીસે અટકાવતા ઘર્ષણ સાથે તણાવભરી સ્થિતિ સર્જાઈ હતી. કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈ જતાં એક તબક્કે પોલીસ અને કાર્યકરો વચ્ચે અપશબ્દો સાથે ઝપાઝપીના દશ્યો સર્જાયા હતા. જો કે ફરિયાદ નહીં નોધવા મામલે કુલપતિએ રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને લેખિત રજૂઆત કરતા મામલો થાળે પડયો હતો. પોલીસ ફરીયાદની માંગ સાથે પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલ અને એન.એસ. યુ.આઈ.ના કાર્યકરો દ્વારા આજે યુનિવર્સિટી કેમ્પસમાં ધરણા સાથે ભૂખ હડતાળનો કાર્યક્રમ આપયો હતો. જેને લઈ ધારાસભ્ય સહીતના કાર્યકરો શિક્ષણ કે ધામમે આલ્કોહોલ મેદાનમેંના નારા સાથે રેલી યોજી કેમ્પસમાં ઘુસ્યા હતા. અને ભૂખ હડતાળ શર કરી હતી. આ સમયે સમગ્ર યુનિવર્સિટી પોલીસ છાવણીમાં ફેરવાઈ હતી અને ઠેકઠેકાણે પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો હતો. દરમ્યાન પોલીસે વહીવટી ભવનનો મેઈન ગેટ બંધ કરી દેતા અને અન્ય કાર્યકરોને અંદર આવવા નહી દેતા મામલો ઉગ્ર બન્યો હતો. અને કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું જેમાં એક તબક્કે પોલીસે બળ પ્રયોગ કરતા પોલીસ અને કાર્યકરો વચ્ચે અપશબ્દો સાથે ઝપાઝપીના દશ્યો સર્જાયા હતા તો એન.એસ. યુ.આઈ.ના એક કાર્યકરે ફરજ પરના એક પોલીસ કર્મચારીને લાફો મારતા ભારે ઉત્તેજના સર્જાઈ હતી. આ સમગ્ર મામલે કુલપતિ દ્વારા આણંદની ટીમના દારૂની મહેફીલ માણતા ઝડપાયેલા ખેલાડીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા બાબતે રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી જે બાદ મામલો થાળે પડયો હતો અને ધારાસભ્ય સહિત કોંગ્રેસના આગેવાનો કાર્યકરોએ ભૂખ હડતાળ સમેટી લીધી હતી.

(તસવીર : ઈલ્મુદ્દીન સૈયદ, પાટણ)

માંગરોળના મુખ્ય રસ્તાઓ પર દબાણ હટાવો ઝુંબેશ

માંગરોળ, તા.૧૬

જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે પાલિકા તંત્ર દ્વારા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના નવા બસ સ્ટેશન, જેલ ઝાપા ટાવર રોડ પર મુખ્ય રસ્તાઓ પર કેટલાક દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અઠવાડિયા પહેલા પાલિકાએ માઈક દ્વારા મૌખિક જાહેરાત કરી મુખ્ય રસ્તાઓ પરથી દૂકાનોના છાપરા અને ઓટલાઓ દૂર કરવા સુચન કર્યું હતું. જેને પગલે નાના મોટા વેપારીઓ અને દૂકાનદારો ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાને રજૂઆત કરવા દોડી ગયા હતા. ધારાસભ્યએ આ બાબતે દુકાનદારોને આશ્વાસન પણ આપ્યું હતું. છેલ્લા એક અઠવાડિયાથી માંગરોળમાં ડિમોલિશનની દહેશતથી લોકોમાં ભય ફેલાયેલો જોવા મળ્યો હતો. માંગરોળ બસ સ્ટ

મહેસાણા, આણંદ, વાપી, ગાંધીધામ સહિતની નવ મહાપાલિકા બનાવવાની કામગીરીને અપાયો આખરી ઓપ

રાજ્યની નવી નવ મહાનગરપાલિકાઓની સુશાસન દિવસે કરાશે સત્તાવાર જાહેરાત

૫૦ નગરપાલિકાઓના અપગ્રેડેશનની પણ થશે જાહેરાત : હવે ૮૫ને બદલે ૬૦ પાલિકાની ચૂંટણી થઈ શકે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં આગામી સમયમાં નગરપાલિકા-પંચાયતોની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ તંત્ર દ્વારા કરાઈ રહી છે. ત્યારે સરકાર દ્વારા ચૂંટણી પહેલા જ રાજ્યની નાની નગરપાલિકાઓને મર્જ કરી નવી મહાનગરપાલિકા બનાવવાની સાથે અમુક નગરપાલિકાઓને અપગ્રેડ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. સરકારે આ કવાયતને આખરી ઓપ આપી દેતા હવે આગામી તા.૨૫ ડિસેમ્બર નવી નવ મહાનગરપાલિકા જાહેરાત થવા સાથે ૫૦ જેટલી નગરપાલિકાને અપગ્રેડ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે સરકારના આ નિર્ણયથી હવે ૮૫ નગરપાલિકાને બદલે ૬૦ નગરપાલિકાની ચૂંટણી યોજવામાં આવે તેવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા વિધાનસભા બજેટ સત્રમાં અગાઉ નવી મહાનગરપાલિકા બનાવવાની જાહેર કરાયું હતું...દરમ્યાન નવી મહાનગરપાલિકા બનાવવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરાઈ હતી. તેબાદ હવે તે અંગે આખરી ઓપ આપી દેવાયો હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. એટલે હવે રાજ્યમાં વધુ નવ મહાનગરપાલિકા અમલમાં આવશે. આ નવી મહાપાલિકાઓમાં સુરત ઝોનની નવસારી, વિજલપોર પાલિકાઓને મર્જ કરી નવી મહાપાલિકા તથા વાપી પાલિકા, ગાંધીનગર ઝોનની મહેસાણા પાલિકા, અમદાવાદ ઝોનની સુરેન્દ્રનગર, નડિયાદ પાલિકા, રાજકોટ ઝોનની ગાંધીધામ, મોરબી બે પાલિકાઓ તથા પોરબંદર અને છાયા પાલિકાને મર્જ કરી ત્રીજી મહાપાલિકા તેમજ આણંદ પાલિકા હવે મહાપાલિકા બનવા જઈ રહી છે. આમ હવે રાજ્યમાં વધુ નવ સાથે હાલની આઠ મળી કુલ ૧૭ મહાપાલિકા કાર્યરત થશે. બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની ૫૦ જેટલી જુદા જુદા વર્ગની નગરપાલિકાઓને અપગ્રેડ કરવાની કવાયત પણ હાથ ધરવામાં આવી હતી જે અંગેની કામગીરીને પણ આખરી ઓપ અપાતા હવે તા.૨૫ ડિસેમ્બર સુશાસન દિવસે તે અંગેની પણ જાહેરાત કરાય તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. રાજ્યમાં હાલમાં પાલિકાઓ એ,બી,સી અને ડી (અ,બ,ક,ડ) એમ ચાર વર્ગ ધરાવે છે. સરકાર દ્વારા સમયાંતરે પાલિકાઓને અપગ્રેડ એટલે કે તેમના વર્ગમાં ફેરફાર કરવાની કાર્યવાહી હાથ ધરાતી હોય છે. જેના ભાગરૂપે આ કવાયત હાથ ધરાઈ છે. જેમાં ડી (ડ) વર્ગની પાલિકાને સી (ક) વર્ગમાં અને સી વર્ગનીને બી વર્ગમાં તથા બી વર્ગની પાલિકાને એ વર્ગમાં અપગ્રેડ કરવામાં આવે છે. દરમ્યાન આ અપગ્રેડેશન બાદ તથા સરકાર દ્વારા ગ્રાન્ટ સહિતની વિવિધ યોજનાઓ વગેરેનો લાભ વધુ પ્રમાણમાં મળતો થાય છે. એ જ રીતે નવી મહાપાલિકામાં પણ સરકાર તરફથી સુવિધા યોજના સહિતના લાભો બેવડાઈ જતા હોય તેનો લાભ આ નવી મહાપાલિકાઓને મળશે. આ સાથે સરકારની આ કવાયતને કારણે હવે ૨૫ જેટલી આશરે નાની-ન્નાની પાલિકાઓ મર્જ થવાને કારણે હવે આગામી સમયમાં ૮૫ને બદલે ૬૦ જેટલી પાલિકાઓની ચૂંટણી યોજવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. તા.૨૫ ડિસેમ્બરે થનાર જાહેરાતના આ કાર્યક્રમમાં જે તે મહાપાલિકાના ૩૦૦ જેટલા લાવવાની સૂચના આપાઈ હોવાની વિગતો પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. અગાઉ આ કાર્યક્રમ ૧૨ ડિસેમ્બરે યોજાવાનો હતો પરંતુ મુખ્યમંત્રીને અચાનક દિલ્હી જવાનું થયું એટલે તે મુલતવી રહ્યું છે.

કાર્યક્રમમાં મહાપાલિકાદીઠ ૩૦૦ માણસો લાવવા અપાઈ સૂચના

અપગ્રેડ થનારી ૫૦ નગરપાલિકાઓ

ભાવનગર ઝોનની ચોરવાડ નગરપાલિકા, કોડિનાર, લાઠી, મહુવા, રાજુલા, સાવરકુંડલા, સૂત્રાપાડા તથા તાલાલા મળીને આઠ પાલિકાને અપગ્રેડ કરવામાં આવી છે. એ જ રીતે સુરત ઝોનમાં ધરમપુર અને વ્યારા પાલિકા, ગાંધીનગર ઝોનની સાત પાલિકા દહેગામ, હારીજ, હિંમતનગર, કડી, પ્રાંતિજ, રાધનપુર, વડાલી તેમજ અમદાવાદ ઝોનની ૧૦ પાલિકા જેમાં બારેજા, બચવાળા, બાવળા, ચોટીલા, કપડવંજ, કઠલાલ, લીમડી, પાટડી, સાણંદ અને થાનગઢનો સમાવેશ થાય છે. જયારે રાજકોટ ઝોનની ૧૨ નગરપાલિકાઓ જેમાં અંજાર, ભચાઉ, ભાણવડ, ધોરાજી, જામરાવલ, જસદણ, ખંભાળીયા, મુંદ્રા-બરોઈ, નખત્રાણા, રાણાવાવ, વાંકાનેર, અંકલાવ, ટંકારાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વડોદરા ઝોનમાં પણ ૧૧ પાલિકાને અપગ્રેડ કરાઈ છે. જેમાં અંકલાવ, બાલાસિનોર, બોરીયાવી, દાહોદ, દેવગઢ બારીયા, લુણાવાડા, ઓડ, પાદરા, સંતરામપુર, શહેરા, વલ્લભવિદ્યાનગરનો અપગ્રેડ સમાવેશ થાય છે. આ ૫૦ પાલિકાઓ પૈકી છ પાલિકાને 'અ' વર્ગમાં અપગ્રેડ કરાઈ છે. ૧૯ પાલિકા 'બી' વર્ગમાં અપગ્રેડ કરાઈ છે.

નવી આઠ મહાનગરપાલિકા

૧. આણંદ
૨. વાપી
૩. મહેસાણા
૪. નડિયાદ
૫. નવસારી વિજલપોર
૬. સુરેન્દ્રનગર
૭. મોરબી
૮. ગાંધીધામ
૯. પોરબંદર-છાયા

રાજ્યમાં આખી નકલી EDની ટીમ પકડાવાના મામલે રાજકીય વોર-ડ્રામા જારી

"આપ" પાર્ટીના નેતાના નામ ખૂલ્યાની વાતને લઈ ઈટાલિયા સહિતના નેતાઓ સામેથી હાજર થવા પહોંચ્યા

પોલીસ મથકે પહોંચી ન્યાયિક જવાબની માંગ સાથે કર્યા ધરણા; પોલીસે કહ્યું; બોલાવીએ ત્યારે આવજો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં આખી નકલી ટીમ ED ટીમ ઝડપાઈ જવાના ચર્ચાસ્પદ મામલામાં રાજકીય વોર શરૂ થઈ જવા સાથે રોજ-રોજ આક્ષેપભર્યા નિવેદનો સાથેના રાજકીય ડ્રામાં જોવા મળી રહ્યા છે. તેમાં પોલીસ તપાસમાં 'આપ' પાર્ટીનો નેતાના નામ ખૂલ્યા હોવાની વાત કરતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો હતો ત્યારે રાજકીય આક્ષેપબાજી વચ્ચે હવે આ બાબતે આજે પોલીસ તપાસમાં નામ ખુલ્યું હોવાની વાતને લઈ "આપ પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયા અને મનોજ સોરઠીયા સહિતના આપના નેતાઓ સમર્થકો સાથે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસ મથક ખાતે ધરણા પર બેસી ન્યાયિક જવાબની માગણી કરવામાં આવી હતી. જોકે, આ સમગ્ર મામલે પૂર્વ કચ્છ પોલીસે મૌન ધારણ કરી લીધું છે. ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે પહોંચેલા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટલીયાએ પત્રકારો

સાથેની વાતચીતમાં પોતાની નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજથી દસ દિવસ પહેલા કચ્છમાં જે નકલી ઈડીની ટીમ પકડાઈ, તેમાં પોલીસે તેની રૂટિન તપાસ દરમિયાન કેટલાક આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પરંતુ ઘટનાના દસ દિવસ બાદ આ કેસના આરોપીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આપનો કાર્યકર હોવાનો દાવો કરતું એક્સ પોસ્ટ (ટ્વિવટ) કર્યું હતું. વધુમાં તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ત્યારબાદ ગૃહમંત્રીના ઈશારે કચ્છ પૂર્વ પોલીસ વડા દ્વારા અંગત વીડિયો મુલાકાતમાં નિવેદન આપી આરોપીએ ચોરીના પૈસા "આપ"ને આપ્યા હતા, અટલે કે મને ઈટાલીયાને આપ્યા હતા. આ માટે મારી અને આપના નેતાની પૂછપરછ થશે. આ વાત માત્ર આપની છબી ખરડાય અને પાર્ટીને નુકસાન થાય તે માટે જ તેઓ દ્વારા કરવામાં આવી છે. આ તમામ આક્ષેપ ખોટા છે. હું કોઈ ગુનો કરતો નથી અને કરવાનો પણ નથી, તેથી સામે ચાલીને પોલીસ સ્ટેશને મારૂં નિવેદન આપવા આવ્યો છું. આપના અગ્રણી નેતા ગોપાલ ઈટાલીયા સાથે પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય હેમંત ખવા, કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડા, પ્રદેશ સંગઠન મંત્રી સંજય બાપટ, પ્રદેશ ટીમ અને પૂર્વ પશ્ચિમ કચ્છના તમામ હોદ્દેદારો ગાંધીધામ એ ડિવિઝનમાં પહોંચ્યા હતા અને આ મામલે પોલીસનો ખુલાસો પૂછી પૂછવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પોલીસની પ્રતિક્રિયા જાણવા પૂર્વ કચ્છ (પૂર્વ) એસ.પી. સાગર બાગમારને ફોન કરતા તેમનો ફોન કોલ બે વખતનો રિપ્લાય થયો હતો. જ્યારે ગાંધીધામ એ ડિવિઝન પી.આઈ. એમડી. ચૌધરીનો ફોનનો-રિપ્લાય થયા બાદ સતત કટ થતો રહ્યો હતો. પૂર્વ કચ્છ પોલીસે જાણે મૌન ધારણ કરી લેતા અનેક સવાલો ઊભા થવા પામ્યા છે. અલબત્ત આપ પાર્ટીના સંજય બાપટે જણાવ્યું હતું કે, પોલીસ અધિકારીએ ચેમ્બરથી બહાર આવી અમેતમને બોલાવ્યા નથી, બોલાવીએ ત્યારે આવજો એટલું કહી પરત તેમની ચેમ્બરમાં જતા રહ્યા હતા.

સરકારના નાણાં વિભાગે પરિપત્ર જારી કરી ડીએ વધારાની કરી જાહેરાત

રાજ્યના છઠ્ઠા પગાર પંચ હસ્તકના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કરાયો વધારો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સરકારે કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. છઠ્ઠા પગાર પંચ હસ્તકના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો કરાયો છે. આ સાથે પાંચ માસની તફાવતની રકમ ડિસેમ્બરના પગાર સાથે જાન્યુઆરી માસમાં ચૂકવાશે. સરકારના આ નિર્ણયને લઈ નાણાં વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. નાણાં વિભાગના પરિપત્રમાં જણાવાયું છે કે, ''નાણાં વિભાગના તા.૦૪/૦૭/૨૦૨૪ના સરકારી ઠરાવથી છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓને તા.૧/૧/૨૦૨૪ની અસરથી ૨૩૯% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. પુખ્ત વિચારણા બાદ, રાજ્ય સરકારે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૧/૭/૨૦૨૪થી નીચે મુજબ વધારો કરીને ચૂકવવાનું નક્કી કરેલ છે. કર્મચારીઓના કિસ્સામાં, ડિસેમ્બર-૨૦૨૪ માસથી ૨૪૬% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪ માસ સુધીના કુલ- ૫ માસના તફાવતની રકમ ડિસેમ્બર માસના પગાર સાથે (પેઈડ ઈન જાન્યુઆરી-૨૦૨૫) ચૂકવવાની જાહેરાત કરાઈ છે. વધુમાં પરિપત્રમાં જણાવાયું છે કે, ''રાજ્ય સરકાર હેઠળના પેન્શનરોના કિસ્સામાં, જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪સુધીના કુલ- ૫ માસના સમયગાળાની મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ઉપર જણાવ્યાં મુજબ ચૂકવવાની રહેશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા હોય તેઓને આ ઠરાવની જોગવાઈ મુજબ વધારો મળવાપાત્ર થશે''. ''પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઈએ'' તેમ પરિપત્રમાં વધુમાં જણાવાયું છે.

૧ જુલાઈ ૨૦૨૪થી મળશે વધારો, પાંચ માસનું એરિયર્સ ડિસે.ના પગાર સાથે અપાશે

અમદાવાદમાં BZ જેવું કૌભાંડ થયું હોવાનો આક્ષેપ

૬ વર્ષે નાણા ડબલ કરી આપવાનું કહેનારી ખાનગી કંપનીનું ઊઠમણું : જામનગરના ૩૦ લોકો શિકાર

જામનગરની ઓફિસ બંધ જોતા ૩૦ જેટલા રોકાણકારોએ અમદાવાદ પહોંચી હોબાળો કર્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં પણ BZ જેવું કૌભાંડ થયું હોવાની આશંકા સેવાઈ રહીછે. ૬ વર્ષે નાણાં ડબલ કરી આપવાનું કહેનારી ખાનગી કંપનીએ ઉઠમણું કરી લીધા હોવાના સમાચાર વહેતા થતા આ કંપનીમાં રોકાણ કરેલું છે એવા જામનગરના ૩૦ જેટલા લોકો અમદાવાદ ખાતે કંપનીની ઓફિસે આવી પહોંચ્યા હતા. ૬ વર્ષમાં નાણાં ડબલ કરવાની લાલચ આપી હતી. જામનગરની ઓફિસ બંધ જોવા મળી એટલે ભોગ બનનાર અમદાવાદ પહોંચ્યા હતા. અમદાવાદની યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા લિમિટેડે ૬ વર્ષે નાણાં ડબલ કરવાની લાલચ આપી લોકો પાસે લાખો રૂપિયા રોકાણ કરાવી આ નાણાં ચાઉ કર્યાના આક્ષેપ થયા છે. રોકાણકારોની FD પાકી ગયાના ૩ વર્ષ વીતી ચુક્યા હોવા છતાં કંપનીએ રોકાણકારોને કાણી પાઈ આપી નથી. જામનગરમાં આવેલી યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયાની ઓફિસ પણ બંધ કરી દેવાતા જામનગરના ૩૦ જેટલા રોકાણકારો અમદાવાદ ખાતે આવેલી યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયાની મુખ્ય ઓફિસે આવી પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. રોકાણકારોએ આક્ષેપ લગાવ્યો હતો કે જયારે જયારે અમે નાણા લેવા માટે આવીએ છીએ ત્યારે કંપની દ્વારા નાણાં મળી જશે એવું આશ્વાસન આપવામાં આવે છે અને અમારે ધક્કા ખાવા પડી રહ્યા છે. જામનગરના રોકાણકારોએ અમદાવાદની ઓફિસે હોબાળો કર્યા બાદ કંપનીના ડાયરેક્ટર ઉત્કર્ષ રાયએ ખુલાસાઓ કરતા જણાવ્યું હતું કે રોકાણકારો પાસેથી કાયદામાં રહીને નાણા લેવામાં આવ્યા છે, તેમના નાણા અમારી પાસે સલામત છે અને આવનારા ૬ મહિનામાં તમામ રોકાણકારોને તેમના નાણા પરત કરી દેવામાં આવશે. ઉત્કર્ષ રાયે કહ્યું કે કોરોના પછી કંપનીની સ્થિતિ થોડીક બગડેલી જોવા મળી હતી. અમે હોટલના ઉદ્યોગ સાથે જોડાયેલા છીએ અને કોરોના સમયમાં હોટલો બંધ કરવાનો વારો આવ્યો હતો. હાલ કંપનીની પરિસ્થિતિ સારી છે અને કંપની મજબૂત સ્થિતિમાં આવી રહી છે. BZની જેમ યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા દ્વારા રોકાણ કરાવનાર એજન્ટોને કમિશન અપાતું હતું. રાજકોટના એ ડિવિઝન પોલીસ મથકે કંપની સામે નવેમ્બર મહિનામાં ઠગાઈની ફરિયાદ નોંધાઈ છે. FDની રકમ પાકતી મુદતે ન આપી ૫.૨૦ લાખની કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાજ્યની પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનના નિયમો હળવા કરવા ભલામણ

શિક્ષણ બોર્ડના પૂર્વ સભ્યએ મુખ્યમંત્રીને પત્ર લખી નિયમો હળવા કરવા રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

રાજ્યની પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનના નિયમો હળવા કરવા માટે બોર્ડના પુર્વ સભ્યએ મુખ્યમંત્રીને ભલામણ કરી છે. ભૂતકાળમાં ધોરણ-૮ને પ્રાથમિક વિભાગમાં સમાવવામાં આવ્યો ત્યારે માત્ર સોગંદનામુ રજૂ કરી મંજુરી આપવામાં આવી હતી. જેથી પ્રિ-સ્કૂલો માટે પણ આ જ રીતે માત્ર સોગંદનામુ લઈને મંજૂરી આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં આવેલી પ્રિ-પ્રાઈમરી સ્કૂલોના રજિસ્ટ્રેશન માટે સરકારે નિયમો બનાવ્યા બાદ તેના આધારે સ્કૂલોને રજિસ્ટ્રેશન કરવા માટે સુચના આપી હતી. જોકે, રજિસ્ટ્રેશન માટેના નિયમોમાં ભાડા કરાર તથા નોંધણી ફી સહિતના મુદ્દે સંચાલકોમાં રોષ ફેલાયો હતો. શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલોને રજિસ્ટ્રેશન માટે એક વર્ષનો સમય આપ્યો હતો. પરંતુ નિયમોને લઈને સંચાલકોએ રજિસ્ટ્રેશન ન કરાવવાનું નક્કી કર્યું હતું. રજિસ્ટ્રેશન માટેના નિયમોને લઈને શિક્ષણ બોર્ડના પુર્વ સભ્ય ડો. પ્રિયવદન કોરાટે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, સરકાર દ્વારા નવી અથવા કાર્યરત પ્રાથમિક શાળામાં પ્રિ-પ્રાઈમરી વિભાગ શરૂ કરવા માટેના નિયમો જાહેર કરવામાં આવેલા છે. જેમાં ખાસ કરીને રજિસ્ટર્ડ ભાડા કરાર જેવી જોગવાઈઓ જૂની શાળાઓ માટે અમલ કરવો શક્ય ન હોવાનું જણાવાયું છે. ભૂતકાળમાં શરૂ થયેલી શાળાઓમાં ભાડા કરાર સાદા કાગળ ઉપર, સ્ટેમ્પ પેપર ઉપર કે નોટરી દ્વારા કરવામાં આવેલા હતા. મકાન ભાડાને કારણે કોઈ શાળા કે મંડળને વિવાદ થયો હોય એવું હજુ સુધી ધ્યાને આવેલું નથી. અગાઉના વર્ષોમાં ધોરણ-૮નો પ્રાથમિક વિભાગમાં સમાવેશ થતાં શાળા દ્વારા માત્ર સોગંદનામું રજૂ કર્યે પ્રાથમિક શાળામાં ધોરણ-૮ મંજૂર કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલી હતી.

મહિલા ત્રણ બાળકો સાથે ટ્રેક પર હતી ત્યારે અચાનક ટ્રેન આવી

રેલવે ટ્રેક ક્રોસ કરતા સમયે ટ્રેનની અડફેટે બે બાળકોનાં મોત : એકનો બચાવ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

મોરબી રેલવે ટ્રેક પર અવારનવાર અકસ્માત સર્જાતા હોય છે. આવો જ એક બનાવ મોરબીના હળવદમાં બન્યો છે. જ્યાં એક મહિલા રેલવે ટ્રેક પરથી બાળકોને લઈને પસાર થઈ રહી હતી. ત્યાં ટ્રેનની અડફેટે આવી ગઈ હતી. આ ઘટનામાં બે બાળકોના મોત નિપજ્યા છે જ્યારે મહિલાએ એક બાળકને બચાવી લીધું હતું. આ દુર્ઘટનામાં મહિલા પોતે પણ ઘાયલ થઈ હતી. હળવદના રણજિતગઢ અને કેદારીયા વચ્ચે રેલવે ટ્રેક પરથી ક્રોસિંગ દરમિયાન આ બનાવ બન્યો હતો. મંગુબેન બજાણીયા નામના મહિલા ત્રણ બાળકો સાથે ટ્રેક પર હતા ત્યારે અચાનક ટ્રેનની અડફેટે ચઢી ગયા હતા, અકસ્માતમાં ઘાયલ થયેલ મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, આ અકસ્માતમાં મંગુબેનના દોઢ વર્ષના બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો. જ્યારે ૫ વર્ષની દીકરી તથા ૩ વર્ષના દીકરાનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ થતાં પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. મહિલા કોઈ કામથી રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી કે કેમ તે અંગેની તપાસ પણ કરવામાં આવશે. રેલવે ટ્રેક પર બનેલા અકસ્માતમાં પરિવાર પર આભ તૂટી પડ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. પરિવારે બે બાળકો ગુમાવતા ગમગીની છવાઈ ગઈ છે. આ બનાવ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરી ઘટના બનવાનું કારણ શું હતું તેની તપાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કેટલાક લોકોની બેદરકારીના કારણે અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે આજરોજ રેલવે ક્રોસ કરતા દરમિયાન તેમની માતાની સામે બે બાળકોનાં મોત થતા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

દર્દભરી અપીલ ઇકરા પ્રાથમિક શાળા, દાદરી, તરસાડી, કોસંબા

Bank Details
PUBLIC EDUCATION & MEDICAL TRUST KOSAMBA.
Savings A/c. No: 220001001599, IFSC: GSCB0UKMCBL
Bank Name: THE KOSAMBA MERCANTILE CO-OP. BANK LTD.

-: આપ અમારી ઝુંબેશમાં કઈ રીતે મદદરૂપ થઈ શકો છો ? : -

★ અમારી ટીમ માટે હંમેશા તમારી દુઆઓ અને સલાહ સુચનો ફાયદાકારક બની રહેશે.
★ આપ અમારા સ્કૂલના કોઈ પણ એક ટીચરના પગાર ખર્ચની જવાબદારી ઉપાડી શકો, જેના આશરે વાર્ષિક ૮૦થી ૯૦ હજાર રૂ. થાય છે.
★ કોઈ પણ એક સ્ટુડન્ટનો વાર્ષિક ખર્ચ ઉપાડી શકો, જે માટે ૪૮૦૦ રૂ. ચુકવી શકો છો.
★ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો માટે યુનિફોર્મ, શૂઝ, નોટબુક્સ, દફતર, લંચ બોક્સ તેમજ બીજી જરૂરિયાતનું વિતરણ કરી શકો છો.
★ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો માટે નાસ્તા તેમજ જમવા માટે એક વખતના દાવતની વ્યવસ્થા કરી શકો છો.
★ સ્કૂલમાં મેડિકલ કેમ્પનું આયોજન કરાવીને પણ તમો અમારી મદદ કરી શકો છો.
★ ઝકાત, સદકાત, લિલ્લાહ અતિયહની નાની મોટી રકમ મદદ પેટે મોકલી અમારા સહાયરૂપ બની શકો છો.
★ મદદ મોકલવા તેમજ અમારી મુલાકાત માટે આ સરનામે સંપર્ક કરવોઃ

ઇકરા પ્રાથમિક શાળા, આરઝૂ સોસાયટી, દાદરી, તરસાડી, કોસંબા.
મો. નં. +૯૧ ૭૬૦૦૩ ૦૭૦૧૦ - +૯૧ ૯૪૦૮૭ ૪૬૬૬૪

● સંસ્થાપક : જનાબ ઇબ્રાહિમ યુનુસ દાવજી ● સંચાલક : મો. ખલીલ અહમદ લુલાત નદવી

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS